'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ભાગવતી ભક્તિનો ચમત્કાર

|| ૫ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


તામસી-રાજસી-સાત્ત્વિકી ભગવદ્ભક્તિ, લૌકિકી-લોકોત્તર દયા

હું કરતો નથી - મારા વડે કરાય છે.

'અહં કરોમિ ।' ભાવ છોડીને 'મયા ક્રિયતે ।' ભાવ ભક્તિનો સૂચક છે. ફલરૂપી કાર્ય, ક્રિયારૂપી કર્મ અને કર્તારૂપી કારક જ્યારે પ્રભુસાપેક્ષ થઈ જાય છે, ત્યારે પ્રભુની કૃપા અને પ્રભુના પ્રસાદરૂપી બંને ભુજાઓ વડે ઉંચકાઈને જીવ ભીષણભવોદધિને તરી જાય છે. પરબ્રહ્મ અને તેના સ્વભાવબ્રહ્મ એ જ બધું કરે અને કરાવે છે. પરવશ એવા જીવે તો ફક્ત ભક્તિ વડે કૃપા અને પ્રસાદ મેળવીને જ પરમશાંતિને પ્રાપ્ત કરવાની રહે છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ભાગવતી ભક્તિનો ચમત્કાર

॥ ૫ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ


તામસી-રાજસી-સાત્ત્વિકી ભગવદ્ભક્તિ, લૌકિકી-લોકોત્તર દયા

- **PARAM BHADRANKAR BHAGVATI BHAKTI NO CHAMATKAAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Prabhu-Bhakti.

  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 5**

  Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**



  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot



  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra



# ભક્તિ-ભાગીરથીમાં સદ્યસ્નાતા કલ્યાણમયી ચિંતનોનું મંગલકારી પ્રાગટ્ય



'ભક્તિ' વિષયક અદ્ભૂત ચિંતનોનો ખજાનો એટલે જ પ્રસ્તુત આ લઘુગ્રંથ. અમારા દાદાગુરૂ-વીસમી સદીના અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના અંતરતમથી નીપજેલાં ઉપરાંત અન્ય ચિંતકોના હસ્તલિખિત ચિંતનો સૌને ભક્તિમાર્ગમાં પ્રવેશ કરાવી ભાવિત બનાવે તેવા છે. આવો, તેમાંથી કેટલાક ચિંતનોમાંથી પસાર થઈએ:

'तस्यैवाऽहं (दासोऽहं-દાસભાવ), तवैवाऽहं (सोऽहं-સખ્યભાવ), त्वमेवाऽहं (ૐ-અભેદભાવ) એ ભક્તિની ૩ ભૂમિકાઓ છે. ભક્ત પાસે જો પ્રેમસ્વરૂપાભક્તિ વિદ્યમાન છે, તો ભક્તના હૃદયમાં ભક્તિચન્દ્રિકાના સહજ ઉદયથી દયાસિન્ધુમાં લહરીઓનું ઉઠવું સ્વાભાવિક છે.' 'બધી સહજ વૃત્તિઓ જ્યારે પ્રભુસમર્પિત થઈ જાય, ત્યારે તે ભક્તિ કહેવાય.' 'ભક્તિ કરતાં કરતાં જ્યારે પ્રાણીમાત્રમાં આદરબુદ્ધિ ઉત્પન્ન થઈ જાય, ત્યારે શીઘ્ર શુભફળની પ્રાપ્તિ થાય છે.' 'સર્વ પ્રાણીઓમાં ભગવદ્ભાવ તથા ભગવત્તત્ત્વનું દર્શન થાય, ત્યારે તે ભક્તિ ઉત્તમ ભક્તિ કહેવાય છે.' 'શ્રી જિનેશ્વર ભગવંતો પ્રત્યે ભક્તિ ન હોવી, એ પણ ગુન્હો છે, કેમકે સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ પ્રભુની કરૂણાનું જ છે.'

આવા શ્રેષ્ઠ ચિંતનોના અપૂર્વ પ્રકાશનમાં સુશ્રાવક **પારસભાઈ**એ પોતાના ઉપકારી માતુશ્રી **જયાબેન** તથા પિતાશ્રી **ચુનીલાલ દોઢીયા**ની જ્ઞાનસાધના માટે લાભ લીધો છે, તે ઉપરાંત રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**એ ગ્રંથનું સંકલન કરી જબ્બર જ્ઞાનભક્તિ, ગુરૂભક્તિ દર્શાવી છે, તેમની અનુમોદના.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

'ભક્તિ' એટલે વિશિષ્ટ ગુણવાળા પંચપરમેષ્ઠિના ગુણોમાં અનુરાગ કરીને અહંનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની ક્રિયા.

તેનું પ્રયોજન ગુણપ્રાપ્તિ, જેમાં ભક્તનો અનુરાગ રહે.

ભક્તિ એ દૈવતત્ત્વ છે.

કષાયોને જીતી આત્માને જીતવાનો જે માર્ગ સ્થાપે છે,
તેવા તીર્થંકરોની ભક્તિ સર્વથી અધિક છે.

ભક્તિ કરતી વખતે અનુરાગની પ્રધાનતા છે,
જ્યારે ધ્યાન ધરતી વખતે સિદ્ધાંતની પ્રધાનતા છે.

અનુરાગ વિના ભક્તિભાવ કે સ્તવન-પૂજનાદિ કેવા?

ભક્તિમાર્ગ ગુણો ઉપર કેવળ અનુરાગ કરીને જ નહીં,
કિન્તુ ગુણોનો સાક્ષાત્કાર કરીને જ તે અટકે છે.

ભક્તિમાર્ગની ખાસ આવશ્યકતા પોતાના અશુભ -
ભાવોને રોકી શુભ ભાવોને ભાવવાના સાધન તરીકે છે.

ચિત્તની ચંચળતાને રોકી, તેને સ્વચ્છ કરી પરમાત્માની
ભક્તિમાં ઓતપ્રોત બનવું, એ જ મોટો ચમત્કાર.

ભક્ત સર્વથી ચઢીયાતો છે, તે જ્ઞાનીને આસુરી માને છે.

'હું આનંદસ્વરૂપ છું' એટલે સુખ મેળવવાને માટે
મારે જગતના પ્રાણી - પદાર્થોની આવશ્યકતા ન હોય.
'હું શરીર નહિ' એટલે જન્મ, મૃત્યુ, જરા ને વ્યાધિ
મને પીડા આપી શકે નહીં. 'હું પ્રાણ નહિ' એટલે
ક્ષુધા, તૃષા, શીતોષ્ણ મને વ્યાકુળ કરી શકે નહીં.
'હું ઈંદ્રિયો નહિ' એટલે વિષયના સંયોગ - વિયોગ,
જન્મ, સુખ અને દુઃખ મને સ્પર્શ કરી શકે નહીં.
'હું અંતઃકરણ નહિ' એટલે શોક - મોહ, રાગ - દ્વેષ,
કર્તા - ભોક્તા વગેરે ધર્મો મારા સુધી પહોંચી શકે નહીં.

'હું છું કે નહિ?' એવો સંશય ક્યારેય થતો નહિ.
આત્મા પ્રત્યક્ષ છે, અન્યથા 'હું છું' એવો પ્રત્યય ન ઘટે.

કર્તૃત્વાભિમાનનો નિરાસ કરવા એમ વિચારવું કે:
પોતાનું વર્તમાન જીવરૂપ સ્વરૂપ ખોટું છે અને
સાચું સ્વરૂપ તો શુદ્ધ આત્માનું રૂપ છે.
'હું શુદ્ધ છું' એ વિચારનું સૂક્ષ્મ અભિમાન પણ
દુરુપયોગ કરી ન જાય, તે ખાતર ઈશ્વરાર્પણ વિધિ છે.

## ભક્તિનું મૂળ કારણ શું ?

ગીતાગ્રંથ વાસનામુક્તિને ભક્તિનું કારણ માને છે, જ્યારે ધર્મ ભક્તિને વાસનામુક્તિનું કારણ માને છે. ભક્તિ એ બધા સાધનો કરતાં શ્રેષ્ઠ છે, કારણકે મનને સતત જોડાયેલું રાખવા માટે ભક્તિ અપરિહાર્ય છે.

## ભક્તિ અને પૂજા

જીવ એ જ શિવસ્વરૂપ ઈશ્વર છે. ભક્તિ અને પૂજા જો કરવા જ છે, તો પોતાના આત્માની કરો. પોતાના આત્માને રાગ અને દ્વેષ, મોહ અને માયા, તૃષ્ણા અને લાલચ મુક્ત કરો, એનાથી ચઢીયાતી બીજી કોઈ પૂજા, કોઈ ભક્તિ શ્રેષ્ઠ નથી. સદ્ગુરુના સાંનિધ્યમાં રહી આત્માનો સાક્ષાત્કાર કરવો, એ જ ભક્તિ છે, એ જ પૂજા છે, એ જ સ્તુતિ છે. મુક્તિનું કારણ ભક્તિ, ભક્તિનું કારણ જ્ઞાન અને જ્ઞાનનું કારણ કર્મ છે.

કર્મથી ચિત્તશુદ્ધિ, તેથી જ્ઞાન અને ભક્તિ જાગે છે.

## ભક્તિનું સાધન વિરક્તિ છે.

વિરક્તિ વિષયોની કઠિનતા - અલ્પતાના ભાનથી થાય.

અનુકંપા સાથે ભક્તિ બહુ સમકીતનું લક્ષણ છે.

ભક્તિ સાથે ભાવ ભાવવા ઈશ્વરસાધનાનું ભાન જોઈએ.

મોટાંની ભક્તિમાં તો જ ભાવ આવે કે

ભક્તને ઇચ્છા બહુ મોટી હોય.

'જન્મ-મરણનું નિવારણ અને આત્માનું ભાન,

એ બે ઇચ્છા એક જ સત્તાની બે બાજુ છે.

તે તો ભગવાનની જ ભક્તિનું ફળ છે, બાકીની નહીં'

ઉચિત સમજ અને શ્રદ્ધા ભક્તિમાં ભાવ વધારે છે.

ભક્તિ ઉત્તમ આલંબનોની હોય છે તથા

ભાવ ઉત્તમ ઇચ્છા ઉપર આધાર રાખે છે.

'ભક્તિ ભાવસહિત જોઈએ' એનો અર્થ એ છે કે:

મોક્ષની આકંઠ ઇચ્છા હોવા ઉપરાંત

તેના પરમ સાધના બહુ ભાવસહિત હોવા જોઈએ.

જિનભક્તિનું મૂળ તથા ફળ સમ્યગ્દર્શન કે સદ્વિવેક છે.

'ભક્તિ વાઢ પ્રતિપત્તિહેતુ, હૃદય પ્રેમ બહુમાન.'

અહીં બહુમાન એ લક્ષ છે, તે પ્રેમથી બને છે.

પ્રેમ ઇષ્ટ વસ્તુ ઉપર જ હોય છે.

તેને મેળવી આપનાર વસ્તુ પર પણ પ્રેમ થાય છે.

એનું નામ યથાર્થ ભક્તિ - બાકી બધી દ્રવ્યભક્તિ છે.

સ્ત્રીને પુરુષ પર મોહ થાય છે, સ્ત્રી પર થતો નથી.

માયા કૃષ્ણ ભક્તિથી ડરે છે, બાકી સાધનોથી નહીં.

ભગવાનને ભક્તિ પ્રિય છે, માયા પ્રિય નથી.

તેથી ભક્તની ભક્તિ આગળ માયા પરાજીત થાય છે.

ભક્તિ ભજનરૂપ અથવા સેવનરૂપ છે. વિભજનમાંથી અવિભજનમાં જવું - વિભક્તમાંથી અવિભક્ત થવું, તેમાં બુદ્ધિને જરાપણ અવકાશ નથી.

આદર, બહુમાન, પ્રીતિ, શ્રદ્ધાદિ વડે ભગવાનને ભજવું, તન્મય થવા પ્રયત્ન કરવો - એ ભક્તિ છે. ભક્તિ આત્મા સાથે - જ્ઞાન બુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે.

ભક્તિ બાદ થનારૂં જ્ઞાન - એ જ સાચું જ્ઞાન છે.

## બે પ્રકારે ભક્તિ : પરમાર્થ અને વ્યવહારભક્તિ.

પારમાર્થિક દ્રષ્ટિએ ભક્તિ એટલે એક એવું દર્શન કે જે વડે પરમાત્મા અને આત્મા, ભગવાન અને ભક્ત - બન્ને અભિન્ન અને એકસમાન લાગે.

વ્યવહારિક દ્રષ્ટિએ ભક્તિ એટલે કર્મબંધનથી મુક્ત થવા માટે મુક્ત આત્માની ભક્તિ. જીવ કર્મથી બંધાયેલો છે, તેથી તેણે કર્મમુક્ત પરમાત્માની ભક્તિ અનિવાર્ય છે.

વીતરાગની ભક્તિથી રાગ ઘટે છે અને રાગનું મૂળ એટલે કે મોહનીય કર્મ ક્ષય પામે છે.

## કોની ભક્તિ કરવી?

ભક્તિ માત્ર જ વ્યક્તિવિશેષ કે અમુક ધર્મ કે પંથમાં વર્ણવેલા ઈશ્વરના સ્વરૂપની જ કરવી જોઈએ તેમ નથી, તેના બદલે કોઈપણ ઉચ્ચ ધ્યેય અથવા ઉદાર આદર્શ પણ ચાલી શકે.

'યથાભિમતધ્યાનાદ્વા ।' કોઈપણ ઇષ્ટ વસ્તુના ધ્યાન, ભક્તિ કે ઉપાસનાથી કાર્ય સિદ્ધ થઈ શકે છે.

## અતર્ક્ય છે ભક્તિતત્ત્વ!

કોઈક પરમાત્માને આશ્ચર્યસહિત જુએ, બીજો કોઈ
તેમને આશ્ચર્યસહિત વર્ણવે, બીજો કોઈ સાંભળે છે
અને સાંભળવા છતાં પણ કોઈ એને અનુભવતું નથી.
આ સ્થિતિમાં ભક્તિતત્ત્વનું - તેમાં પણ ભાગવદ્ભક્તિના
રહસ્યનું કે જે સમસ્ત આકર્ષણોનું જ કેન્દ્રબિન્દુ છે,
તેનું વર્ણન કઈ રીતે થઈ શકે?

ભક્તિતત્ત્વ એ વર્ણનનો યા તર્કનો વિષય નથી,
ફક્ત સમજવું એ જ એનું ખરું તર્ક છે.
ભક્તિ એ શ્રદ્ધા, વિશ્વાસ, રુચિ, પ્રેમનો વિષય છે.

બુદ્ધિનું કામ છે વસ્તુનું વિભક્તિકરણ - પૃથક્કરણ,
જ્યારે હૃદયનું કામ છે ભક્તિકરણ - એકીકરણ.
બુદ્ધિનું કામ છે અલગ અલગ કરીને જાણવું,
જ્યારે ભક્તિનું કાર્ય છે 'लगकर जानना |'
એક થઈને જાણવું અને ગુરુના વચનથી જાણીને
'मानकर लगाना |' અર્થાત્ પ્રભુથી જોડાવું - લાગવું.

ભક્તિ સ્વીકાર ઉપર - બુદ્ધિ અસ્વીકાર ઉપર ચાલે છે.

આપણે પ્રભુને અપનાવ્યા, પોતાના કરીને માનીશું નહીં, તેમનું સ્વાતંત્ર્ય અથવા વર્ચસ્વ નહીં કરીએ, ત્યાં સુધી ભગવાનની ભક્તિ કેવી રીતે થશે ? આસ્તિકતાનો અર્થ જ એ છે કે 'अस्ति इति मतिः।' માની લેવું કે છે અને પછી તેમાં લાગી જવું, તો જ વસ્તુની પ્રાપ્તિ થાય. ભક્તિમાં માનીને જાણી શકાય, જ્યારે બુદ્ધિતત્ત્વમાં જાણીને પછી માની શકાય છે. 'सर्वोऽहं सर्वभूतेषु।' અથવા તો 'शिवो आत्मा।' એ સમ્યગ્ ભાન છે. ભક્તિતત્ત્વનો તે પ્રાણ છે. ભક્તિતત્ત્વનો આનંદ લેવા માટે આસ્તિકતાના આદર્શને અપનાવવો પડશે અને ત્યાંથી જ તેનો પ્રારંભ થશે. માની લો કે ભગવાન પરિપૂર્ણ સર્વાંગસુંદર છે, જ્ઞાન-વૈરાગ્ય - ધર્મ અને ઐશ્વર્યના સ્વામી છે. ગ્રંથ અને શાસ્ત્રો કહે છે કે ઋષિઓ એને સાક્ષાત જોયાં છે, તેથી મન - વચન અને કાયાથી એમાં લાગી જાઓ.

## ભગવાનની પણ કસોટી છે.

જે ભક્ત બનાવે અથવા ભક્તિ આપે, તે ભગવાન.

ભક્તિના પ્રાદુર્ભાવે કુળ પવિત્ર થાય, ધરતી પુનિત બને.

પૃથ્વી જ્યારે પાપના ભારને સહવા અસમર્થ બને છે,

ત્યારે તેવા ભક્તોના જન્મની રાહ જુએ છે.

તીર્થો, શાસ્ત્રો અને સત્કર્મોને ભક્તોથી સાર્થકતા મળે છે.

કૃપણ પિતા પોતાનો ખજાનો સૌની સમક્ષ ઉઘાડતો નથી,

તેમ શાસ્ત્રો પોતાનો મર્મ ભક્તો સમક્ષ જ પ્રગટ કરે છે.

ભક્તિ ભાવનિષ્ઠ છે, ઉપાધિનિષ્ઠ નહીં.

પ્રેમની જેમ ભક્તિ પણ એકરસ અને ઉપાધિરહિત છે.

પ્રેમ બધામાં એકરૂપ છે. ભગવાન માત્ર ભાવને પકડે છે;

જાતિ, વિદ્યા, રૂપ, ધન, કુળ કે ક્રિયાના ભેદને નહીં.

ભગવાન ભક્તિને જુએ છે.

ભક્તિથી ખરીદાતા ભગવાન ભક્તના છે, બળના નહીં.

પ્રભુને પોતાનાથી જુદો માને છે, તે પ્રભુથી દૂર ફેંકાઈ જાય છે.

વાદ કરવાની ઇચ્છા તત્ત્વને ભગાડી અનિશ્ચય ઉત્પન્ન કરે છે.

સંશયથી ઘેરાયેલાં ચિત્તમાં પ્રેમ અત્યંત જ દૂભાય છે.
આથી શ્રદ્ધાવાન અને તત્ત્વજિજ્ઞાસુ ભક્તો સ્વપ્ને પણ
સામાને જીતવાની ઇચ્છાથી ક્યારેય પણ વાદ ન કરવો.

વાદનો આશ્રય ન લેવાનાં જે કારણો છે:

વાદમાં મતવૈવિધ્યને અવકાશ છે, બુદ્ધિ સૂક્ષ્મપ્રસૂતા છે.
મતની વિવિધતા બુદ્ધિનું ભૂષણ છે પણ હૃદયનું દૂષણ છે.
ભક્ત હૃદયપ્રધાન હોય, તે બુદ્ધિના ચમત્કારને નહીં પણ
હૃદયના સંતોષને ચાહે છે. વળી બુદ્ધિ સૂક્ષ્મજન્ય હોવાથી
પરમાત્માનો પાર પામવાને માટે સદંતર અસમર્થ છે.
જ્યાં બુદ્ધિ થંભે છે, ત્યાંથી જ હૃદય આગળ ચાલે છે.
પરમાત્મતત્ત્વને માર્ગે બુદ્ધિનયન અંધતુલ્ય છે. એ માર્ગે
માત્ર હૃદયનયન સૂક્ષ્મ જ જોઈ શકતાં ગણાય છે.
ભાવ અને ભક્તિને ઉપકારી એવી બુદ્ધિ જ ગ્રાહ્ય છે,
તે સિવાયની અગ્રાહ્ય છે. વળી બુદ્ધિ તારતમ્યયુક્ત છે.

મતિ ક્ષેત્રવિષયક છે, તે કદી સઘળી ન જાણે.

પરમાત્મનિષ્ઠ મતિ તર્કથી પ્રાપ્ત કરી શકાય એવી નથી.

જ્ઞાનયજ્ઞ કરતાં ભક્તિનું ભાવનાયજ્ઞ ઊંચું છે.

જ્ઞાનબળ કરતાં ભાવનાબળ જોરદાર છે.

જ્ઞાનથી લૌકિકતા છે, ભાવનાથી અલૌકિકતા છે.

ભક્તિ એટલી બધી બળવાન છે કે સાધકોને પણ પરમધામ પ્રાપ્ત કરાવી દે છે, જ્યારે ભક્તિની સરખામણીમાં જ્ઞાન તો મરિયું બધું નબળું અને પ્રભાવહીન છે કે સાધકો અને આશ્રિતો ઉપર કંઈ અસર જ કરી શકતું નથી. એને અધિકારી-પાત્ર-પવિત્ર-શિક્ષિત વગેરે જ જોઈએ. માટે બધી રીતે જોતાં એક માત્ર ભક્તિ જ બળવાન છે.

'નાયમાત્મા બલહીનેન લભ્યતે ।'

અહીં બળનો અર્થ ભક્તિબળ છે. એને માટે જ્ઞાની થવાની જરૂર નથી પણ સ્થિતપ્રજ્ઞ - સ્થિતધી થવાની જરૂર છે.

એ સ્થિતપ્રજ્ઞતા ભક્તિ જ આપે છે.

ભક્તની બુદ્ધિ સ્થિર થાય છે, જ્ઞાનીની ચંચળ રહે છે.

ભક્તિથી ચિત્ત નિર્મળ એટલે કે વૃત્તિહીન બને છે.

ભક્તિ અને પ્રેમ જ જ્ઞાનનું મારણ છે.

રાગ એ રાગ નથી પણ આગ છે.

આ આગ જો નિયંત્રિત ન રહે, તો ભક્તિરસને જ બાળી નાંખે અને પરલોક સુધારવાનું સાધન જ વેડફાઈ જાય. હૃદય દ્વારા શુભવાસનાવાન યા વાસનારહિત થવાય છે. ભક્તિ વડે જ બધા સર્જનોમાં સરખાપણું જણાય છે અને તેમ થતાં જ પરબ્રહ્મને પામી શકાય છે.

રાગની જ્યારે રાગની મટી ભક્તિ થાય, ત્યારે શ્રેષ્ઠ થાય.

જ્યાં સુધી લેશમાત્ર પણ ભક્તની ન્યૂનતા રહે, ત્યાં સુધી ભક્તમાં વિકલત્વ, બેચેનપણું રહે જ; ભક્તલીનપણાંની અથવા ભક્તનિમગ્નતાની ન્યૂનતા એને હંમેશા સાલે જ. રાગદ્વ શુદ્ધાત્મ ભક્તમાં, અપરાભક્તિદ્વ સર્વાત્મ ભક્તમાં અને પરાભક્તિદ્વ પરમાત્મ ભક્તમાં પ્રવેશ મળે છે. પ્રભુ આગળ દીનતા એ દીનતા નથી પણ ભક્તિનું અતુલ સામર્થ્ય છે. દીર્ઘજીવી થવા કરતાં દિવ્યજીવી થવું સારું.

Electron = પ્રકૃતિ, Proton = પુરુષ,

Neutron = ભક્તિ, બ્રહ્મ = રસ, પરબ્રહ્મ = રાસ.

## ભક્તિની ત્રણ ભૂમિકાઓ

દાસોઽહં - સોઽહં - તસ્યૈવાહમ્, તવૈવાહં, ત્વમેવાહં
- એ ભક્તિની ત્રણ ભૂમિકાઓ છે.
તસ્યૈવાઽહં = દાસોઽહં (દાસભાવ), તવૈવાઽહં = સોઽહં
(સખ્યભાવ) અને ત્વમેવાઽહં = ૐ (અભેદનો ભાવ).
ભક્તિની 3 દૃષ્ટિ : દ્વૈતદૃષ્ટિ, અંશદૃષ્ટિ તથા અભેદદૃષ્ટિ.
જન, સજ્જન, મહાત્મા, સંત, પેગંબર તથા અવતાર,
ભક્ત - એ દરેક એકમેકથી ઉત્તરોત્તર અધિક છે:

(1) લાગણી ભોગ તથા માનાપમાન જે તજે, તે જન.
(2) કોઈપણ જીવનો જે અપકાર ન કરે, તે સજ્જન.
(3) અપકારી ઉપર પણ જે ઉપકાર કરે, તે મહાત્મા.
(4) ૫ વિષયો તથા ચાર કષાયોને શમાવે, તે સંત.
(5) ઈશ્વર અથવા અલ્લાહ તરફથી મળેલા પેગામને જે બધા સહુની આગળ રજુ કરે, તે પેગંબર.
(6) માનવનો દેહ સ્વયં ઈશ્વર ધારણ કરે, તે અવતાર.
(7) જેને સાહેબ ભગવાનને પણ રટવું પડે, તે ભક્ત.

અર્બુદાચલ, દેઉલવાડા, સં. ૨૦૨૬, જેઠ સુદી ૩, શનિ

અનંત અપરાધી અને અલ્પતાની પણ
પટેલ મુક્તિ મેળવે છે અને અલ્પ અપરાધી અને
મહાનતાની પણ અનંતકાળ રખડે છે,
તેમાં કારણ ભક્તિ-અભક્તિ સિવાય બીજું શું છે?
ભક્તિ આત્મસમર્પણસ્વરૂપ છે, તેથી અહં ગળી જાય છે.
સર્વ પાપનું મૂળ અહંકાર છે,
સર્વ ધર્મનું મૂળ દયા અને દુઃખિત દુઃખ પ્રહાણેચ્છા છે.
તે જેઓમાં ટોચે પહોંચી છે, તેઓને નમસ્કાર છે,
કેમકે એ ઇચ્છા વડે જ જગતમાં અસદ્વસ્તુઓનો
અભાવ અને સર્વ સદ્વસ્તુઓનો સદ્ભાવ જણાય છે.
મહાપુરુષોની કરુણા, દયા અને વિશ્વ પ્રત્યે આત્મીયતાની
ભાવના જ અશુભનો હ્રાસ અને શુભની વૃદ્ધિ કરી રહેલ
છે, તેથી તેમની કરુણાને સમર્પિત થવું, એ કર્તવ્ય છે.
એનું જ નામ 'ભક્તિ' છે. એ ભક્તિમાં અહંકારને લેશ
માત્ર સ્થાન રહેતું નથી, તેથી તે પરમ વિરાગ સ્વરૂપ છે.

ભક્તિ = આત્મા - પરમાત્માનો શાશ્વત સંબંધ જોડનાર પ્રેમ.

ભક્તિથી ધર્મ - શુક્લધ્યાન ઉત્પન્ન થાય છે.

ભક્તિ એટલે... ગુણાધિક પ્રત્યે ૮ પ્રકારનો વિનય અને આચાર્યાદિ દશ પદની વૈયાવચ્ચ માટે અશન, જલ, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, પીઠ, ફલક અને સંસ્તારકાદિ ધર્મસાધનો વડે ઉપગ્રહ કરી સેવા કરવી, ઉપરાંત ઔષધ ક્રિયા, અટવી, વિષમસ્થાન, દુર્ગ જેવા ઉપસર્ગો વખતે આચાર્યાદિ સર્વની સહાય કરવી તે.

સર્વ શાસ્ત્રોમાં ભક્તિને મુક્તિની દૂતી કહી છે, અર્થાત્ ભક્તિ વિના અહંકાર દોષમાંથી કોઈ મુક્ત થતું નથી.

જેને અહંકાર જાય, તેને અહંકાર - મમકાર દોષ ટળે જ. મોટાં જે દોષ કૃતઘ્નતા અને સ્વાર્થપરતાનું નિવારણ એક ભક્તિથી જ થઈ જાય છે. વળી તે તપ, જપ, ક્રિયાનાં અહંકારનો નાશ કરાવી સદ્ગુણોને રોપે છે. તપ, જપ, શ્રુતની બુદ્ધિમત્તા કરુણાભાવથી થાય છે, તેથી ત્યાં ઉત્થાન ન થતાં 'અનુષ્ઠાન ફલ' જેવું થાય છે.

શ્રી જિનેશ્વર ભગવંતો પ્રત્યે
ભક્તિ ન હોય, એ બહુ ગુનો છે.

સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ પ્રભુની કરૂણાનું જ છે.
સંત પુરૂષોની કરૂણા વિશ્વ ઉપર સદા વહેતી રહે છે.
જે ઉત્થાનમાં સહાય કરે છે, એમને માન્યા વિના ભક્તિ
જાગતી જ નથી અને ભક્તિ વિના અહંકાર મરતો નથી.
ભક્તિ વિના ચિત્તની શાંતિ પ્રાપ્ત થવી અશક્ય છે,
કેમકે અશાંતિનું કારણ અહંકારમાં છે.
ભગવદ્ભક્તિ પરમ વૈરાગ્યસ્વરૂપ અને વિરક્તિરૂપ
એટલા માટે છે કે તે 'અહં' પ્રત્યેના રાગની વિરોધી છે.
ગુણના વૈરાગ્યમાં અહંનો નાશ છે.
ગુણવૈરાગ્ય એ ભગવદ્‌ની જ ભક્તિ છે.

ભક્તિમાર્ગ: જ્ઞાન = સાબુ, કર્મ = અરીઠા, ભક્તિ = જલ.

આત્માનો મેલનો નાશ કરવા માટે
સાબુ કે સોડા કરતાં બહુ પાણી વધુ જરૂરનું છે.
કર્મ એ પત્ર છે, જ્ઞાન એ પુષ્પ છે, ભક્તિ એ ફળ છે.

નિમ્નલિખિત શ્રાવક ધર્મ શોભે:

દેવભક્તિ, ગુરુભક્તિ, સુપાત્રદાન અને વ્યવહારશુદ્ધિ.

શુદ્ધ વ્યવહારથી દેવભક્તિ, ગુરુભક્તિ, સુપાત્રદાન શોભે.

દેવની ભક્તિ વિભક્તિનો નાશ કરે છે.

હૃદયથી ભક્તિ કરે તો પોતાની પાસે કાંઈ ન હોય, છતાં ભક્તિ પ્રભાવે જીવનના સર્વ ઈષ્ટો સિદ્ધ થાય, કેમકે ભગવાનની ભક્તિમાં ખૂબ શક્તિ છે.

પ્રભુભક્તિથી સર્વ કર્મનો ક્ષય થાય છે.

ગુરુભક્તિ વડે, ગુરુના યોગે શાસન ચાલે છે. ગુરુ જ દેવની ઓળખ કરાવે છે, ધર્મનો પ્રતિબોધ કરે છે.

ગંગા શુદ્ધિ તનનું - મનના શુદ્ધ ભક્તિનું સ્વરૂપ છે.

ભક્તિના પ્રભાવે તનુભવત્વ પ્રાપ્ત થાય છે.

શુદ્ધ ભક્તિથી પ્રભુમિલનની પ્રબળ પ્રીતિ રૂપ અગ્નિથી ભક્તોનો મોહ નાશ હેતુ બંધાય છે અર્થાત્ પ્રથમ માયાના બંધને બંધાતો જીવ પછીથી માયામાં રહેતો હોવા છતાં માયા તેને સ્પર્શી શકતી નથી.

## ભક્તિના ત્રણ ભેદ

(1) તનુજા (2) વિત્તજા (3) ચિત્તજા (માનસી).

શ્રવણાદિ વિના ભક્તિ જાગતી નહિ અને સમર્પણ વિના દાસપણું આવતું નહિ. દાસપણું ન આવે, ત્યાં સુધી તે મેળવવા માટે અન્ય ભક્તિ ચાલુ જ રાખવી.

શ્રવણાદિથી પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન મેળવવાથી અવિદ્યા નાશ પામે છે. એ પછી સર્વથી અધિક અને સુદૃઢ સ્નેહ પ્રભુમાં થાય, તેવો સ્નેહ 'ભક્તિ' છે. સુરભક્ત દૈન્યવાળા હોય, અસુરભક્ત માનવાળા હોય.

ઈશ્વરનો આશ્રય એટલે સાધનાધિક ભક્તિનો માર્ગ.

પ્રભુની કરુણાવૃત્તિ - ભાવનાનું ધ્યાન જ આપણામાં પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ અને સ્નેહ જગાડવા સમર્થ છે. આ સામર્થ્ય જગતની બીજી કોઈ જ ચીજમાં નહિ. ભક્તિરૂપી બીજ વાવવાનું સર્વોત્તમ પાત્ર અરિહંત છે,

કેમકે વિશ્વવત્સલ પ્રકૃતિનું પરમ પ્રયોજન

સિદ્ધ કરવામાં જ તેઓનું સર્વસ્વ પર્યાપ્ત છે.

# ભક્તિ - વૈરાગ્ય - જ્ઞાન

ભક્તિ વડે વૈરાગ્ય, વૈરાગ્ય વડે વાસનાક્ષય, વાસનાક્ષય વડે કષાયક્ષય અને કષાયક્ષય વડે મનોનાશ થાય છે, જે કૈવલ્ય અને મુક્તિનું અનન્ય - અનંતર કારણ છે.

જેનામાં વૈરાગ્ય નથી, તેણે પરમાત્માની અનન્ય ભક્તિ ઉપાસના કરવી. જેમ જેમ પરમાત્મામાં પ્રીતિ વધશે, તેમ તેમ જગતના ભોગોમાં પ્રીતિ ઘટશે અને પોતાના હૃદયમાં શાંતિનું સુખ અનુભવાશે.

જ્ઞાની જ્ઞાનના બળે અને ભક્ત ભક્તિના બળે પરમાત્મ સ્વરૂપ બને છે. બંનેનું છેવટનું લક્ષ્યસ્થાન પરમાત્મપદ જ છે. બન્નેનાં સાધન પણ સમાન છે.

ભોગેચ્છાનો આત્યંતિક અભાવ જ્ઞાની અને ભક્ત - એ બંનેને માટે જરૂરી છે.

સ્વધર્મના પાલનથી શ્રદ્ધા - ભક્તિ આદિ ગુણો વિકસે અને એક પ્રકારની શિસ્ત કેળવાય છે.

કામના યા વાસના એ ભક્તિમાર્ગમાં મોટું વિઘ્ન છે.

ભક્તિ પરમ પ્રેમરૂપ છે, કેમકે
તે પ્રભુની અહૈતુકી કરુણાને જુએ છે.
ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનો ક્રમ છે.
ભક્તિ માટે જે જ્ઞાન જરૂરી છે, તે પરોક્ષ જ્ઞાન છે.
ભક્તિથી જે જ્ઞાન થાય છે, તે અપરોક્ષ જ્ઞાન હોય છે.
અપરોક્ષ જ્ઞાન શ્રુતિથી નહીં પણ ભક્તિથી મળે છે.
વૈરાગ્ય એ ભક્તિને પોષક છે અને
ભક્તિ એ વૈરાગ્યની વર્ધક છે, ત્યાં સુધી સાધક છે.
વૈરાગ્ય અને ભક્તિ અન્યોન્ય કારણ બનીને
કાર્યની સિદ્ધિમાં હેતુ બને છે.
વૈરાગ્યથી મમભાવ છૂટે - ભક્તિથી સમભાવ પ્રગટે છે
અને અહંભાવ નાશ પામે છે.
વૈરાગ્યને વિકસાવવા માટે ભેદને તથા ભક્તિને
વિકસાવવા માટે અભેદને અભ્યાસ કરવો જોઈએ.
બેમાંથી એક પણ ચૂકાય, તો આરાધના પાંગળી બને.
વૈરાગ્ય એ ભક્તિનો ઉત્પાદક અને પોષક છે.

ભક્તિભાવે જીવ સમર્પણ કરવાથી કૃતાર્થતા થાય અને
અંતઃકરણ નિશ્ચિંત સુખી થાય છે.

સર્વ સમર્થ હરિ છે. હરિ તણી સર્વ લીલા છે.
હરિ સર્વ ચિંતાનિવારક મંત્ર છે. તે સત્યસંકલ્પ છે.
હરિશરણમાં ચિત્ત રાખવાથી વિનાશનો ભય ટળે છે અને
નિત્ય નવું - શુભ થાય છે. ભક્તિમાં પ્રેમ, આસક્તિ,
સ્નેહ અને વ્યસન થવા જોઈએ. ભક્તિમાં પ્રેમ અને
સ્નેહથી સંસારનો રાગ જશે. આસક્તિથી સંસારમાં અરુચિ
થશે અને વ્યસનથી અનાત્મ ભાવો બાધક જ લાગશે.

પ્રેમ તથા સ્નેહ - (રાગનિવારક),
આસક્તિ - (અરુચિજનક), વ્યસન - (બાધક વૃત્તિ).

વિષયાક્રાન્ત દેહમાં હરિનો પ્રવેશ નથી.

જગમાં દોષ દેખાય, તે મનનો બાહુલો.
'એક ઈશ્વર શિવાય કોઈ અદોષ નથી'
એમ માનીને સર્વ ભૂતના હિતમાં રત થવું.
આખું જગત બ્રહ્મ રૂપ જ માનવું.

# સૌથી શ્રેષ્ઠ ભક્તિ કઈ?

'સૌનું ભલું ઇચ્છવું' એ ઊંચામાં ઊંચી જાતની ભક્તિ છે, છેવટમાં છેવટનું જ્ઞાન છે, પ્રભુની મોટામાં મોટી આજ્ઞા છે, મનુષ્યનું મોટામાં મોટું કર્તવ્ય છે, સર્વ મહાત્માઓનો એ ઉપદેશ છે, શાસ્ત્રોની મોટામાં મોટી આજ્ઞા છે, મોટામાં મોટો અને સહેલામાં સહેલો યોગ છે.

ભક્તિ, જ્ઞાન, આજ્ઞાપાલન, કર્તવ્યપાલન અને યોગસાધનાદિ જે ફળો મળી શકે, તે સઘળાં ફળો સર્વનું ભલું ઇચ્છવાથી મળી જાય છે. માનસિક રીતે ભલું ઇચ્છવાથી પણ જો આટલો બધો લાભ થાય, તો પ્રત્યક્ષ ભલું કરનારને કેટલો બધો લાભ થાય?

પોતપોતાનાં ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન. પ્રભુભક્તિ એટલે સૌ - સૌના ધર્મ મુજબ વર્તવું. વ્યક્તિ જે પ્રભુ માટે ચિંતા કરે, એ સંગે જો તેને ભક્તિ ન હોય, તો કરનારનો પ્રભાવ પડતો નથી. દૃષ્ટિ, પ્રીતિ અને ભક્તિ - ત્રણેનો સમન્વય આવશ્યક છે.

મોક્ષમાર્ગમાં કૃપા એ મુખ્ય છે.

એનાથું પથ્થરનું બળ જે સાધના કામ આવી શકતી નથી.

નરહોળાથી બીજા પર્વત ભેદી શકાય નહીં પરંતુ તે ઈન્દ્ર-વજ્રથી ભેદાય છે, તેમ પાપરૂપી પર્વતોને ભેદવા માટે ભક્તિરૂપી વજ્ર જોઈએ, જે બીજુ ભક્તને સાધન છે. ધર્મક્રિયાનો અહંકાર ભક્તિપ્રધાન ભક્તનાથી દૂર થાય.

સાધનનું મૂળ ભક્તિ છે અને ભક્તિનું મૂળ ભગવાન છે.

ભગવાનની શક્તિ ભક્તના હૃદયમાં અજૂટ ભક્તિ પેદા કરે છે. ભક્તિ વડે જ આત્મલાભ પ્રાપ્ત થાય છે.

'आराधितत्वेन ज्ञानं भक्तिः ।'

અર્થાત્ ભક્તિ એક પ્રકારનું જ્ઞાન છે, જે જેમાં આરાધ્ય તત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે. ભક્તો વિઘ્નોને પરંતુ ભગવાનનું રૂપ સમજે છે અથવા વિઘ્નોના નિવારણ માટે ભગવાનનું શરણ લે છે, જ્યારે જ્ઞાની જ્ઞાનનો આશ્રય કરીને એકમાત્ર બ્રહ્મની સત્તાનો અનુભવ કરવાનો પ્રયત્ન કરે છે.

ચિરકાળનો તપ, ઘણું પણ શ્રુત અને
ઉત્કૃષ્ટ પણ ચારિત્ર જો ભક્તિશૂન્ય હોય,
તો તે અહંકારનું પોષક બની અધોગતિને સર્જે છે.

ભક્તિનો ઉદય થતાં તે બધા કૃતકૃત્ય બને છે.

ભગવાનની ભક્તિમાં જેમ મોક્ષ આપવાનું સામર્થ્ય છે,
તેમ અભક્તિમાં ભવમાં ભટકાવવાનું પણ સામર્થ્ય છે,

એમ સ્વીકાર્યા વિના
ભગવાનની ભક્તિમાં જીવ કેવી રીતે લાગશે?

ભક્તિ ઉત્પન્ન કરવામાં પ્રમુખ અનુગ્રહ પ્રભુનો છે.

એ અનુગ્રહ કરવાની શક્તિ બીજા કોઈમાં પણ ન હોવાથી ભવ્ય જીવને પ્રભુ જ એક સેવ્ય, આરાધ્ય અને ઉપાસ્ય છે, તેમ જ તેમની જ એક આજ્ઞા પાલન કરવી યોગ્ય છે, આવી નિષ્ઠા પ્રાપ્ત થાય છે.

વૈરાગ્ય કરતાં પણ ભક્તિધર્મ વધુ જરૂરી એટલા માટે છે કે ઉપકારીઓના ઉપકારના સ્મરણ વિના પાત્રતા નાશ પામે.

ભક્તિમાર્ગમાં રાગ - ત્યાગમાર્ગમાં વૈરાગ્યની જરૂર પડે છે.

જિનવર પૂજા રે, તે નિજ પૂજના.

ભક્તિરસની આર્દ્રતા જ હૃદયની શુષ્કતાને દૂર કરી દે છે.
ભગવદ્ભક્તિના અવલંબનથી દાંભિકતા - ભ્રાન્ત્યાદિ દોષ
પ્રવેશતાં નથી અને આત્મધ્યાન સરલ બની જાય છે.
ભગવત્સ્વરૂપના આલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે.
તેના આલંબનથી અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે,
તેથી શુષ્કતાદિ દોષો પ્રવેશ પામતાં નથી.
ભક્તિમય અધ્યાત્મ - અધ્યાત્મમય ભક્તિમાં તે દોષ નથી.
ઝાડ પોતાને મથી પોતે અગ્નિ બને છે અને
વાટ દીપકની ઉપાસના કરી સ્વયં દીવો બને છે, તેમ
જે સંસાર, સમુદ્ર જેવો તરવો દુર્ઘટ છે, તે પુષ્ટાલંબનના
પ્રભાવે જ ગોષ્પદ જેવો તરવો સુઘટ બની જાય છે.

જ્ઞાનમાર્ગ કાચા પારા જેવો છે,
ક્રિયામાર્ગ તલવારની ધાર જેવો છે.

ભક્તિમાર્ગમાં જ્ઞાન અને ક્રિયા સમાઈ જાય છે, છતાં
ઉભયમાંનો એક પણ દોષ રહેતો નથી.

જ્ઞાનમાર્ગ ગોળ જેવો કફકારક છે,
ક્રિયામાર્ગ સૂંઠ જેવો પિત્તકારક છે અને
ભક્તિમાર્ગ જ્ઞાન અને ક્રિયા - બેના મિશ્રણથી નિપજતાં
ઔષધિની જેમ કફ નહીં, પિત્ત, એમ ઉભયનો નાશ કરે છે.
કફ અહંકારરૂપ છે, પિત્ત પરનિંદારૂપ છે.
જ્ઞાન - ક્રિયા ઉભય એકઠાં મળી પરસ્પર અનુવિદ્ધ થાય,
ક્રિયા ઉપર જ્ઞાનને - જ્ઞાન ઉપર ક્રિયાને ભક્તિ જાગે,
તો એ ભક્તિ ઉભયને ભેટાવી,
ઉભયના દોષ દૂર કરી આપે છે અને
ઉભયથી આરોગ્યરૂપી ગુણને ઉત્પન્ન થાય છે.
<u>જ્ઞાનમાર્ગ</u> દુરારાધ્ય છે. સંશય, વિપર્યય, સ્વચ્છંદ,
અતિ પરિણતિ આદિ ઘણાં દોષોના ભયયુક્ત છે.
<u>ક્રિયામાર્ગ</u> અભિમાન, આગ્રહ, મોહ, પૂજાસત્કારાદિ
અને દેહાધ્યાસાદિ દોષોને પોષનાર થાય છે.
<u>ભક્તિમાર્ગ</u> ઉભયના સમન્વયરૂપ હોવાથી
બધાં દોષો દૂર કરાવી મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.

ભક્તિમાર્ગ એ પ્રેમનો અદ્ભુત માર્ગ છે.

પ્રેમ કામનું ઉર્ધ્વસ્થિત રૂપ છે, જે આ સ્થિતિમાં પહોંચીને જ પોતાના મૂળરૂપ પ્રેમ સાથે સંબદ્ધ થઈ જાય છે. આ માર્ગમાં કામની નિમ્નતા, પ્રવૃત્તિઓનો નિરોધ અને વાસ્તવિક સ્વરૂપનો વિસ્તાર થાય છે.

ભક્તને ભગવાન છોડીને બીજું કાંઈ જોઈતું નથી. આનંદસ્વરૂપ ભગવાનમાં જ તલ્લીન - મગ્ન બનવું, એ ભક્તિમાર્ગનું સ્થાન રાજમાર્ગ - કર્મમાર્ગથી ઉર્ધ્વ છે.

ઓજ ભાવ અને બાહ્ય ભક્તિની સરખામણીમાં ભાવ એ દૃઢ અને અભંગ અભીપ્સારૂપ છે, જે નીચેથી આહ્વાન કરે છે અને ભક્તિ એ ભગવત્ પ્રસાદરૂપ છે, જે ઉપરથી તેનો ઉત્તર આપે છે.

રાજ એ રાત્રિકાલીન સંધ્યા છે, જ્યારે ભક્તિ એ પ્રાતઃકાલીન સંધ્યા છે.

મધ્ય રાત્રિની સંધ્યાને આંતર મન, અજાગૃત મન ઉપરાંત અંતઃકરણ ચતુષ્ટય સાથે ગાઢ સંબંધ છે.

'सोऽहं ममास्ति यत् किंचिदिह लोके परं च ।
तत् सर्वं भवतोरद्य चरणेषु मयार्पितम् ॥' स्तुति:

આ લોકમાં જે હું અને જે કાંઈપણ મારું શ્રેષ્ઠ છે,
તે સર્વ મારા વડે આજે આપના ચરણમાં અર્પણ કરાય છે.

ભક્તિમાર્ગ વિહંગમ માર્ગ છે, જેમાં
'હું અને મારું તમારું જ છે' એવી સમર્પણ ભાવ છે.
કર્મમાં આસક્તિને મુક્તિ માટે ભક્તિમાર્ગ કે યોગમાર્ગ છે.

બંને માર્ગે જીવ-બ્રહ્મની એકતા સિદ્ધ થાય છે.
ભક્તિમાર્ગમાં પહેલાં પૂર્વરાગ, પછી મિલન, પછી વિરહ,
પછી કાયમનું પુનર્મિલન - એમ ઉત્તરોત્તર અવસ્થા છે.

જ્ઞાનમાર્ગમાં વૈરાગ્યની જરૂર પડે છે.
યુરોપ, અમેરિકા વગેરે પશ્ચિમના દેશોના જીવનમાં અને
તેની સંસ્કૃતિ અંદર ઘણું કેટલેક ઠેકાણે વૈરાગ્યની
ભાવના ઓછી હોવાથી જેમાં વૃત્તિનિરોધ થઈ શકે,
એવા ભક્તિમાર્ગનો ક્રમ સૌથી વધારે ઉપયોગી થાય છે.
ભક્તિમાર્ગમાં વિરહભાવના ખાસ ઉપયોગી છે.

## ભક્તિમાર્ગ જરૂરી છે, કેમકે...

સ્ત્રી-પુરૂષમાં એક આત્મા હોય, તે અનુભવ સંસારીને
મળે છે, છતાં 'બધા શરીરમાં જે પોતાનો આત્મા છે'
એવો અનુભવ સંસારમાં થતો નથી, તેથી
બાલ વિરોધમાં રહી જાય છે અને ખરૂં સુખ મળતું નથી.

ભક્તિના પ્રકારોમાં સિદ્ધભક્તિની સિદ્ધ અવસ્થા
ચૈતન્યના વિકાસની આખરી હદ છે અને સાધુભક્તિની
સાધુ અવસ્થા તેનું સાધન કરનારી પ્રાથમિક અવસ્થા છે.

ભક્તિમાર્ગમાં સત્તા એક માનેલી છે, પરન્તુ
વસ્તુ અનેક (સત્તા વગરની) માનેલી છે.
વસ્તુ અનેક હોય, ત્યાં એક સત્તા માનવી મુશ્કેલ છે.
જો વસ્તુમાં એક સત્તાનો અનુભવ લેવા માટે
વિચાર કરીને પ્રયોગ કરવો પડે છે.

## 'મૈં સેવક - સચરાચર સ્વામી.'

બાલ જડજગત મારા સ્વામી છે અને હું તેનો દાસ
(સત્તા વગરનો) તેની સેવા માટે જગતમાં આવેલ છું.

## જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગમાં શું ફેર ?

જ્ઞાનમાર્ગમાં પોતાની જ બુદ્ધિએ કરેલા નિર્ણય ઉપર આસ્થા રાખવાની હોય છે, જ્યારે ભક્તિમાર્ગમાં શાસ્ત્ર કે ગુરુવચનમાં આસ્થા રાખવાની હોય છે. જ્ઞાનમાર્ગમાં તે પ્રેમને 'અભેદ ભાવના' કહે છે. સ્ત્રીઓએ શીલરક્ષા માટે સતી સીતા + દ્રૌપદીની જેમ ભગવત્પ્રેમને સદૈવ સાથે અને સાથે રાખવો જોઈએ. ઈશ્વર પ્રતિ નિરતિશય પ્રેમ તે ભક્તિ છે, માત્ર શરત એટલી કે તે પ્રેમ નિર્હેતુક હોવો જોઈએ.

## ભક્તિ અને મુક્તિગામની યોગ્યતા

ભક્તિ પૂરી પાડવાની શક્તિ જે ચૈતન્યતત્ત્વમાં રહેલી છે, 'તે ચૈતન્યતત્ત્વ પરમ ઉપકારક છે' એ ભાવના ન જાગે, તો મુક્તિગામન યોગ્યતા પ્રગટે જ કેવી રીતે? મુક્તિગામન યોગ્યતા પ્રગટાવવાને માટે ચૈતન્યની ભક્તિ અનિવાર્ય અને એ ભક્તિ પ્રગટવામાં ચૈતન્યની ઉપકાર કરવાની શક્તિ માનવી અપરિહાર્ય છે.

'ભક્તિ એ મુક્તિનું સાધન છે' એ વાક્યનો અર્થ

એ છે કે એક વાર ભગવાનનું કર્તૃત્વ સ્વીકાર્યા પછી

સાધકને અહીં જ મુક્તિ થઈ જાય છે.

એ મુક્તિ કર્મમુક્તિનું પ્રધાનકારણ છે, કારણકે એમાં

'अहं करोमि' ઇત્યાકારક અહંકારનો વિલય થઈ જાય છે.

મુક્તિનું કારણ ભક્તિ છે,

તેથી કાર્યના અર્થીએ કારણમાં અધિક પ્રયત્ન કરવો જોઈએ,

તો જ કાર્યની નિષ્પત્તિ શીઘ્ર થઈ શકે છે. એ અર્થમાં:

'પ્રત્યેક સત્કર્મ પાછળ પ્રેરણા ભગવાનની' સિદ્ધાંત છે.

'ભગવાનની પ્રેરણા'નો અર્થ એટલો જ કે

સત્કર્મ કરવાની ઇચ્છા ઉત્પન્ન થવામાં હેતુ સમસ્ત

સત્કર્મના ફલસ્વરૂપ ભગવાન પોતે જ હોય છે તે.

સૌને ભગવાનનું અસ્તિત્વ જ સત્કર્મનું પ્રેરક બને છે,

તેથી તે કર્મનું વાસ્તવિક કર્તૃત્વ પોતાને ફાળે જતું નથી

પણ જેમાંથી તેને પ્રેરણા મળે છે, તેને ફાળે જાય છે.

એ જ 'ભક્તિ મુક્તિનું સાધન છે' એ વાક્યનું રહસ્ય છે.

## ભક્તિમાર્ગના રત્નત્રય

સમ્યક્ ગુરૂદર્શન, વિધિયુક્ત તથા પુરૂષાર્થની પ્રેરણા છે.

ભક્તિનું બીજું નામ ઈશ્વરશરણતા છે.

ઈશ્વરનું સ્વરૂપ સત્ય, શુદ્ધ, બુદ્ધ છે, કિન્તુ ભક્તને તે કરૂણાસાગર અને કરૂણાની વહેતી નદી રૂપ જ છે.

સરળ, અહંકારનિર્મુક્ત થવા કરૂણામય એવા ભગવાનનું ભજન - સ્મરણ - ભક્તિ અનિવાર્ય છે.

ભગવત્કૃપાના બળે અહંકાર વિલીન થાય છે.

મનુષ્યનો દેહ ઘણાં પુણ્યથી મળે છે, પરંતુ તેમાં ય જો ભક્તિહીન જીવન જ પસાર થાય, તો તે વૃક્ષ, તૃણ અને પત્થર સમાન જીવનની ગતિમાં લઈ જાય છે.

ઉત્કૃષ્ટ ભક્તિ અને પરમ વૈરાગ્ય વિધિનિષેધથી પર છે.

પ્રભુની સ્મૃતિ શૂન્ય છે, તેમ તે મધુર સ્મૃતિ પણ છે.

તે મધુર સ્મૃતિની ભક્તિ મોક્ષ અપાવે છે.

જેમ ભક્તિપ્રધાન જ્ઞાન અનુભવજ્ઞાન બને છે, તેમ ભક્તિપ્રધાન કર્મ સેવારૂપ બની જાય, સેવારસ જાગે.

ભક્તિમાર્ગનો બીજમંત્ર છે: પ્રભુ પ્રિય - પ્રેમમય છે.

પ્રભુની ભક્તિ કર્મનો નિયમ બદલાવી શકે? ના.

રાધા એ નિષ્કામ ભક્તિ - આરાધનાનું પ્રતીક છે.

સાધુની હોય કે અસાધુની હોય, દુઃખ કોઈને છોડતું નથી.
સાધુઓ દુઃખ - સુખને જાણી શકે પણ તેમાં અંશમાત્ર
ફેરફાર કરવાની તાકાત પ્રભુની યે નથી, કેમકે કર્મના
અટલ નિયમ ઉપર કેવળ ધર્મના નિયમની સત્તા ચાલે.
ધર્મનો નિયમ જપમંત્ર - પ્રભુભક્તિને આધીન છે.

જે કર્મ ભગવાનથી ન થાય, તેમની ભક્તિથી થઈ શકે.
પછી તે કર્મ 'ભગવાનથી જ થયું' એમ માનવું,
તે વ્યવહારનયનો સિદ્ધાંત છે.

ભોગથી ઇંદ્રિયોનો ક્ષય - ભક્તિથી ઇંદ્રિયોનું પોષણ થાય,
તેથી ભોગ અને ભક્તિને વેર છે.

ગમતું - ન ગમતું આપણા નહીં, કિન્તુ કર્મના હાથમાં છે
નહીં, ભક્તિમાર્ગની દૃષ્ટિએ તે ભગવાનના હાથમાં છે.

ભક્તિરસ સ્વતંત્ર છે, બીજા નવે રસ ભક્તિને પરતંત્ર છે.

ભક્તિમાર્ગ સરલ તું ભગવાનનો છું, કર્મમાર્ગ સરલ
ભગવાન મારાં છે, જ્ઞાનમાર્ગ = આપણે બે એક છીએ.

ભક્તિમાર્ગ સુમધુર છે.

જ્ઞાનમાર્ગ શુષ્ક છે અને તીક્ષ્ણ બુદ્ધિ માંગે છે.

યોગમાર્ગ કઠિન છે, તેનો દુરુપયોગ થવાની શક્યતા છે.

કર્મમાર્ગ શક્તિ - સંપત્તિની અપેક્ષા રાખે છે,
તેથી તે સર્વને સુલભ નથી.

જ્ઞાનમાર્ગમાં વિવેક અને વિરતિ મુખ્ય છે, જ્યારે
ભક્તિમાર્ગમાં વિરહ અને મિલન મુખ્ય છે.

ભક્તિમાર્ગમાં જ્ઞાનના સ્થાને ભગવત્કૃપા અને
યોગના સ્થાને વિરતિ - વિવેકને મુખ્ય માનેલ છે.

નિર્ગુણભક્તિ જ્ઞાનયોગ જેવી છે.

સગુણભક્તિ ભાવરૂપા યા રસરૂપા છે.

ભક્તિમાર્ગમાં બધું સ્વામીનું, કર્મમાર્ગમાં બધું ઉભયનું
અને જ્ઞાનમાર્ગમાં બધું આત્માનું છે.

ભક્તિશૂન્ય જ્ઞાન એ કોરો કાગળ છે.

જ્ઞાનમાર્ગની નબળાઈ = પોતે જ્ઞાની, તેનો અવગણવું.

ભક્તિમાર્ગની નબળાઈ = ઇષ્ટ પર દૃઢ વિશ્વાસની ખામી.

એકમાં અનિષ્ટનો સંગ્રહ, ત્યાગ ન કરવાનો પ્રમાદ છે,
બીજામાં ઇષ્ટનો દૃઢ અંગીકાર ન કરવાનો પ્રમાદ છે.
એક દોષ નમ્રતાથી - બીજો દોષ કૃતજ્ઞતાથી જાય છે.

જ્ઞાનમાર્ગી કહે છે કે : આખું જે કાંઈ ચાલી રહ્યું છે,
તે સર્વ સ્વપ્નવત્ છે - મિથ્યા છે.

કર્મમાર્ગી કહે છે કે: પરિસ્થિતિનું પરિણામ છે અને
કરે તેવું પામે અને વાવે તેવું લણે.

ભક્તિમાર્ગી કહે છે કે: આ બધો ખેલ છે.

કર્મમાર્ગ પ્રકૃતિપરાયણ, જ્ઞાનમાર્ગ આત્મપરાયણ તથા
ભક્તિમાર્ગ પ્રભુપરાયણ છે.

જ્ઞાનમાર્ગ અભાવાત્મક છે, ભક્તિમાર્ગ ભાવાત્મક છે.
પરમેશ્વર અનેક રૂપ ધારણ કરી લીલા કરી રહ્યો છે.
તેને મન કષ્ટ પણ આનંદ - તાપ તપ થઈ જાય છે.
કષ્ટમાં ય આનંદ એ ભક્તિમાર્ગની અપૂર્વ યુક્તિ છે.

ભક્તિમાર્ગનો સાર બે વાતમાં છે કે:

દિ' આખો જે જે વ્યક્તિ મળે, તેના વિષે એવો જ
અનુભવ થાય કે ભગવાનનું જ દર્શન થઈ રહ્યું છે.
સોનાના ઘાટ ગમે તે હોય, અંતે તો તે સોનું જ છે,
એમ ઈશ્વરતત્ત્વ ગ્રહણ કરવાનો અભ્યાસ થઈ જાય,
તો બધામાં ભગવાનનાં જાતજાતનાં રૂપ જોવા મળશે.

મુક્તિના બે પંથ એટલે...

આચારમાં ન્યાય-નીતિ અને વિચારમાં પ્રેમ-ભક્તિ.

વિશ્વ ઉપર ખરેખર સામ્રાજ્ય બે વસ્તુનું છે:
કર્મનો ન્યાય અટલ છે અને પ્રભુનો પ્રેમ અચૂક છે.
ન્યાય-નીતિ એ માધ્યસ્થ્યનું લક્ષણ,
પ્રેમ-ભક્તિ એ મૈત્રી, પ્રમોદ અને કારુણ્યનું લક્ષણ છે.
બહાર સેવાનું કાર્ય અને
અંદર સર્વેશ્વરના નામનો જપ, એનું નામ 'ભક્તિ' છે.
કરતાલના પાયા ઉપરની ભક્તિ આત્મસ્વરૂપમાં
લીન કરાવે છે, એનું જ બીજું નામ 'શરણાગતિ' છે.

પ્રાકૃતજન અર્થ અને કામપરાયણ છે,
જ્યારે ભક્તજન સદાને માટે ભગવત્પરાયણ છે.
સુખમાં પરમાત્મભક્તિ કરે, તેને દુઃખ આવતું નથી.
ભક્તિ એટલે હૃદયપૂર્વકની પ્રીતિ. દુઃખ સહન કરીને
ભક્તિ કરે, સર્વમાં સદ્ભાવ રાખે, તે 'તપ' કહેવાય.
ભક્તિમાં અભાવ વધતું રહે, તેણે વાદ-વિવાદમાં
ન ઉતરવું અને વેર-વિરોધ થતાં ખમાવા લેવો જોઈએ.
ભગવાનની સેવા અને ભક્તિ એના જ માટે છે
કે ભક્તના હૃદયમાં ભગવદાકાર વૃત્તિ ઉત્પન્ન થાય.
રાજસ પ્રેમને રાગ અને સાત્ત્વિક પ્રેમને ભક્તિ કહે છે.
સાત્ત્વિકી ભક્તિ એટલે જે ભક્તિ કર્મક્ષય નિમિત્તે,
પ્રભુ પ્રીત્યર્થે અને શાસ્ત્રાજ્ઞા પાલન માટે થાય તે.
રાજસ ભક્તિ એટલે વિષયોની લાલચે યશ અથવા
કીર્તિના લોભે, ઐશ્વર્ય નિમિત્તે જે ભક્તિ થાય તે.
તામસ ભક્તિ એટલે જે ભક્તિ હિંસાની ભાવનાથી,
દંભ અને માત્સર્ય આદિ મલિન હેતુથી થાય તે.

# ભક્તિનું સ્વરૂપ જોતાં...

ભક્તિ ત્રણ પ્રકારની છે: તામસી, રાજસી, સાત્ત્વિકી.

તેનો મંગલ મહિમા મુનિવરોએ વિવિધ રીતે ગાયો છે:

(૧) અનન્ય શ્રદ્ધા એ ભક્તિ છે.

(૨) વિનય - વૈયાવચ્ચ એ પણ ભક્તિ છે.

(૩) સદ્ભાવ, સેવા, સમર્પણ એ પણ ભક્તિ જ છે.

(૪) વંદન-પૂજન-સત્કાર-સન્માન ભક્તિની ક્રિયાઓ છે.

(૫) પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના, પ્રમોદ, પ્રણિધાન - એ સર્વ પણ ભક્તિના જ પ્રકારો છે.

(૬) સ્મરણ, સ્તવન, કીર્તન, કથા, ઉત્સવ, ઉપાસના - એ સર્વ પણ ભક્તિ જ છે.

(૭) અનુશાસન, આદર, આરાધન, આજ્ઞાધીનતા, ઉત્સાહ, અર્પણતા, ઔચિત્ય - એ સૌ ભક્તિનાં જ અપર નામ છે.

(૮) જપ, જાપ, પ્રેમ, પવિત્રતા, સદ્ભાવ, શરણાગતિ, વાત્સલ્ય, યોગાદિ ભક્તિના જ પર્યાયવાચી શબ્દો છે.

ભવસાગરમાંથી તરવાનું ભવ્ય સાધન ભક્તિ છે.

ભક્તિથી અંતઃકરણ પીગળે છે,

કર્મથી અંતઃકરણ કઠિન થાય અને જ્ઞાનથી નિર્વિકાર.

જેમ સ્ત્રી રૂપવાન હોય તો પણ બીજી સ્ત્રીને નહીં, માત્ર પુરુષને જ મોહ ઉપજાવી શકે છે, તેમ વિવિધ રૂપો ધરનારી માયા સ્ત્રી સ્વરૂપ હોવાથી નથી કરી શકતી ભક્તિને મોહિત. માયા હંમેશા તપ, જપ, શ્રુત આદિ પુરુષવાચક વ્રત-નિયમોને જ મોહિત કરી શકે છે. તે પરાસ્ત કરવા માટે તો કેવળ ભક્તિ જ સક્ષમ છે.

દૃઢભક્તિતા એટલે ઈષ્ટ-ગુરુ આદિમાં નિશ્ચલ પ્રેમ.

ભક્તવત્સલતા એટલે ભક્તો ઉપર પ્રેમવાત્સલ્યયુક્તતા.

'ભક્તિ અહંકારનો નાશ કરે છે'

તેનો અર્થ દેહેન્દ્રિયાહંકારનું કર્તૃત્વ મિથ્યા સાબિત કરી આત્મકર્તૃત્વ સ્થાપન કરે છે કે જે પરમાત્મકર્તૃત્વ જ છે, કેમકે અહંકારશૂન્ય આત્મતત્ત્વ એ જ પરમાત્મતત્ત્વ છે.

ભક્તિમાં દૃષ્ટા પોતે દૃશ્ય બની જાય છે,

અહંકારનો નાશ તો પ્રયોજન છે.

ઈશ્વરની ભક્તિ હૃદયના માર્ગે થાય છે.

ઈશ્વર અનાદિ - અનંત અને વિશ્વનો સંચાલક છે.
એનો જે ખરેખરી ભક્ત હોય, તેનો તે તારણહાર છે.

જેના ઉપર તેની કૃપા ઉતરે છે,
તેની સમક્ષ આત્મા પોતાનું સ્વરૂપ ખડું કરે છે.

ભક્ત ખાતર ભગવાન જે કૃપ વર્ષા કરે, તે ભક્તની ઈચ્છા મુજબનું જ હોય છે, જે કદી યે વિસરાતું નથી. અનંત શક્તિથી ભરેલા ભગવાન ક્ષણભંગુર મનુષ્યની કમજોર બુદ્ધિ - શક્તિથી કદાપિ પ્રાપ્ત થઈ શકે નહીં. એમને પામવા પોતાની બુદ્ધિનું ક્ષુદ્ર ગુમાન મૂકી દઈને,

મનુષ્યે સજળ નેત્રે અને ગદ્ગદ્ કંઠે

એમની જ અનન્ય શરણાગતિ સ્વીકારવી જોઈએ. મુક્તિની ઈચ્છા એટલે અહં - મમના બંધનથી છૂટવાની ઈચ્છા. જેઓ તે બંધનથી છૂટેલા છે, તેમની ભક્તિ એ જ મુક્તિનું અનન્ય સાધન છે. પ્રતીકોપાસના પ્રાચીન છે, ભક્તિ માટે તે ખાસ અને સૌથી મહત્વનું આલંબન છે.

પંચપરમેષ્ઠિઓનો ક્રમ પૂર્વાનુપૂર્વીથી છે.

ધર્મનો આત્મા દેવ-ગુરૂ અને ધર્મ છે.

એ ત્રણ તત્ત્વોની ભક્તિની ભાવના તે ધર્મનો પ્રાણ છે
અને એ ભાવનાની રક્ષા કરનાર મંદિર, મૂર્તિપૂજાદિ છે.

ભક્તિમાર્ગ પ્રેમનું - સમર્પણનું જ મુખ્ય સ્વરૂપ છે.

ભક્તિની જાહેરાત નિષ્ફળ જાય છે, જ્યારે
શુદ્ધ અને સાચી ભક્તિ એકાંતમાં જ થાય છે.

નિષ્કામ ભક્તિ એ ભવરોગની ઔષધિ છે.

મન, બુદ્ધિ, ઇંદ્રિય અને શરીરરૂપી રથ ભગવાનરૂપી
સારથિને સમર્પણ કરવો, તેનું નામ 'નિષ્કામ ભક્તિ' છે.
મન વડે મનન, બુદ્ધિ વડે ભક્તિ, ઇંદ્રિય વડે પૂજા તથા
શરીર વડે નમસ્કાર એ 'નિષ્કામ ભક્તિ'ના અંગો છે.

કરૂણા અને ભક્તિ વચ્ચેનો તફાવત

કરૂણા એક પ્રકારનો સ્નેહ છે, જે દીન ઉપર હોય છે,
ભક્તિ એક પ્રકારનો સ્નેહ છે, જે અધિક ઉપર હોય છે.

ભક્તિ અને ભાવનામાં ઘણું ફેર છે.

## નિષ્કામ કરુણા અને ભક્તિનું સામર્થ્ય

સ્નેહમાં લેવાની નહીં પણ આપવાની વૃત્તિ જ રહે છે.
સ્નેહનો પરિણામ પરમેષ્ઠિની નિષ્કામ ભક્તિથી શક્ય છે.
નિષ્કામ કર્મ - કરુણા - ભક્તિ રત્નત્રય સ્વરૂપ છે,
નમસ્કાર વડે તે ત્રણેની પ્રાપ્તિ સુલભ બને છે.

## પ્રભુની કરુણાને હૃદયથી માન આપનાર ભક્તનું કલ્યાણ થયાં વિના રહેતું નથી.

કૃપા જેમ અહેતુકી છે, તેમ ભક્તિ પણ નિષ્કામ જોઈએ.
એવી ભક્તિ જ નિષ્કામ કર્મ કરવાનું સામર્થ્ય પ્રગટાવે.
નિષ્કામ ભક્તિ તેમની નિષ્કામ કરુણાના વિચારે જાગે,
નિષ્કામ કરુણા આત્મતત્ત્વના સાચા સંવેદનથી જાગે છે.
તે સંવેદન જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો સ્વરૂપ હોય છે.
ભક્તિ અને જ્ઞાન - બંનેમાં અભેદ સિદ્ધ થાય છે.
એકલી ભક્તિથી ભગવાન ગોખલામાં જ દેખાશે,
જ્ઞાનથી તે સર્વત્ર દેખાશે. ભોગ અને ભક્તિને વેર છે.
ભોજન જેનું સરસ, તેનું ભજન સરસ નહીં થાય.

ભાગવત કહે છે કે ભક્તિમાર્ગ તેને માટે જ છે કે જે
સંસારથી અતિ વિરક્ત કે સંસારમાં અતિ આસક્ત નથી.

ભજ = ઈશ્વરના અનુગ્રહમાં વિશ્વાસમૂલક આત્મસમર્પણ.

ઈશ્વરના સર્વશક્તિત્વનું ચિન્તન ભક્તિને વધારે છે.
ભગવાન એ દાર્શનિક વિચારણાનો વિષય નથી, કિન્તુ
કરુણાસાગર છે. ભક્તિ એ લૌકિક પ્રેમ નથી કે જેમાં
વિચાર અને ચિન્તનની જરૂર પડે! જ્ઞાન એ ભક્તિને
પોષક છે પણ ભક્તિનો પર્યાય નથી, છતાં શાંતિપ્રદ છે.

ભક્ત અત્યન્ત દીન હોય છે - ભગવાન દૈન્યપ્રિય છે.

ભક્તિના આલંબનમાં સુખ અને સુકૃતની ગર્હા ઉપરાંત
દુઃખ અને દુષ્કૃતની અનુમોદના પણ છે.
ભક્તિનો આલંબન ગુણદ્વેષનો સૂચક છે અને
કરુણાનો આલંબન પાપરાગને સૂચવે છે.
પાપના બધા દોષો પાપરાગથી ઢંકાય છે.
કરુણાના આલંબનમાં દુષ્કૃતની અનુમોદના છૂપાયેલ છે,
ભક્તિના આલંબનમાં સુકૃતની ગર્હા (ઉપેક્ષા) છૂપાયેલ છે.

## ભગવાનની દૃઢ પ્રતિજ્ઞા કઈ ?

પ્રભુના શરણાગતોની અથવા નામસ્મરણ કરનારની સર્વ પાપરાશિ હરવી, એ ભગવાનની દૃઢ પ્રતિજ્ઞા છે.

ઈશ્વરવિષયક જ્ઞાન તે ભક્તિ નહિ, પરંતુ પ્રીતિ તે ભક્તિ છે. જ્ઞાન તો દ્વેષીઓને પણ હોય. આરાધનારૂપ ભક્તિ એ ક્રિયા નહિ પણ અર્પણ છે.

થોડી પણ ભક્તાધિકાર મોટાં પાપોનો નાશક છે. ભક્તિમાં કર્મ નહિ. કર્મ તો ક્રિયા કે જ્ઞાનમાં છે. ભક્તોને એની સાથે સઘળાં કર્મોનું ઉલ્લંઘન થઈ સિદ્ધિ મળે છે. સંસારનું કારણ કેવળ અજ્ઞાન નહીં પણ અભક્તિ છે.

ભક્તિનો અભાવ ગુણ-દ્વેષનો અને કરુણાનો અભાવ પાપ-રાગનો સૂચક છે. કરુણાના અભાવમાં દુષ્કૃતની અનુમોદના અને ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા છે. ભક્તિના અભાવમાં ગુણ અને તેના કારણભૂત સુકૃતની અનુમોદનાનાં સ્થાને ગર્હા છે તથા દુઃખ અને તેના કારણભૂત દુષ્કૃતની ગર્હાના સ્થાને અનુમોદના છે.

## ભક્તિનું અપ્રતિમ બળ

કર્મ કરતાં ભક્તિનું બળ પ્રત્યક્ષરૂપમાં ઘણું વધારે છે.
મજૂર કર્મથી મજૂરી મેળવે, કૃપાથી માલિક અમોઘ બને.
સૂર્યનો પ્રકાશ સમાન ભાવથી સર્વને પ્રકાશિત કરે, કિન્તુ
સૂર્યમુખી કાચમાં સૂર્યની શક્તિનું વિશેષ પ્રાકટ્ય થાય છે.

ભક્ત પાસે જો પ્રેમસ્વરૂપાભક્તિ વિદ્યમાન છે,
તો ભગવાને પરવશ થઈને પણ
પોતાની અનુકંપાનું સુખ ખોલવું જ પડશે.
કોઈ જ્ઞાનીના પાસે જ્ઞાન ઈચ્છવું,
તે કરતાં તેમને જ્ઞાનસ્વરૂપ સમજી
તેમની ભક્તિ ઈચ્છવી, એ જ પરમ ફળ છે.

પરમ પ્રેમરૂપ ભક્તિ વિના જ્ઞાન શૂન્ય સમાન જ છે.

પરમ પુરુષની મુખ્ય ભક્તિ તમારા જીવનની ઉત્તરોત્તર
વૃદ્ધિ થાય, એવાં સદ્વર્તનથી જ પ્રાપ્ત થાય છે.
જીવનને જાણે તે પ્રેમમય - ભક્તિપ્રધાન થાય.
ભક્તિમાન જીવનભર નિષ્કામ કર્મ કરે જ.

## ભક્તિનું સ્વરૂપ અને સાધન

જેમનું હૃદય ભગવાનનું નામ સાંભળતાં, તેના ગુણ ગાતાં
દ્રવીભૂત થઈ જાય છે, જેમનામાં ભગવદ્ આકારે જે
અવિચ્છિન્ન વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેને 'ભક્તિ' કહે છે.

ભગવાનના ગુણનું વર્ણન જે ગ્રંથમાં હોય,
તેનું શ્રવણ કરવું, એ ભક્તિનું સાધન છે.
ભગવાનને માટે પ્રેમ વધારવો અને
તેનો સાચો પ્રેમ મેળવવો, એ પણ ભક્તિનું સાધન છે.

ભક્તિમાં પ્રાણીમાત્રનો અધિકાર છે.

દાન, તપ, વિવિધ જાતના સુકૃતો વગેરે
ભક્તિ અને જ્ઞાન - બંનેના સાધન છે.

ભક્તિમાં પૂર્ણ સ્થિતિને 'સ્થાયી ભાવ' તથા જ્ઞાનમાં
પૂર્ણ સ્થિતિને 'નિષ્ઠા' કહે છે. બંનેનો અર્થ એક જ છે.
એ દશામાં રસની નિષ્પત્તિ છે. ભગવાન રસરૂપ છે.
તેના સ્વરૂપમાં મનની અવિચ્છિન્ન ગતિ બની રહે,
ત્યારે જે પરમાનંદ મળે છે, તે ભક્તિનું ફળ છે.

સદ્ભાવ ભક્તિ કરવી, તે ખરો પુરૂષાર્થ છે.

જુદી જુદી જાતના સાધુઓ જુદી જુદી દશામાં રહે છે, તેનું કારણ તેમને જુદી જુદી રીતે અવલંબન ધારવો પડે છે. જે જીવ ઈચ્છા કરે છે, તેમાં ભગવાન પોતાનું સ્વર્ગ, પોતાનું માન, પોતાનું સુખ અને પોતાનો આનંદ રાખે છે. જો ભક્તિને ખાળવું હોય, તો તેના માટે જરૂરી ગરમી આપવી જોઈએ, તેમ અહંકારને ગાળવા માટે જેટલી ભક્તિની જરૂર છે, તેટલી ઉત્પન્ન કરવી જ જોઈએ.

પંચ પરમેષ્ઠિની ભક્તિ ચાર ભાવનાઓને વિકસાવે છે, તે ચાર કષાયોને નિવારે છે, સર્વ પાપના ક્ષયરૂપ છે.

૫ વિષયોમાં ભક્તિ અને પરમેષ્ઠિઓમાં અભક્તિ

- એ સર્વ પ્રકારના પાપના કારણ છે.

ભક્તિ = અહંતા, મમતા. અભક્તિ = નાહંતા, ન મમતા.

અજ્ઞાન જ્ઞાનથી ટળે છે, અહંકાર ભક્તિથી જાય છે.

આત્માનું જ્ઞાન અને પરમાત્માની ભક્તિ -

બન્ને મળીને ભવભ્રમણ મટે છે.

## ભક્તિનું મુખ્ય લક્ષણ

ઈશ્વરવિષયક રાગ તે ભક્તિ નહિ – પ્રીતિ તે ભક્તિ છે.

ભક્તિનું બીજું નામ રસ અથવા અનુરાગ છે.

ભક્તિ એ રાગ છે પણ ઉત્તમના સંગ સાથે આદરભાવ છે.

સંગ ત્યાજ્ય છે પણ સજ્જનોનો સંગ અસંગી બનાવે છે.

ક્રિયામાં શ્રમ છે, ભક્તિમાં નહિ. ભક્તિ ક્રિયા નહિ, અર્પણ છે.

ભક્તિમાં રાગનો વિશિષ્ટ ભેદ છે.

ભક્તિની પરિશુદ્ધિ પ્રેમના ચિહ્નોથી જણાય.

ભક્તિ અદ્ભુત વિશેષ છે, કેમકે તેનો વિષય વિભૂતિ છે.

વિભૂતિ એટલે અંગત ફાયદો કરનાર છે.

વિષયોમાં વિરક્તિ અને પરમર્ષિઓમાં ભક્તિ

– એ સર્વ મંગળનું મૂળ છે.

ભક્તિ કષાયોને રોકે છે અને ધર્મને વિકસાવે છે.

વિષયોની આસક્તિ કષાયોને ઉશ્કેરે છે, જ્યારે

પરમર્ષિઓની ભક્તિ ધર્મને વધારે છે, કારણ કે

પરમર્ષિઓ પ્રેમ અને ધર્મથી ભરપૂર છે.

ભક્તિના ૪ પ્રકાર: આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી તથા જ્ઞાની.
પ્રથમના બે પ્રકાર ગૌણ, પછીના બે પ્રકાર પ્રધાન છે.

આર્તભક્તને ભગવાન જોઈએ છે,
જિજ્ઞાસુને ભગવાન નહીં પણ જ્ઞાન જોઈએ છે, જ્યારે
અર્થાર્થીને ભગવાન કે જ્ઞાન નહીં પણ વૈભવ જોઈએ છે.
જ્ઞાનીની ભક્તિ પ્રભુમય બનવા તન્મયપણે રહેલ છે.
તથા આત્માને પરમાત્મમય બનાવવાને તે માટે છે.

સોપાધિક ભક્તિ તેને પ્રિય છે અને
નિરૂપાધિક ભક્તિનો તે ગ્રાહક રહેલ છે.

દુઃખમુક્તિ, પ્રયોજનસિદ્ધિ અથવા ઈશ્વરીય સ્વરૂપના
જ્ઞાન અર્થે પણ થતી ભક્તિ એ સોપાધિક ભક્તિ છે,
કેમકે તે સ્વાર્થથી પ્રેરાયેલ છે.
તેના પાછળ મોહ પણ છે, તેમાં સ્થાયિત્વ પણ નથી.
સ્વાર્થના તંતુથી બંધાયેલ પ્રીતિનું આયુષ્ય બહુ ઓછું રહેલ.
તે સંસારની વૃદ્ધિ માટે થાય છે.

નિરૂપાધિક ભક્તિ આત્માની પરમાત્મા સાથે રહેલ છે.

નિરૂપાધિક ભક્તિમાં સ્વાર્થનું પોષણ નથી - શોષણ છે.
તે પવિત્રતાનો પ્રકાશ અને સાગરની ગંભીરતા સમા છે.

નિરૂપાધિક ભક્તિ લેવા નહીં પણ આપવા માટે છે.

સોપાધિક ભક્તિમાં સ્વાર્થનું મહત્ત્વ છે.

નિરૂપાધિક ભક્તિ નિઃસ્વાર્થ છે. એ ભક્તિનું ફળ, તૃષ્ણાનો નાશ, વાસનાનો છેદ અને ઇચ્છાદિની નિવૃત્તિ છે.
નિરૂપાધિક ભક્તિ દેહને નહીં પણ દેહાતીતને માટે છે.
રૂપને નહીં પણ રૂપાતીતને ઝંખે છે, તેથી તેમાં સ્થિરતા છે.
જેમ દૂધ અને છાશ એક જ વાસણમાં ન રહી શકે, તેમ ભક્તિ અને લાલસા બે એકસ્થળે રહી શકતાં નથી.
'ભક્તિથી વાસના પૂરી થશે, ઇચ્છા સંતોષાશે, તૃષ્ણા સફળ થશે' આવી સમજણ એ ભક્તિનું શોષણ છે.

અહીં ભક્તિનો ક્રમ જ ઉલટાઈ જાય છે.

ભક્તિ ઈશ્વરને - આસક્તિ ઐશ્વર્યને ઇચ્છે છે, માટે જ પ્રભાવ નહીં, પ્રભુ જોઈએ - હરામ નહીં, રામ જોઈએ.

ભક્તિનો ઉદ્દેશ છે સદ્ગુણોનું ગ્રહણ.

## ક્યા છે દરેકોઈ ભક્તિનો છોડ ધુરંધર?

અધિક ભોજન, અધિક પરિશ્રમ, અધિક વાચાળપણું,
ઘણાં બધા લોકોનું મળવું, ભજનરહિતતા અને ચપળતા.

સાચી ભક્તિ આરાધનાપાલનમાં છે.

શુભધ્યાન અને સદ્ગતિ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં છે,
તેથી સર્વોત્તમ પ્રભુની ભક્તિ પરમ - ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

પરાભક્તિ = રાગાનુગા પરમપ્રેમરૂપાભક્તિ - સાધ્યભક્તિ.

નવધાભક્તિ = સાધનભક્તિ ગૌણીભક્તિ - વૈધીભક્તિ.

ભક્તિમાં પ્રેમ ઉપરાંત આલંબનનું મહત્ત્વ અને
પ્રતિમા ઈષ્ટનો અનુભવ એ પરમ આવશ્યક અંગ છે.
શબ્દના અરૂપાત્મક ઉત્કર્ષને પ્રેમ - ભક્તિના આલંબન રૂપે
સ્થિર કરી સહાયક અને ભક્તિ અન્યોન્યાશ્રિત બનેલ છે.
પરબ્રહ્મના સાક્ષાત્કાર માટે માત્ર જ્ઞાન જ નહીં, કિન્તુ
શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન પણ જરૂરી છે.
જ્ઞાન એ મન દ્વારા વસ્તુબોધ થાય છે, જ્યારે
ભક્તિ એ શરણાગતિ દ્વારા સમર્પણતાથી થાય છે.

ભક્તિમાં : અપરાભક્તિ = પ્રાથમિક, પરાભક્તિ = શ્રેષ્ઠ.

'હું અને દેવ જૂદા છીએ' એવા ભાવનાથી જે આરાધના કરવી તે અન્ય આરાધના, તેથી ઉલ્ટી અર્થાત 'હું અને દેવ એક જ વસ્તુ છીએ' એવા આત્મભાવના ઉપર બંધાયેલી ભક્તિ તે અનન્ય આરાધના કે 'પરાભક્તિ' છે. 'અપરાભક્તિ' સહજ રતિરૂપ છે. તે પરમેશ્વરના અખંડ આનંદ સ્વરૂપ સાથે સતત જોડાયેલા રહેવાની ઉત્કટ ભાવના છે. તેને 'અખંડ વિરહવેદના' પણ કહેવાય છે.

ગૌણી ભક્તિ એ પરાભક્તિમાં હેતુ છે, જ્યારે
પરાભક્તિ એ કેવળ અનુરાગ રૂપ છે.

ભજન, કીર્તન, સેવન, નમસ્કારાદિ ગૌણી ભક્તિ છે. એનું ફળ પરાભક્તિ છે. એનાથી મનની શુદ્ધિ થાય છે,
તેથી તેને પણ પવિત્ર જ કહી છે.

ભક્તિને પાત્ર ઈશ્વરવિષયક સર્વ વિભૂતિ અને
તેમના કર, પાદ, મુખ, હૃદય આદિ
સઘળા આકારો ખાંડની પુતળીની જેમ આનંદમય છે.

## ભક્તિ માટે અનુરાગ શેના - શેનાથી બને?

નમસ્કારથી, નામસ્મરણથી, ધ્યાનથી, કીર્તનથી, આદરથી,
બહુમાનથી યા કોઈપણ સાધનથી અનુરાગ ઉત્પન્ન થઈ શકે.
આ બધાં સાધનોમાં સાધનત્વ રહેલું છે.
બધાં સાધનોમાંથી કોઈ એકનું પણ
વિશિષ્ટ રૂપથી અનુષ્ઠાન કરવામાં આવે, તો
તે પરાભક્તિની પ્રાપ્તિ કરવામાં સમર્થ થઈ શકે છે.
તે બધા સાધનો ભક્તિપૂર્વક કે ભક્તિ માટે થવાં જોઈએ.
ભક્તિના બધા અંગો અનુરાગના હેતુ હોવાથી બળવાન છે.
જેમ રીતે પ્રભુનું સ્મરણ - કીર્તન, તેમ રીતે શ્રવણ -
વંદનાદિ પણ અનુરાગરૂપ પરાભક્તિનાં કારણ છે.
ઉપાસનાદિ સાધનો છે, તે પણ પરાભક્તિનાં અંગો છે,
જેમકે 'મનોફલહેતુપાસાત ।'
ગૌણભક્તિથી પણ પાપક્ષય અને અંતઃકરણશુદ્ધિ થાય છે.
ભક્તિ શ્રદ્ધાથી પણ અધિક છે, તેથી
ભક્તિ અને શ્રદ્ધાને એક માનવાથી અનવસ્થા આવે છે.

ભક્ત માટે મોટાં પ્રાયશ્ચિત છે:

ભગવત્સ્મરણ અને ભગવાનનું શરણ જ.

ભ્રૂણહિંસા, ભ્રૂણઆસક્તિ, ભ્રૂણચોરી વગેરે મહાપાપોનું પ્રાયશ્ચિત કરવા એકમાત્ર સાધન પ્રભુભક્તિ જ છે.

પરિપક્વ ભક્તિવાળાને અનન્ય ગતિની પ્રાપ્તિ થાય છે.

અપરિપક્વ ભક્તિવાળાને ક્રમમુક્તિ મળે છે.

ઘોર પાપકર્મો કરનારાઓને પાપની નિવૃત્તિ થઈ ગયાં પછી જ અનન્ય ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.

ભગવાન પ્રત્યે અનન્ય પ્રેમ તે પરાભક્તિ છે.

ભક્તિનું સાધન રાગ, સાધ્ય વિરતિ અને

સાધના સ્નેહ - પ્રેમ યા અનુરક્તિ છે.

'ભાવાદ્ભાવ પ્રસૂતિઃ ।' ઇતિઃ ભક્તિથી ભક્તિ વધે છે.

'ભક્તિઃ સિદ્ધેર્ગરીયસી ।' ઇતિ

ભક્તિ કેવળ ભગવાનની કૃપાથી જ સિદ્ધ થાય છે.

'સ સર્વં ભક્તિયોગેન મદ્ભક્તો લભતેઽઞ્જસા ।' મારો ભક્ત કેવળ ભક્તિયોગથી સર્વ કાંઈ સહેલાઈથી પ્રાપ્ત કરે છે.

આસક્તિરહિત પર અને આત્માના નિર્લેપ સદા
સ્વાભાવિક સ્વરૂપમાં નિષ્કામ ભાવે પ્રેમ થવો,
તેને 'પરાભક્તિ' કહેવામાં આવે છે.

આસક્તિ = શરીર અને ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા.
એ આસક્તિ અથવા કામનાઓની પૂર્તિ માટે
જુદા જુદા દેવોની પૂજા-ઉપાસના કરવારૂપ ભક્તિ તે
સકામ અથવા 'અપરાભક્તિ' કહેવાય છે.

આત્માના નિઃસ્પૃહ, નિષ્કામ અને સ્વતઃપ્રેમ સ્વરૂપનો
અનુભવ લેનારા પરાભક્તિવાળા મનુષ્યોની આગળ
સંસારના વિષય-ભોગોમાં આસક્તિવાળા અને
વિષયો સાથે રમનારા મનુષ્યો તથા વિષયોની ઇચ્છાથી
સકામ ભક્તિ કરનારા મનુષ્યો બાળકો જેવા છે.
પરાભક્તિવાળો મનુષ્ય પોતાના શરીરસુખ માટે નહીં,
પ્રાણીઓનાં સુખ માટે જ સર્વ કાંઈ કરતો હોય છે.
એનાં એ કર્મો એને બંધનકારક થતાં નથી પણ
ઉત્તરોત્તર વિશેષરૂપે ચિત્તશુદ્ધિ કરાવનારાં થાય છે.

પરાભક્તિને પ્રાપ્ત કરવા સામાન્ય માનવીએ
સામાન્ય ભક્તિમાંથી પસાર થવું અનિવાર્ય છે.

અનન્ય ભક્તિ યાને અનેકમાં એક જ ઈશને નિહાળવા.

ભગવાનની કથા સાત જ દિવસમાં
જ્ઞાન અને વૈરાગ્યને જગાડે છે, તેનું સાધન ભક્તિરસ છે.

ભક્ત જ્યારે પોતાનું સમર્પણ કરે છે, ત્યારે
ભગવાન પોતે પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે.

કૃપા ભક્તિલભ્ય, ભક્તિ શ્રદ્ધાલભ્ય, શ્રદ્ધા જ્ઞાનલભ્ય.

સર્વના આશીર્વાદ મેળવનારને જ સર્વેશ્વરની કૃપા મળે.

દેહ અંગનો બહુ નિસાસો ભક્તિમાં બાધક બને છે.

શરીરના ચિન્તનથી કામ જાગે છે, પરન્તુ
આત્માના ચિન્તનથી કામ ભસ્મીભૂત થાય છે.

ભક્તિ વડે કામ સર્વથા, જાય છે.

ભક્તિનો વિષય ભગવાન છે, કામનો વિષય દેહ છે.

ભક્તિથી ભેદબુદ્ધિનો વિનાશ થાય છે,
કામનાથી ભેદબુદ્ધિનો વિસ્તાર થાય છે.

ગૌણભક્તિમાં નામ એ ભજન - સેવન છે, જ્યારે
પરાભક્તિમાં ભગવાનનું નામ એ હેતુ છે.

કીર્તનનું ફળ પણ પરાભક્તિ - કેવળ અનુરાગ જ છે.
ગૌણ ભક્તિથી મનશુદ્ધિ થાય છે, તેથી પવિત્ર કરી છે.
ધ્યાનનો એ નિયમ છે કે: જેનું દર્શન નેત્રને પસંદ પડે,
તેનું ભાવથી ચિન્તન કરવું - ભક્તિ કરવી.
સ્નાન - અર્ચનાદિ પરાભક્તિઓનું કારણ છે અને
પુરુષરૂપ છે, તેથી સઘળી ક્રિયાઓમાં શ્રેયસ્કર છે.
ભક્તાધિકાર થોડો ભલે હોય, પરન્તુ
તેનાથી મોટાં પાપોનો નાશ થાય છે. ભગવદ્ભક્તિથી
ઉભય - લોક ન્યાયે તેમ થાય છે. પરાભક્તિમાં જે
ભક્તાગ્રહ પાક્કા નથી, તે પણ ભગવલ્લોકવાસી બને છે.
કેવળ કર્મમાત્રથી ગતિ તો ક્રિયા અથવા જ્ઞાનની છે.
પ્રેમરૂપ ભક્તિ એ કર્મ, જ્ઞાન અને
યોગથી પણ અધિક છે, કારણકે તે ફળરૂપ છે.
પ્રભુને અભિમાન ગમતું નથી, પરન્તુ દીનતા ગમે છે.

## પરાભક્તિનાં અનેક સાધનો

સન્માન, બહુમાન, પ્રીતિ, આજ્ઞાપાલન, પ્રાણાર્પણ, તદીયતા, સર્વસમર્પણ, રૂપાસક્તિ, પૂજાસક્તિ, સ્મરણાસક્તિ, દાસ્યાસક્તિ, સખ્યાસક્તિ, વાત્સલ્યાસક્તિ, આત્મનિવેદનાસક્તિ તન્મયતાસક્તિ, ગુણમાહાત્મ્યાસક્તિ, પરમ વિરહાસક્તિ આદિ.

અરિહંતની ભક્તિ વિના મુક્તિ અશક્ય છે.

માયાને જીતવા માટે જ્ઞાન નહીં, ભક્તિ જ સમર્થ છે.
તપ - જપ - જ્ઞાન વગેરે પુરુષભાવ સ્વરૂપ હોવાથી
સ્ત્રીસ્વરૂપ માયા તેને ખેંચી શકે છે.
ભક્તિ સ્ત્રી હોવાથી માયા તેને આકર્ષી શકતી નથી,
કિન્તુ ઈર્ષ્યાભાવવાળી બનીને પરાઙ્મુખ થઈ જાય છે.
ભક્તિ સમષ્ટિ સાથે - જ્ઞાન વ્યક્તિ સાથે સંબંધીત છે.
જ્ઞાનથી જ ભક્તિ પેદા થાય છે,
તેમ ભક્તિથી જ ખરું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
બે પગ વિના શરીર ચાલી શકતું નથી, તેમ જ્ઞાન - ભક્તિ
રૂપી બે સાધન વિના મોક્ષમાર્ગ બની શકાતો નથી.

## અનન્ય ભક્તિનાં ૫ સાધનો

(૧) નામજાપ (૨) ભગવત્પ્રેમ (૩) સત્ય વચન
(૪) સમદ્રષ્ટિ અને (૫) વાસનારહિતતા.

ભક્તિયોગમાં પ્રભુની સ્તુતિ, પ્રાર્થના, ગુરુનો સત્સંગ, મંત્રજાપ, સગુણભક્તિ તથા નિર્ગુણભક્તિ આવે.

'સત્ય વચન આધિનતા, પરતિય માત સમાન,
ઇતને મેં હરિ ના મિલે, તુલસીદાસ જમાન.'

ભાવના એ અહંકારનું શુદ્ધિકરણ છે, જ્યારે
ભક્તિ એ અહંકારનું વિલીનીકરણ છે.

ભાવના એ મનપુષ્પ છે, ભક્તિ નવું નમસ્કારપુષ્પ છે,
ભાવનાથી ભક્તિ અને ભક્તિથી ભાવના વધે છે.
ભાવનાથી નવી શક્તિ અને તેનો સદુપયોગ થાય છે.
વાસના અશુદ્ધ અહંકાર છે, ભાવના શુદ્ધ અહંકાર છે.
ભક્તિ એ નમસ્કાર છે.
અશુદ્ધ અહંકારમાં બીજા જીવો પ્રત્યે તિરસ્કાર છે.
જેનું નિવારણ બીજાઓ પ્રત્યે સમાન ભાવનું સમર્પણ છે.

છ આવશ્યકમાં જ્ઞાનયોગ - ભક્તિયોગ - કર્મયોગ

સામાયિક એ જ્ઞાનયોગ છે,
ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદન એ ભક્તિયોગ તથા
પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન કર્મયોગ છે.
ટૂંકમાં સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા એ જ્ઞાન,
માનવા એ ભક્તિ અને વર્તવા એ કર્મ છે.
અહીંયાં ધર્મ તો એક જ છે અને તે છે સમત્વભાવ.
જીવને અશુભથી મુક્ત કરાવનાર કર્મયોગ છે,
અહંકારનો નાશ કરાવનાર ભક્તિયોગ છે તથા
અજ્ઞાનનું આવરણ હટાવનાર જ્ઞાનયોગ છે.
સત્કર્મ નિરાશંસભાવે - ભક્તિ નિરહંકારભાવે અને
જ્ઞાન એ અજ્ઞાનને હટાવવા માટે હોવું જોઈએ.
'આત્મા પરમાત્મા છે' જ્ઞાનની જેમ 'પરમાત્મા આત્માના
અનંત ઉપકારી છે' એ ભક્તિ પણ એટલી જ જરૂરી છે.
જ્ઞાનથી અજ્ઞાનનો - ભક્તિથી અહંકારનો નાશ થાય છે.
સત્કર્મથી ભક્તિની વૃદ્ધિ થાય, કર્મ અશુભથી છોડાવનાર છે.

## ભક્તિયોગ એટલે શું ?

ઉપનિષદ અને પ્રેમ માટેનો યોગ એ ભક્તિયોગ છે.
ભક્તને ઈશ્વર સાથે પ્રેમ કરવો છે અને
તે માટે તે બધા જાતનાં અનુષ્ઠાનો કરે છે.
પુષ્પ-ધૂપ-દીપ-મંદિર-મૂર્તિ ઉપર તે આધાર રાખે છે.
ભક્તિ માટે ભક્તને આ બધાની જરૂર પડે છે.
જે સંપ્રદાયો પાસે ભક્તિ માટેનાં અનુષ્ઠાનો અને પુરાણો
છે, તેમાંથી જ દુનિયાની મહાન વિભૂતિઓ ઉત્પન્ન થઈ છે.
જે સંપ્રદાયોએ પ્રતિમા-પૂજાનાં અનુષ્ઠાનો વિના જ પ્રભુની
ઉપાસના કરવાના પ્રયત્નો કર્યા છે, તેમણે ધર્મમાં જે
કાંઈ સુંદર અને ભવ્ય છે, તેનો ઝનૂનપણે નાશ કર્યો છે.
તેમનો ધર્મ વધુમાં વધુ શુષ્ક અને નીરસ બને છે.
જગતના મહાન પુરુષો કે જેમના હૃદયમાં અદ્ભુત રીતે
આધ્યાત્મિકતા વિકાસ પામેલા છે, તે બધા આ ભક્તિના
અનુષ્ઠાનો વડે જ વિકાસ મેળવી શક્યા છે. ઉપનિષદ
પુરુષોને સત્યની સૂક્ષ્મ વ્યાખ્યાઓની જરૂર પડતી નથી.

# ભક્તિયોગ શ્રેષ્ઠ યોગ

દાનનું ફળ ભોગ, શીલનું ફળ સ્વર્ગ,
તપનું ફળ રાજ્ય, ભજનનું ફળ મોક્ષ, યોગનું ફળ સમાધિ,
પરન્તુ ભક્તિનું ફળ તો ભક્તિ જ છે.
ભક્તિ સાક્ષાત પ્રેમનું સ્વરૂપ છે.

ભક્તના પ્રેમનું પાત્ર ભગવાન જ છે એટલે તે
દુન્યવી ભાવો છોડી કેવળ ભક્તિનો જ અનુરાગી બને છે.
ભક્તિ અમૃતના જેવી મધુર અને અમર છે.
એક ભક્ત જ પરમ સંતોષનો અનુભવ કરે છે.
તેને સંસારમાં સ્વાર્થ સાધવાનો ઉત્સાહ રહેતો નથી.
તે પોતાના આત્મામાં જ આનંદનો અનુભવ કરે છે.
કર્મયોગ તથા જ્ઞાનયોગમાં વિઘ્ન આવતાં
સાધક અસહાય બને છે, કિન્તુ ભક્તિયોગમાં તેવું નથી.
ભક્તિ = નાજુક સ્ત્રી, જ્ઞાન અને વૈરાગ્ય = વૃદ્ધ ડોસા.
ધર્મની પ્રેરણા ભક્તિથી મળે. એ પ્રેરક તો જ બને
કે જો તે વડે કર્મયોગ તથા પરાભક્તિની વૃદ્ધિ થાય.

## ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનયોગ

ભક્તિયોગમાં બધું ભગવાનનું, જ્ઞાનયોગમાં પ્રકૃતિનું તથા કર્મયોગમાં બધું પોતાનાથી ભિન્ન - જાણવાનું છે. ભક્તિમાં વૈરાગ્ય અને જ્ઞાન - બંને છૂપાયેલાં છે, કેમકે જેમની ભક્તિ કરવાની છે, તેઓએ સંસારને નિઃસાર માન્યો છે અને મોક્ષને જ એક સારભૂત માન્યો છે. મોક્ષે ગયેલાં - મોક્ષમાર્ગે રહેલાં જેવો ઈશ્વરની ભક્તિ એ વૈરાગ્યની જ ભક્તિ અને આત્મજ્ઞાનની જ ઉપાસના છે. ભક્તિશૂન્ય આત્માનો વૈરાગ્ય દુઃખ કે મોહગર્ભિત છે, જ્યારે ભક્તિમાનોનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હોય છે. આત્મજ્ઞાન ઇચ્છુકોની મનોવૃત્તિ મુક્ત આત્માઓ પ્રતિ ભક્તિભાવથી ભરપૂર હોય છે.

o

ભક્તિયોગ એ objective side છે,
જ્ઞાનયોગ એ Subjective side છે અને
કર્મયોગ એ Subjective - objective side છે.

ભક્તિની પ્રાપ્તિ થતાં મનુષ્યનું મન
નિરાળ - વીતશોક - શાંત - વીતરાગ - નિર્વૈર બની જાય છે.

મનુષ્યની શ્રેષ્ઠતા તેના ભાવ ઉપર છે,
રૂપ, ચાતુર્ય, વિદ્વત્તા, ઐશ્વર્ય કે સત્તા ઉપર નહિ.
જેનો ભાવ શ્રેષ્ઠ, તેની સઘળી યે સંપત્તિ વખાણવાલાયક છે.
જેનો ભાવ કનિષ્ઠ છે, એનું ઐશ્વર્ય પણ શાપરૂપ છે.
તેને સુધારવો, વધારવો, દીપાવવો, તે જ ધર્મનો પાયો છે.
દાનરૂપ, દયારૂપ કે ભક્તિરૂપ ધર્મનું સેવન વખાણાય છે,
કેમકે તે મનુષ્યના ભાવને ઉચ્ચ બનાવે છે.
ભક્તિ ઇચ્છાના ત્યાગરૂપ છે, સર્વસ્વના સમર્પણરૂપ છે,
કેમકે તે પરમ પ્રેમસ્વરૂપ છે.
પરમાત્મા પ્રેમસ્વરૂપ છે, તેથી ભક્તિ પણ પ્રેમસ્વરૂપ છે.
જ્યાં આનંદ હોય, ત્યાં પ્રેમ હોય જ.
ભક્તિ અને પ્રેમ - અભિન્નતાના પર્યાયવાચી છે.
ભક્તિમાં આત્માને નવું ચૈતન્ય મળે છે,
કેમકે ભક્તિના ઉપાસ્યભૂત ભગવાન ચૈતન્યઘન છે.

શ્રદ્ધા ભક્તિની જનેતા છે.

વિવિધ મતોમાં ભક્તિના પ્રકાર બદલાય છે, તત્ત્વ નહીં.

અનુભવ એ ભક્તિથી ભિન્ન નથી.

કર્મયોગ તથા જ્ઞાનયોગ તો અનુભવનાં માત્ર સાધનો જ છે અને ભક્તિયોગ દ્વારા કૃપા મળે છે.

ભક્તિથી ભગવાન ખરીદાય છે.

ભગવદ્ભક્ત શ્રદ્ધાળુ અને તત્ત્વનિષ્ઠ હોય છે.

સંશય એ જ સંસાર...

કેમ કે તેમાં શ્રદ્ધા અને ભક્તિનો અભાવ છે.

ભક્ત બુદ્ધિનો અહંકાર નહીં, હૃદયનો સંતોષ ઇચ્છે છે.

ભક્ત શ્રદ્ધાળુ છે. ઉચિત ભક્ત અશ્રદ્ધા અંત કરે અને તે દ્વારા ભગવદ્વિષયક જ્ઞાનને સૂચવે છે.

પ્રભુ પ્રત્યેની ભક્તિ સદ્ભાવનાં જ્ઞાનમાંથી જ પ્રગટે છે.

ભક્તિના અભાવમાં જ વ્યગ્રતા સ્ફુરે છે.

જ્યાં બુદ્ધિનો અતિરેક, ત્યાં ભક્તિનો નાશ.

માથું નમાવવું અને મારી બુદ્ધિ ઈશ્વરભક્તિમાં વાપરીશ.

પ્રભુને સંતોષ થાય, તે કર્મ ભક્તિની જાગૃતિ કરનારું છે.
કર્મમાં અદ્ભુતતા નહિ પણ તેને કરવાની ભાવનામાં છે.
અહિંસાદિ ધર્મો એ ભક્તિરૂપી વેલાની વાડના સ્થાને છે.
સ્વપરિચના અર્ઘ્યરૂપ અવલંબનદ્વારા ભક્તિયોગથી પરમાત્મા
પ્રસન્ન થાય છે. ભક્તિમાં જે ભાવની અધિકતા કે
પ્રધાનતા હોય, તે રૂપે તેની ભક્તિનો નિર્દેશ થાય છે.
જેના હૃદયમાં યતિજનની ભક્તિ સ્થિર થઈ ગયેલી છે,
એવા સાધુ પુરુષને અન્ન, જળ, શયન, આસન કે વસ્ત્રનું
દાન આપી બહુમાન કરવાથી સર્વાર્થસિદ્ધિ અને મુક્તિપદનો
અધિકારી થાય છે. શાલિભદ્રના જીવે પૂર્વે મુનિની ભક્તિ
કરી, તો સર્વાર્થસિદ્ધિના અધિકારી થયા. મેઘકુમારના જીવે
પૂર્વે એક તિર્યંચની દયા પાળી, તો મોક્ષના અધિકારી થયા.
જે રીતિએ જીવની દયા અને અજીવનો વિરાગ જીવની
ઉન્નતિમાં હેતુ થાય છે, એ જ રીતે નિર્જીવનો રાગ
અને જીવની અરુચિ જીવને દુર્ગતિમાં લઈ જાય છે.
યતિજનની ભક્તિવાળાની ભક્તિમાં જીવને જોડવાનો છે.

## આત્મદર્શનનો ઉપાય ભક્તિ છે.

ભક્તિ = સજાતીય તત્ત્વ સાથે એકત્વનું અનુભવન.

સજાતીય તત્ત્વ = સમગ્ર જીવરાશિ.

તેની સાથે એકત્વનું અનુભવન મૈત્ર્યાદિ ભાવો વડે થાય, તેથી મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ જ ભક્તિનો અભ્યાસ છે.

આસક્તિ ટાળવા માટે આત્માનુભૂતિ એક ઉપાય છે.

આત્માનુભૂતિવાળાની ભક્તિથી આત્માનુભૂતિ નીપજે.

ભક્તિ વડે ઈર્ષ્યા અને અસૂયાદિ ઉપક્લેશો જાય છે.

ભક્તિ એ રાગ-દ્વેષ અને મોહની વૃત્તિઓનું નિવારણ છે.

## પ્રેમપાત્રમાં એકનિષ્ઠા = અનન્ય ભક્તિ.

પ્રાણીમાત્રના સુખે સુખી થવાની જે તત્પરતા, તેને દુઃખી ન કરવાની જે સદા જાગ્રત કુશળતા, તે અનન્ય ભક્તિનું આચરણમાં ઉતારેલું સ્વરૂપ સમજવું. આવી ભક્તિ દેહાદિમાં પરિપૂર્ણ અનાસક્તિ સિવાય સંભવતી નથી, તેથી 'ભક્તિ'નો અર્થ થશે કે : આત્મામાં પરમાત્માના ભાવને લઈને આવેલી ગુણમાત્રમાં અભિરુચિ.

## ઈશ્વરત્વને ખેંચવાનો પ્રયત્ન તે 'ભક્તિ'.

ભક્તિ વડે ભક્ત પોતાના અંતરમાં ભગવાનને શોધે છે.

ભક્તિરૂપી નદીના પ્રવાહમાં તણાવાવાળો આત્મા
પ્રભુમય સમુદ્રમાં આપોઆપ પહોંચી જાય છે.

તપ - જપ - દાન - સ્નાન - ધ્યાનને સાબુની ઉપમા છે,
જ્યારે ચિત્તશુદ્ધિ માટે ભક્તિને જળની ઉપમા છે.

## ભક્તિની પૂર્ણતા એટલે શું?

જરૂરીયાતોનો નાશ થવો, એ ભક્તિની પૂર્ણતા છે.
'તું પ્રભુમાં તન્મય થઈ જા અને પ્રભુ તારામાં સમાઈ જાય'
એ ભક્તિની ચરમ સીમા છે.

એ માટેનું પથ્ય સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ છે.
કુપથ્ય એ સ્વાર્થ વૃત્તિનો સદ્ભાવ છે,
તે સર્વ ઔષધિને ખાઈ જાય છે.

હનુમાને રામના ચરણે સર્વસ્વનું સમર્પણ કર્યું હતું.
મીરાંબાઈ કૃષ્ણમાં તન્મય થઈ પોતાને ભૂલી ગયાં હતાં.
આ સમર્પણ એ જ ભક્તિનું પરમ શિખર છે.

## ભક્તિ અંતઃપ્રેરિત હોવી જોઈએ.

**જેમાં આત્મા ભળતો ન હોય, તે માત્ર આડંબર છે.**

સાધના - ભક્તિમાં વસ્ત્રો અને માળાઓ એટલા ગંભીર
અસર કરતી નથી, જેટલી અંતરની તન્મયતા કરે છે.
અંતરની તન્મયતાના અભાવે સાધના નિષ્પ્રાણ બનશે,
તેમાં સચ્ચાઈ અને સફળતાનો અભાવ હશે.
રેડીયમના એક તોલાની કિંમત ૪ કરોડ રૂપિયા ગણાય છે.
તેનો એક કણ પણ મહાકિંમતી હોય છે.
અસલ રેડીયમનો એક કણ પણ બસ છે, જ્યારે
નકલ રેડીયમનો એક તોલો પણ નકામો છે.
ભક્તિમાં પણ હૃદયનો રસ, સચ્ચાઈની ચમક જો ન હોય,
તો તેનું પ્રમાણ ગમે તેટલું હોય, તેની કાંઈ કિંમત નથી.

**જે ભક્તિમાં આત્માનો અવાજ નથી, તે માત્ર દેખાવ છે.**

વર્ષો સુધી જપ કર્યા, માળાઓ ફેરવી...
છતાં મનમાં પવિત્રતાનું એક કિરણ પણ ન ફૂટ્યું,
કામ - ક્રોધ રૂપી દુશ્મનો ઉપર જો વિજય ન મળ્યો,

# ભગવાનની ભક્તિના માર્ગમાં...

આત્મશુદ્ધદૃષ્ટિ અને વૃત્તિ એ જ પથનું સાધન છે.

ભક્તિ પછી એક અણુ જેટલો ય રાગ ઘટશે નહીં, તો
સુવર્ણ ભસ્મને બદલે પત્થર ભસ્મ ખાધી આ અંદરનો
છૂપો વિકાર સુવર્ણભસ્મની શક્તિને ખાઈ ગયો.

ખરી જરૂર સચ્ચાઈ, હૃદયરસ, અંતરની તન્મયતાની છે.
માંગવું એ ભક્તિક્ષેત્રની બજારની વસ્તુ છે.

ભક્તિમાં તો સમર્પણ છે. આરાધ્યની પાસે સર્વ કે સ્વનું
સમર્પણ કરવાનો પવિત્રતાનો ભાવ એ જ ભક્તિ છે.
ભક્તિ વડે વિષયસુખને ઈચ્છવાનું નહિ, પરંતુ
સર્વના સુખ માટે આત્માને ભૂલી જવાનું છે.

પ્રેમને મારવાનું મન હતું અને એણે શંકાનું ઝેર પીધું.
શ્રદ્ધાને જન્મ આપવાનું મન હતું અને એણે ભક્તિને
જન્મ આપ્યો. શ્રદ્ધા 'મા' છે અને ભક્તિ તેની દીકરી.
પટેલોની હું ભૂલ કરું છું, જ્યારે
બાળ દીકરીને તો હું અનન્ય ભાવથી ચાહું છું.

ભગવાન તરફ પ્રાણોનું અને

ચિત્તવૃત્તિનું તીવ્ર આકર્ષણ એ 'ભક્તિ' છે.

બધી સહજ વૃત્તિઓ જ્યારે ભગવાનમાં સમર્પિત થઈ જાય છે, ત્યારે તે 'ભક્તિ' કહેવાય છે. વિષયોના ભોગમાં આસક્ત મનોવૃત્તિ એ ભગવાનમાં સમર્પણ કરી દેવાથી વિષય વડે મલિન મનોવૃત્તિ દૂર થઈ જઈ ભગવાનની ભક્તિનો અધિકારી બનાવી દે છે.

જ્યારે ભગવાનની પ્રાપ્તિ માટે ઇચ્છા જાગે છે, ત્યારે તે 'કામ' જ ભક્તિમાં પરિણત થઈ જાય છે.

એકને 'કામ' અને બીજાને 'પ્રેમ' કહે છે.

મનોમય કોષમાં પ્રવેશ કરવાનો સરળ રસ્તો ભક્તિયોગ.

વિજ્ઞાનમય કોષમાં પ્રવેશ કરીને તેના પણ પર જવાનો સ્પષ્ટ અને સરળ માર્ગ છે જ્ઞાનયોગ.

બંને માર્ગોની સાધના એક જ છે.

ભક્તિ સ્વાભાવિક છે, તે કેમ કરવી તે શીખાતું નથી પણ વૈરાગ્યના બળથી સ્વાભાવિકપણે થતી જાય છે.

ભક્તિ કરતાં કરતાં જ્યારે
પ્રાણીમાત્રમાં આદરબુદ્ધિ ઉત્પન્ન થઈ જાય,
ત્યારે ફળની પ્રાપ્તિ શીઘ્રપણે થાય છે.

સર્વ પ્રાણીઓમાં ભગવદ્ ભાવ નહીં, ભગવત તત્ત્વનું
દર્શન જ્યારે થાય, ત્યારે તે ઉત્તમ ભક્તિ કહેવાય છે.

<u>ભગવાનમાં બે ગુણ છે : ઐશ્વર્ય અને માધુર્ય.</u>
વિધિપૂર્વકની ભક્તિ દ્વારા ઐશ્વર્યાત્મક ભગવાન અને
રુચિપૂર્વકની ભક્તિ દ્વારા માધુર્યાત્મક ભગવાન મળે છે.

પિતારૂપી ગુરુ અને માતારૂપી શિષ્યના સંબંધ દ્વારા
જ્ઞાનરૂપી પુત્ર અને ભક્તિરૂપી કન્યા ઉત્પન્ન થાય છે.

ગુરુભક્તિહીન શિષ્યમાં
આત્મતત્ત્વ કે ભગવતતત્ત્વ કદી પ્રકાશ પામતું નથી.

ભક્તિ, જ્ઞાન કે કર્મનો ઉદ્દેશ એકમાત્ર આનંદપ્રાપ્તિ છે.
આનંદ જ સર્વને એકમાત્ર પ્રિય વસ્તુ છે.
તે ભક્તિથી - કર્મથી - જ્ઞાનથી મળે છે, માટે
તે અહીં કર્તવ્ય છે અને તે ગુરુભક્તિ વડે સાધ્ય છે.

ભક્તિરૂપ અનુગ્રહ અને પ્રેમરૂપ પુષ્પનો અનુબંધ ફળ છે.

પરમાત્મભક્તિ અને જીવો માટેના પ્રેમરૂપી
જે તુંબડાઓની સહાયરૂપ તપ - નિયમ - સંયમરૂપી રથમાં
જોડેલો સાધક સુખપૂર્વક ભવસાગરને તરી જાય છે.

સજ્જન સાધના કરવા માટે...

ભજન તરીકે જીવોની મૈત્રી-પરમેષ્ઠિ ઉપરની ભક્તિ,
જળના સ્થાને શ્રદ્ધા અને વિશ્વાસ, પવનના સ્થાને તપ,
પ્રકાશ ઉપરાંત ગરમાના સ્થાને રાગ અને પ્રેમ તથા
વાડના સ્થાને ચારિત્ર અને સંયમ છે.

મંદ કષાયોને નિર્મૂળ કરનાર રાગનું લક્ષણ - ભક્તિ છે.
ભક્તિનો વિષય પરમાત્મતત્ત્વ છે અને
સદ્ગતિમાં લઈ જનાર ભક્તિભાવ છે.

ગુણાત્મક ભક્તિ કરતાં સર્વાત્મક ભક્તિ શ્રેષ્ઠ છે.

પોતાના ઇષ્ટદેવમાં ભાવ દેવનો અંતર્ભાવ, તે
અનન્ય પ્રત્યક્ષ થતી ભક્તિ છે. માનસી સેવા ઉત્તમ છે.
ચિત્ત પ્રભુમાં પરોવાય, તે માનસી સેવા છે.

## ભક્તિનું માહાત્મ્ય

### પ્રભુભક્તિ શું શું આપે છે?

તે નામાદિ વડે આલંબન, ઉપદેશાદિ વડે તીર્થ સાધના
તથા સિદ્ધિ વડે આદર્શ અને એ ત્રણેના ફળસ્વરૂપે
શુક્લ ધ્યાન અને સદ્ગતિ આપે છે.
આ વસ્તુઓ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં જ છે,
એથી પ્રભુની ભક્તિ ઉત્કૃષ્ટ કર્તવ્ય છે અને
સાચી ભક્તિ ભગવાનની આજ્ઞાના પાલનમાં જ છે.
આજ્ઞાપાલન જગતના હિત અને મોક્ષ માટે થાય છે.
શ્રદ્ધા એ ભક્તિરસનો સ્થાયી ભાવ છે.
મનની એકાગ્રતા પહેલાં શ્રદ્ધા અને ભક્તિ આવશ્યક છે.
વૈરાગ્ય બોધ આનંદ, ચક્ષુ, માર્ગ આદિનું કારણ છે,
તેમ ભક્તિ પણ આનંદ, તત્ત્વરુચિ, તત્ત્વની જિજ્ઞાસા,
સ્વચ્છતા અને તત્ત્વબોધ આદિનું નિમિત્ત બને છે જ.
રામનામ સાથે રામનું કામ પણ થવું જોઈએ.
ભક્તિ, રાગ સાથે સમત્વની સમતુલા પણ જોઈએ.

પાટણ, મહા સુદ ૧૫, સોમ, સવારે ૮ વાગે

કોકારાના પાડાના શ્રી શાંતિનાથ ભગવંતની આઠ દિવસ

થયેલ ભક્તિના પરિણામે આજે એ સમજાયું છે કે:

ભક્તિનું ફળ સદ્‌બુદ્ધિ છે.

જિનેશ્વરોનું નામ કે ગુરૂઓ, સત્પુરૂષો કે દયાળુ આત્માઓની મન-વચન-કાયાથી થયેલી ભક્તિ કદી નિષ્ફળ જતી નથી. એ ભક્તિનું પ્રધાન ફળ કોઈ હોય, તો તે સદ્‌બુદ્ધિ છે, સમ્યગ્ સમજણ છે અને વિવેકની નિર્મળ શક્તિ છે. શાસ્ત્રવાંચનથી બોધ થાય છે, સદ્‌બુદ્ધિ નહીં. સદ્‌બુદ્ધિનો હેતુ શાસ્ત્રશ્રવણ કે પઠન નથી, પરન્તુ શાસ્ત્રભક્તિ છે.

ભક્તિ વિના બુદ્ધિ સુધરતી નથી.

શાસ્ત્ર બુદ્ધિ વધારે છે, ભક્તિ બુદ્ધિ સુધારે છે.

દેવ-ગુરૂ-ધર્મ કે પંચ પરમેષ્ઠિની ભક્તિ શુદ્ધ બુદ્ધિ તથા બોધિબીજ (સદ્‌બોધનો હેતુ) મેળવવા માટે છે. મંત્ર દ્વારા સકલજીવરાશિ અને ભક્તિ દ્વારા સર્વ પરમેષ્ઠિ ભગવંતો આલંબન પૂરૂં પાડે છે.

ભક્તિ ક્યા પાંચ સાધન દ્વારા થાય ?

ભક્તિ તન, ઈંદ્રિયો, બુદ્ધિ, મન તથા આત્મા દ્વારા થાય,
જેનો પ્રારંભ નમસ્કારથી અને અંત સમર્પણથી થાય છે.
ભક્તિ માટે નમસ્કાર મંત્ર, મોક્ષ માટે સામાયિક સૂત્ર છે.
એનાથી ભક્તિ કેળવાય અને જ્ઞાનથી મોક્ષ સિદ્ધ થાય છે.
ભક્તિશૂન્ય જીવો મુક્તિના દર્શનને પામી શકતાં નથી.
મોક્ષનું ધ્યેય ભક્તિ અને ભક્તિનું સાધન મોક્ષ છે.
મોક્ષ વિના ભક્તિ અને ભક્તિ વિના મુક્તિ અસાધ્ય છે.
ભક્તિ ઉપર જ ફળની નિર્ભરતા માને, તે 'જૈન'.
ભગવાન ઉપર જ ફળની નિર્ભરતા માને, તે 'અજૈન'.
જ્ઞાનનું ફળ મોક્ષ, મોક્ષનું ફળ ભક્તિ,
ભક્તિનું ફળ છે વિરતિ અને વિરતિનું ફળ સદ્ગતિ છે.
પરમહિતભાવરૂપ માતાજીના દર્શન કરવા ભક્તિ જોઈએ.
ભક્તિમય જીવન થાય, ત્યાં શંકા રહે નહીં.
ઉપાસના કે ભક્તિભાવની ભાષામાં
તર્ક કે બુદ્ધિવાદનો આશ્રય લેવો યોગ્ય નથી.

## ભક્તિ = કરુણા, અંતરાત્મભાવ કે અધ્યાત્મ.

ભક્તિ પણ એક પ્રકારની કરુણા જ છે,
કેમકે કરુણા ગુરુના અનુભવના રૂપે વિલીન છે.
જો કરુણા વિલીન નથી, તો ભક્તિની જરૂર જ ક્યાં છે?
કરુણાના કારણે જ ભક્તિ કરવાની છે,
તેથી ભક્તિમાં ય કરુણા છે અને કરુણામાં ય કરુણા છે.

## ઉપાસના કે ભક્તિમાં

સર્વ આત્માની સાથે સંબંધ સાધવા અદ્વૈત રહેલ છે.

પોતાના આત્માને જેવું સ્વરૂપ આપે યા માને,
તેવું જ જાણનું સ્વરૂપ માનીને તાદૃશ ફળ મેળવી શકે.
શુદ્ધ આત્મામાં અનંત સામર્થ્ય હોવાથી ઘણું અચિંત્ય
બને છે, જે બુદ્ધિના વિષયમાં આવવું અતિદુષ્કર છે.
ઉપાસક કે સાધક પોતાના ભક્તિભાવમાં
જેવું માને કે સ્વીકારે, તેવું જ તેને ફળ મળે.
ભક્તિ એ કોઈ પ્રશંસાના શબ્દોનું ઉચ્ચારણ નથી,
પરંતુ ઇષ્ટ તરફ ગતિ કરવાની શક્તિ છે.

## ભક્તિથી સાક્ષાત્કાર કઈ રીતે થાય ?

ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં જે ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ
દર્શાવી છે, તેમાંથી ગમે તે એક પ્રક્રિયાને લઈને જો
ભક્તિયોગ દ્વારા સાધનામાં મંડ્યા રહેવાય,
તો પછી જે કંઈ તત્ત્વ છે, તેનો સાક્ષાત્કાર થાય.
આમાં સરળ માર્ગ એ છે કે જે કંઈ શુભાશુભ કર્મ થાય,
તે બધું જ જો ભગવાનને અર્પણભાવે અર્પણ થાય,
તો તેથી સુખ - દુઃખના પ્રસંગોમાં પણ
સમત્વ, અલિપ્તતા ઉપરાંત સંતુષ્ટતા રહી શકે છે.
જ્ઞાન અને ક્રિયા - બન્નેમાં કર્મ છે, જ્યારે
ભક્તિ સઘળાં કર્મોનું ઉલ્લંઘન કરીને મુક્તિને અપાવે છે.
ઔપાધિક યોગોના મટવાથી નાનાત્વનું એકત્વ થઈ જાય છે.
અનન્ય ભક્તિ વડે ભૃંગા - કીટન્યાયે તદ્‌બુદ્ધિ થઈ જાય છે.
અંતે તે બુદ્ધિનો પણ લય થઈ
વાસનાઓનો ક્ષય અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
સંસારનું કારણ કેવળ અજ્ઞાન નહીં, અભક્તિ પણ છે.

ભક્તિભાવ વિષે શ્રી જંબૂવિજયજીનું મંતવ્ય:

સાધના, ઉપાસના કે ભક્તિભાવના વિષયોમાં
સ્થૂલ તર્કો કે બુદ્ધિને અવકાશ જ નથી.
ભક્તિભાવની ચતુર્થ ભાષા fourth dimensionરૂપ
હોવાથી આવા અતીન્દ્રિય વિષયોમાં
શાસ્ત્રીય-લૌકિક ખુલાસા કે ચર્ચાને સ્થાન જ નથી.
આગમિક દૃષ્ટિએ તો ભક્તિભાવની બધી ભાષા ઔપચારિક
છે, તેવું શાસ્ત્રોમાં ઠેર ઠેર નિરૂપણ જોવા મળે જ છે,
પરન્તુ સૂક્ષ્મ રીતે, અનુભવની દૃષ્ટિએ જોતાં લાગે છે કે
ભક્તિભાવની ભાષા જ ઉપાસના કે પરમાર્થની પ્રાપ્તિમાં
યથાર્થ છે, તેથી અરિહંત અથવા સિદ્ધોની ભક્તિ પ્રસંગે
ગમે તે દેવ સાથે સાક્ષાત્પણે
અનુભવ - વાર્તાલાપ જેવું પણ થઈ શકે છે.
'શબ્દાર્થપ્રત્યયાસ્તુલ્યનામધેયાઃ ।'
એ ભાવ ઉપાસનામાં-આરાધનામાં યાદ રહેવો જોઈએ.
તે વિના આરાધનામાં ખાસ પ્રગતિ કે દૃઢતા સંભવ નથી.

ભક્તિ એક પંખિણી છે.

જ્ઞાન અને વૈરાગ્ય તેની બે પાંખો છે.

સર્વ સાધનોમાં ભક્તિ એ અંગી છે,

વૈરાગ્ય અને જ્ઞાન એ અંગ છે.

આ ભક્તિ નિષ્કામ પ્રેમસ્વરૂપ તથા સર્વોત્તમભાવનારૂપ છે.

આત્મભાવની લગનીવાળી ભક્તિ વિરહવેદનાવાળી રહે.

આવી ભક્તિ વડે જ્ઞાનનિષ્ઠા જન્મે છે,

દેવ-ગુરૂ-સંતની ભક્તિમાં સર્વ ગહન વિદ્યાની ચાવી છે.

ગુરૂભક્તિનું ફળ આત્મતાની નિષ્ઠા છે.

કેવળ પાંડિત્યથી ઈશ્વર અને મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

તે માટે અનુભવી સંતોની ભક્તિ અને

તે દ્વારા ભગવત્ કૃપાની જરૂર છે, એથી દૃષ્ટિ ઉઘડે છે.

સાચી ભક્તિ વડે નર એ નારાયણ સ્વરૂપ બને છે.

સકળ સત્વ પ્રત્યે સ્નેહ - સદ્ભાવનાં પરિણામ જગાવવા,

એ પરમર્ષિ ભગવંતોની કૃપા વિના શક્ય નહિ તથા

એ કૃપા ભક્તિ વિના લભ્ય નહિ.

# મોક્ષની સાધનશ્રેણી

(૧) વિરત - વૈરાગ્ય (૨) આત્મદર્શન (૩) પ્રભુભક્તિ.

સ્વરૂપની ઓળખનાં જે સાધનો તેમાં ૮૧ પ્રકારે ભક્તિ:

(૧) વિરત વૈરાગ્ય: પોતાનું પરમાત્મતત્ત્વ જ્યાં સુધી ના મળે, ત્યાં સુધી જીવને જરા પણ ચેન પડવું ન જોઈએ, તેને સંવેગ અથવા નિર્વેદ કહી શકાય.

(૨) સમ્યક્ આત્મદર્શન = આસ્તિક્ય, અનુકંપા, ઉપશમ. તેથી નિષ્કામ - નિરાશંસ - પ્રેમલક્ષણાભક્તિ પેદા થાય છે.

સકામ ભક્તિ ૮૧ છે, ભક્તિનો ૮૨મો પ્રકાર નિષ્કામ છે.

ચિત્તના ૩ પ્રકાર અને પ્રયોજનોને લક્ષમાં લઈ ૯ પ્રકારે ભક્તિ છે. તે પ્રત્યેકને ભજવાના પાછા ૯ પ્રકાર છે, તેને અન્યોન્ય સાથે ગુણવાથી ૮૧ પ્રકાર થાય છે. જેમ અવિરતિના આસ્રવથી બચવા માટે વ્રત, નિયમ, પચ્ચક્ખાણ જરૂરી છે, તેમ મિથ્યાત્વના આસ્રવથી બચવા માટે જ્ઞાનીઓની કરુણા પ્રત્યે ભક્તિ અને અજ્ઞાનીઓની અજ્ઞાનતા પ્રત્યે કરુણા અનિવાર્ય છે.

## ભક્તિપૂર્વક શરણું લેવાથી મળે સફળતા.

આત્મા માટે પરમ કલ્યાણકારી ઉપદેશાદિ વડે ભગવાન જગતને અભય - શરણાદિ આપે છે અને એ રીતે સફળતાદિ છે જ પણ તે ઉપરાંત અત્યારે ય પ્રભુને શરણે ભાવપૂર્વક જઈએ, તો અવશ્ય શરણું આપે છે.

આ રીતે 'પ્રભુ શરણું આદિ આપી જ રહ્યાં છે' તેવું માનવાથી આપણા ચૈતન્યમાં ભાવ - ઉત્સાહ વધે છે.

'અત્યારે પણ પ્રભુ અભયાદિ આપી રહ્યાં છે' તેવું હૃદયપૂર્વક માનવાથી તેઓ પ્રત્યે સાત્ત્વિક અને અતિશયવાળી ભક્તિ જાગે છે, તેથી આંતરવિશુદ્ધિ અને ભાવ - ઉત્સાહાદિ વધે છે. તે પ્રભુએ આપેલા શરણાનું પ્રકટ ફળ જ છે.

ભક્તિથી ચિત્તની શુદ્ધિ અને તેમાં ઉત્પન્ન થતાં રસથી ચિત્ત બાહ્ય વિચારમાં ન જાય, તેવી એકાગ્રતા - ઉલ્લાસ સિદ્ધ થાય છે. ચૈત્યવંદનાદિ સૂત્રો ભક્તિથી ભરપૂર છે, જેનું જેમ જેમ ચિન્તન વધે, તેમ તેમ ભક્તિરસ વધે છે.

# કૃતજ્ઞતાથી ઉપજે ભક્તિની પાત્રતા.

પ્રભુ માર્ગરૂપ એ ઉપકાર, માર્ગ બતાવ્યો એ ય ઉપકાર.

કૃતજ્ઞતા ટકાવવા અને ભક્તિ પ્રગટાવવા માટે,

આમ ઉભય પ્રકારે પ્રભુને માન્ય છે.

ભક્તિ પહેલું મુક્તિ માટે છે અને

કૃતજ્ઞતા ભક્તિને પાત્ર બનવા માટે છે.

જપમંત્ર ફળવવા માટે એ મંત્ર જેમનામાં છે, તેમની ભક્તિ અત્યંત જરૂરી છે. એ ભક્તિ જ મુક્તિનું એટલે રાગ-દ્વેષ-મોહરૂપી દોષોથી રહિત થવાનું પરમ સાધન છે.

મંત્ર વિના ભક્તિ અને ભક્તિ વિના મંત્ર નહિ.

મંત્રથી સ્નેહરાગ નાશ પામે, ભક્તિથી દૃષ્ટિરાગ નાશ પામે

તથા વિરતિથી કામરાગ નાશ પામે.

મુક્તિનો હેતુ વિરતિ છે, વિરતિનો હેતુ ભક્તિ છે, ભક્તિનો હેતુ મંત્ર છે, મંત્રનો હેતુ ક્ષમાપના છે.

ભક્તિથી સર્પ ફૂલમાળા - અગ્નિ શીતળ - વિષ અમૃત બને છે.

ભક્ત સૌજન્યમૂર્તિ હોય છે, તે સર્વનું શુભ ચાહે છે.

# ભક્તિના અગ્યાર પ્રકારો

ગુણમાહાત્મ્યાસક્તિ, રૂપ, પૂજા, સ્મરણ,
દાસ્ય, સખ્ય, કાંતા, વાત્સલ્ય, આત્મનિવેદન,
તન્મયતા અને પરમ વિરહાસક્તિ.

દાસ્યભાવથી પ્રતિદિન અહંકાર ઓછો થતો જાય છે.
પોતાને તૃણથી પણ નીચ સમજે છે, તેથી
માન માંગતો નથી અને વૃક્ષથી પણ અધિક સહિષ્ણુ
બનીને બધાને માન આપે છે. એ સ્થિતિમાં કરેલી
ભક્તિને જ સર્વ સાધકગણ સાચી ભક્તિ સમજે છે.

શાસ્ત્રોમાં જણાવેલ ચાર અનુષ્ઠાનમાં રહેલ ભાવ
પ્રીતિમાં મધુરભાવ છે, ભક્તિમાં વાત્સલ્યભાવ છે,
વચનમાં દાસ્યભાવ છે તથા અસંગમાં સખ્યભાવ છે.
દાસ્યભાવમાં સાધક પોતાને નાનો અને ભગવાનને મોટાં,
પોતાને સેવક અને ભગવાનને સેવ્ય માને છે, જ્યારે
સખ્યભાવમાં નાના-મોટાંની ભાવના વિલીન થાય છે
અને સ્નેહ તથા આકર્ષણની માત્રા વધતી જાય છે.

## દાસ્યભક્તિ તથા આત્મસમર્પણભક્તિ

પ્રભુની આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરવું, તે 'દાસ્યભક્તિ'.

'कृत्वा देहादिकं तस्य प्रीत्यै सर्वं तदर्पणम् ।
निर्वाहस्य च शून्यत्वं यत् तदात्मसमर्पणम् ॥१॥'

આકૃતિઃ બધું સમર્પણ કરીને પોતાના નિર્વાહ માટે પણ સ્વ પાસે કંઈ ન રાખવું, તે 'આત્મસમર્પણ ભક્તિ' છે.

પ્રભુની ભક્તિ માતાની જેમ દાસ્યભાવથી, પિતાની જેમ મિત્રભાવથી, સખાની જેમ વાત્સલ્યભાવથી અને ગુરુની જેમ મધુરભાવ અથવા શાંતભાવથી કરવી આવશ્યક છે.

ભગવદ્ભક્તના હૃદયમાં 'હું તેનો દાસ છું' એવી ભાવના પ્રથમ ઉદ્ભવે છે. આનો પરિપાક થવાથી પૂજકના હૃદયમાં 'પૂજ્ય દેવ મારું સત્ય છે' એ ભાવના ઉદ્ભવે અને આ ભાવનાના પરિપાકથી અંતે પૂજ્યને પોતાનું સ્વરૂપ માને છે. કહ્યું છે કેઃ ભગવચ્ચરણાત્ય અને સાધનાભ્યાસના પરિપાકથી પુરુષત્વ પ્રાપ્ત થાય છે. ધ્યેય દેવતાની જેવી આકૃતિ હોય, તેવી જ ધ્યાન કરનારાની હાર્દિક ભાવનાઓ બને છે.

ભક્ત - ભગવાન - ભક્તિ એવા ત્રિરૂપનો ત્યાગ કરી
દાસ્યભાવે અથવા સખ્યભાવે ભક્તિ કરવી જોઈએ.

દાસ્ય ભક્તિમાં સાધક પ્રભુને સ્વામી-પોતાને દાસ માને
તથા પ્રત્યેક કાર્ય પ્રભુની સેવા - આજ્ઞા સમજીને કરે.
તે પ્રભુ આજ્ઞાથી વિરુદ્ધ એક પણ કાર્ય કરતો નથી.

તે ભોજન - વસ્ત્ર વગેરેનો ઉપભોગ પણ
ભગવાનની સેવાના ફળ રૂપે જ કરે છે.

ભક્તિ એ સ્નેહભાવનો જ અધિક વિકાસ છે.

ભક્તિ એ પરમ વિરક્તિરૂપ છે, કેમકે
તે 'અહં' પ્રત્યેના રાગની વિરોધિની છે.

સ્વદોષનો પક્ષપાત એ રાગ છે અને
પરગુણનો પક્ષપાત એ તેનો પ્રતિપક્ષ છે.

ભક્તિથી સ્વદોષપક્ષપાત રૂપી રાગ અને પરગુણઉપેક્ષા
કે માધ્યસ્થ્ય રૂપી દ્વેષ - ઉભયનું નિરાકરણ થાય છે.

મરણના સ્મરણથી વૈરાગ્ય જાગે છે અને
મુક્તિના સ્મરણથી ભક્તિ જાગે છે.

## ભક્તિના પાંચ ભાવો

શાંત - શાંતિમય આનંદ. સખ્ય - મૈત્રીની ભાવના.
દાસ્ય - ઈશ્વર માલિક અને આપણે નોકર.
વાત્સલ્ય - બાળક અને માતા-પિતા વચ્ચેની ભાવના.
મધુર - દાંપત્યપ્રેમ, પોતાનું ભિન્ન અસ્તિત્વ વિસરી જવું.
ભક્તિમાર્ગના 3 સહેલા રસ્તા: શ્રવણ, કીર્તન, સ્મરણ.

'હું કરું છું' એ વૃત્તિ જ્યાં સુધી બેઠી છે, ત્યાં સુધી બંધ છે,
'હું આસરા પામું છું' એ વૃત્તિ આવી, એટલે નિર્જરા છે.
એકમાં 'અહંકાર' છે - બીજામાં 'ભક્તિ' છે.
ભક્તિ માટે જૂઠ, પ્રપંચ, મદ, માત્સર્ય, ઈર્ષ્યા, ક્રોધ છોડવા.
મનુષ્ય જ્યારે ઈશ્વરના વિચારમાં અખંડ રસોપરસી રહે,
ત્યારે એના ચિત્તમાં ઉપરના વિચારો આવતાં નથી.
પ્રેમની અખૂટ ધારા જ્યારે વહેતી થાય,
ત્યારે ભગવાનનું ખરેખરું રૂપ આપણે જોઈ શકીએ.
પ્રેમનું સ્થાન હૃદય છે. પ્રેમનો ઉદય ભક્તિમાંથી થાય છે.
ભક્તિ માટે હૃદયને તૈયાર કરવું જોઈએ.

# ભક્તિનું મૂળ દાસ્ય

શાંતરસમાંથી દાસ્ય, દાસ્યમાંથી સખ્ય અને
સખ્યમાંથી માધુર્યરસ ઉત્પન્ન થાય છે.
શાંતનો વિશિષ્ટ ગુણ નિષ્ઠા, દાસ્યનો વિશિષ્ટ ગુણ સેવા,
સખ્યનો વિશિષ્ટ ગુણ અસંકોચ - લાલન તથા
માધુર્યનો વિશિષ્ટ ગુણ આત્મસમર્પણ છે.
ભક્તિનું મૂળ દાસ્ય છે તથા ફળ માધુર્ય - પ્રેમ છે.
ઐક્ય અને વૈચિત્ર્યનું પૂર્ણ સામંજસ્ય એ રસતત્ત્વ છે.
રસમાં આસ્વાદન, ચર્વણા, ત્રિપુટી, આનંદમયાદિ હોય છે.
પૂર્ણાહુતિનો અનુભવ એ જ રસબોધ.
અભેદમાં પણ અલૌકિક ભેદ છે.
મુખ્ય ભક્તિ શાંતરસરૂપ - ગૌણ ભક્તિ ભાવરૂપ છે.
ભક્તિનું બીજ એ રીતે શાંતરસ છે.
ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના તેમની ભક્તિ
કરવામાં આવે, તો જારના પ્રેમ જેવો તે પ્રેમ ગણાય
અને જારના પ્રેમમાં પ્રિયતમના સુખથી સુખ મળતું નથી.

ભક્તિનું બીજું નામ રસ અથવા અનુરાગ છે.
જ્ઞાન-કર્મયોગાદિ સઘળાં યોગોમાં ભક્તિ અપેક્ષિત છે.
અતિરિક્ત દેવોની ભક્તિ પણ નહિ, કારણકે
એના સરખી બીજી ભક્તિઓ છે તથા આ અનન્ય છે.
ભક્તિ 'રાગ' છે, માટે દુઃખસ્વરૂપ આગાર ત્યાજ્ય છે,
તેમ નહિ. ઉત્તમના સંગની જેમ તેનો આશ્રય ઉત્તમ છે.
સંગ ત્યાજ્ય છે પણ સત્પુરુષોનો સંગ અસંગ થવાનું
ઔષધ છે. ભક્તને યોગાદિથી પણ અધિક કહ્યો છે.
ભક્તિમાં કર્મ નહિ, કદાચ હોય તો ક્રિયામાં રહેલ છે.
ભક્તિ એ ક્રિયા નહિ પણ અર્પણ છે.
જ્ઞાન માટે ભક્તિ અને ત્યાગ - એ બે જોઈએ.
ભક્તિ જ્ઞાનથી ય અધિક છે. તેમાં જ્ઞાનનો વિલય છે
-વિશિષ્ટ લય છે. શ્રદ્ધા અને ભક્તિમાં પણ ભેદ છે.
શ્રદ્ધા સાધારણ છે, જ્યારે ભક્તિ અસાધારણ છે.
બન્નેને એક માનવાથી અનવસ્થા છે.
ભક્તિની પરિશુદ્ધિ પ્રેમનાં ચિહ્નોથી જાણવી.

## ભક્તિના ત્રણ પગથિયાં

ભક્તિનું પ્રથમ પગથિયું દાસત્વ, બીજું સ્વામિત્વ અને
ભક્તિનું ત્રીજું પગથિયું એકત્વ છે.

## ભક્તિની ઉત્તમ કક્ષા ત્રણ અવસ્થા

દાસમાંથી દાસોઽહં પ્રકટે, અંશમાંથી સોઽહં અવસ્થા પ્રકટે
અને આત્મભાવમાંથી ૐ અવસ્થા પ્રકટે છે.

ભક્તિયોગનું સમત્વ = સર્વ જીવો ઉપર મિત્રભાવ યા
શત્રુ - મિત્રમાં સર્વત્ર સમદૃષ્ટિ રાખવી તે.

સરળતાની સીમા તે ભરત.
સ્નેહની સીમા તે રામ. ભક્તિની સીમા તે સીતા.
સ્નેહ અને ભક્તિનો સુમેળ તે સીતારામ.

## હનુમાનજી રામને કહે છે કે:

દેહભાવથી હું તારો દાસ, જીવભાવથી તારો અંશ અને
આત્મભાવથી હું તારાથી અભિન્ન છું.

ભક્તિની પ્રથમ ઉત્પત્તિ ભીરુતામાંથી, તેનો વિકાસ છે
ધીરતામાં અને ભક્તિની પરાકાષ્ઠા શૂરવીરતામાં છે.

ભક્તિમાં કેવળ દાસ્યભાવ છે એમ નહીં, કિન્તુ
સખ્યભાવ - વાત્સલ્યભાવ વગેરે ભક્તિનાં જ અંગો છે.

પરમાત્મા નિરંજન છે અર્થાત્ જન્મ - મૃત્યુથી પર છે.

ભક્તિમાં ભક્ત પોતાના સ્વને પ્રભુમાં વિલીન કરી દે છે.

વિશુદ્ધ આચાર અને સંયમપૂર્વક જીવન વિતાવવાથી
ઘરમાં રહીને પણ ભક્તિની સાધના થઈ શકે છે.

અનન્ય ભાવથી પરમાત્માના શરણમાં રહીને
ભક્તિ કરવાથી જીવનની સાર્થકતા થઈ શકે છે.

પ્રભુને તે જ જાણી શકે, જે જીવ ઉપર તે કૃપા કરે.

પરમાત્માને જાણનારો તેનાથી અલગ રહેતો નથી પણ
ભક્તિ કરી તેમના સ્વરૂપમાં લીન થઈ જાય છે.

ઈશ્વર ઉપરની અતૂટ શ્રદ્ધાભક્તિથી સમતાયોગ મળે.

ભક્તિ વિનાનું જ્ઞાન મિથ્યાભિમાન છે.

'હું નિમિત્તમાત્ર છું' એવી નમ્રતા આવે અને
મનનો બધો જ અહંકાર ગળી જાય, ત્યારે
સાચી અનાસક્તિ, નિર્ભયતા તથા નિરહંકારતા આવે છે.

# ભક્તિનું ખરું રહસ્ય

ભક્તિમાં દીનતા - સેવા - સમર્પણતા છે.

તેથી ભોગ આપવા માટે જ્ઞાન તો કૃપણ છે.

તે વૈરાગ્યબંધુ હોવાથી નિષ્ઠુર છે - ભક્તિથી નાસતો ફરે છે.

ખરો સાક્ષાત્કાર ક્યારેય નર્યા જ્ઞાનથી થતો નથી.

પરબ્રહ્મ પામવા જ્ઞાન નહીં પણ ભક્તિ જોઈએ.

ભક્તિની નિશાનીઓ વિનમ્રતા, સદાચાર,

સેવા તથા ભગવાન દ્વારા થતું યોગક્ષેમવહન છે.

ભક્તને જ્ઞાન અને સિદ્ધિઓ સહજ છે, તે શાસ્ત્રો દ્વારા

મહામહેનતે મેળવેલ નહીં પણ ભગવાને બક્ષેલ હોય છે.

જ્ઞાનની શોભા પ્રેમથી છે, ભક્તિથી છે.

સૌમાં ભગવદ્દર્શન ન જાગે, તો એ જ્ઞાન શા કામનું?

ભક્તિ સ્વાશ્રયી - સબળ ઉચ્ચ દિવ્ય નૈસર્ગિક સુગંધ છે.

'ભક્તિ' એટલે શ્રેષ્ઠ પ્રેમ, પરમ પ્રેમ, ઉત્કૃષ્ટ અનુરાગ.

ભક્તિનો અધિકારી જ્ઞાની - જ્ઞાનનો પાત્ર શુદ્ધચિત્તવાન છે.

શ્રદ્ધા પોતે મૂકવાની છે, ભક્તિ નિમિત્તે જગાડવાની છે.

# ભક્તિ અને સમર્પણ

ભક્તિનું ખરું રહસ્ય સમર્પણમાં તેમ જ
ગુણગ્રાહણ અને ગુણીનું અનુસરણ કરવામાં છે.
સમર્પણનું બીજ કૃતજ્ઞતામાં છે.
પોતાના ઉપર થયેલ ઉપકારનું સ્મરણ સાચું તો જ કહેવાય
કે જો પોતે તે પરોપકારગુણનું ગ્રાહણ અને અનુસરણ કરે.
વાસ્તવિક ભક્તિ જીવનને પરોપકારપરાયણ બનાવવામાં છે.

ભક્ત એટલે લેનાર નહીં પણ દેનાર.

ભક્તિ સર્વ સમર્પણ સ્વરૂપ છે.

ભક્તિ એ રાગરૂપ નહીં પણ રાગને ધોનારી છે.
કામના એ આરાધનાની પ્રતિપક્ષી - વિરાધનાસ્વરૂપ છે.
ભક્ત તો દાતા છે, તે લેનાર કેવી રીતે બને?
વસ્તુ ઉપરની પોતાની સત્તા ઉઠાવી લઈ
બીજાની સત્તા સ્થાપવી, તે જ ખરું 'દાન' છે.
ભક્તિ ઇચ્છાપૂર્તિ હોતી જ નથી.
ભક્તિનો પ્રાણ = વિશ્વભરના ન્યાયતંત્રમાં પ્રામાણિક શ્રદ્ધા.

## સાચી ભક્તિ એટલે...

અહંકારની અત્યંત શૂન્યતા - કૃતિત્વનો સર્વદા અભાવ.

શ્રદ્ધા એ માતા અને ભક્તિ તેની પુત્રી છે.

પ્રભુના સ્થાને પોતાનું સ્થાપન કરવું, એ અહંકાર છે.

ભક્તિનો ઉદય આ અહંકારનો નાશક છે.

કર્મ, જ્ઞાન કે યોગ - ભક્તિના વિરહમાં ચરિતાર્થ થતાં નથી.
ભક્તિ વિનાનાં તે મુક્તિની આસક્તિવાળાં હોવાથી
બંધનરૂપ બનીને સંસારનું જ કારણ થાય છે.

અહંકારની એક મહિમા છે,
પછી તે કર્મની, જ્ઞાનની કે યોગની ભલે હો,
ત્યાં શુદ્ધ વાસ્તવિક ભક્તિનો સદ્ભાવ નથી.

કર્મનું ફળ પરોક્ષ જ્ઞાન, જ્ઞાનનું ફળ યોગનિરોધરૂપ
સમાધિ, સમાધિનું ફળ અપરોક્ષ જ્ઞાન અને તેનું ફળ
પરમપ્રેમરૂપ ભક્તિ છે, કર્મ વગેરે ભક્તિનાં સહાયક છે.
કર્મ વગેરે કરવા છતાં ભક્તિ ન ઉપજે,
તો ઉપરોક્ત બધાંની નિષ્ફળતા સમજવી.

# ભક્તિ અમૃત વરસાવનારી છે.

સૌનાં ચિત્તની સાત્ત્વિક પ્રસન્નતાને ભક્તિ પેદા કરે છે.
ઈશ્વરભક્તિ અને પ્રસન્નતા માટે મંગળજાપ રોજ કરો.
ભક્ત શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત, કર્મમાં કુશળ અને
યોગમાં પ્રવીણ હોય છતાં ભગવાનની કૃપાથી એ બધામાં
આત્માભિમાનની મુદ્રા લગાડતો નથી.
'સાચા કર્તા, સાચા જ્ઞાની, સાચા યોગી એક પ્રભુ જ છે.
હું તો અલ્પજ્ઞ, અલ્પશક્તિ, સદા ન રહેનારા યોગવાળો
અનીશ્વર છું. પ્રભુ સર્વશક્તિ, સર્વજ્ઞ, સદાયોગી છે.
હું તો તેમનો કૃપાપાત્ર છું, કર્તા અને કારયિતા તે જ છે.
હું સ્વતંત્ર નથી પણ તેમને પરતંત્ર છું'
આવું ભાન દૈન્ય અને સત્ય જીવન છે.
તે શિવમયનું જીવન એ વાસ્તવિક મરણ છે.
ભક્તિ, અનુભૂતિ અને સ્વરૂપસ્થિતિ પર્યાયવાચી છે.
તેનું મુખ્ય સાધન સમ્યગ્ભજન છે.
દૃઢ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી જડ પણ ચેતન બને છે.

ભક્તિ સ્વયં પ્રમાણ છે,

કેમકે તે બુદ્ધિપ્રધાન નથી, પરંતુ હૃદયપ્રધાન છે.

હૃદય સાચું સમજે છે, ભેદ માત્ર બુદ્ધિમાં છે, હૃદયમાં નથી.

ભક્તિ હૃદયમાં સ્ફુરે, બુદ્ધિમાં નથી, તેથી સ્વયં પ્રમાણ છે.

ભક્તિ સ્વાનુભવે ઠરે છે, પરાનુભવે નથી.

શબ્દપ્રમાણમાં શાસ્ત્રકુશળ,

અનુમાનમાં ન્યાયવિદ્યામાં પ્રવીણ અને પ્રત્યક્ષમાં દોષરહિત

અદૃષ્ટ ઇંદ્રિયવાન પુરુષ અધિકારી છે, ભક્તિમાં તેમ નહિ.

હૃદયમાં સ્ફુરતી ભક્તિ જાતે જ પ્રમાણરૂપ હોવા

અન્ય કોઈપણ પ્રમાણોથી નિરપેક્ષ છે.

જેમ જેમ ભક્તિ વધે છે, તેમ તેમ દોષનિવૃત્તિ સધાય છે.

દોષ જતાંજ પરમાનંદ પ્રગટે છે.

શાંતિકારિણી–પરમાનંદદાયિની ભક્તિ સ્વતઃ પ્રમાણરૂપ છે.

પોતાનું સર્વભાવે સંપૂર્ણ સમર્પણનું નામ 'ભક્તિ' છે.

એવો ભક્ત હંમેશા નિશ્ચિંત રહે છે.

સકળ સિદ્ધિ ભગવદ્વિષયક ભક્તિના અભ્યાસને આધીન છે.

ભક્તિ ભક્તની ઉપર એ મહાન ઉપકાર કરે છે કે
ભક્તને સિદ્ધિ સાધવા તેઓ પ્રત્યેક પળે સહાયક બને છે.
ભક્તિની સિદ્ધિની પરીક્ષા ભક્તિવ્યવહારથી જ થાય છે.
કામ - ક્રોધ - લોભ - મોહને જીતવા માટે કામિની, વેરી,
કંચન અને નાસ્તિકની કથા સર્વદા વર્જ્ય. દૈવત્વની
પ્રાપ્તિ અને આસુરતાની હાનિ માટે ભક્તનો પ્રયત્ન છે.
તેને અહંકાર, દંભ આદિ આસુરી વૃત્તિઓ ત્યાજ્ય છે.
ઉપાસનામાં બે વસ્તુ છે: આહ્વાન અને વિસર્જન.
જે સર્વ ભૂતોને પોતાના આત્મામાં જુએ અને પોતાના
આત્માને સર્વ ભૂતોમાં જુએ, તે કોઈની ઘૃણા કરતો નથી.
સર્વ ભૂતો આત્મામાં છે, એ 'સંશ્લેષણ' છે અને
સર્વ ભૂતોમાં આત્મા છે, એ 'વિશ્લેષણ' છે.
આત્મામાં ભૂતોને માનવા, એ સ્વાર્થ - ભૂતોમાં આત્માને
માનવો, એ પરમાર્થ. સર્વ ભૂતોને આત્મામાં જોવા, એ
જ્ઞાન અને સર્વ ભૂતોમાં આત્મા જોવો, એ ભક્તિ છે.
ભક્તિ પરબ્રહ્મને પ્રાપ્ત કરાવવાનું સાધન છે.

## ભક્તિના ૪ આલંબનો છે નામ, રૂપ, સેવા અને ભાવ.

### પ્રેમલક્ષણા ભક્તિનો અનુભવ

ભાવ એ બોલવાની નહીં પણ અનુભવવાની વસ્તુ છે.
જીવનનાં બધાં કાર્યો પ્રભુની આરાધના જ થતાં હોય
અને 'પ્રત્યેક કાર્યનો સાક્ષી ભગવાન છે' એમ લાગે,
ત્યારે પ્રેમલક્ષણાભક્તિ પ્રગટ થાય છે.
જીવાત્માએ પોતાના અધિષ્ઠાન સર્વાત્મા તરફ ધ્યાન લગાડી,
'બેઉ એક તત્ત્વના છે' એવો સાક્ષાત્કાર કરી અને
પ્રેમલક્ષણા ભક્તિમાં નિમગ્ન થઈ,
સમર્પણતા અને શરણાગતતામાં એક થવાનું છે.
સજાતીયત્વ હોવી પ્રેમલક્ષણા ભક્તિ જાગે છે.
પ્રેમલક્ષણા ભક્તિ જ એવું સાધન છે કે જેમાં ચિત્ત,
હૃદય, બુદ્ધિ, મન સહિત આખા શરીરસંઘાતની સ્થૂલ-
સૂક્ષ્મ બધા જ ચીજો ભગવત્સેવામાં લગાડી શકાય છે.
પ્રેમ-ભક્તિ કરનારને પ્રભુ પોતે જ સાથી બનાવી દે છે.
આત્મા અક્ષરબ્રહ્મ છે, પરમાત્મા પરબ્રહ્મ છે.

ભક્તિ કરીને પ્રભુને મેળવવા છે?

તો માણસ જેનું મન સત્ય સાગર જેવા વાણી જેની હોય,
તે જ ભગવાનને મેળવી શકે.

પ્રેમલક્ષણા ભક્તિનું માહાત્મ્ય શાસ્ત્રોમાં ય ગવાયું છે.
પ્રેમલક્ષણા પરાભક્તિના સાયુજ્યથી મોક્ષ મળે છે.
વાસ્તવિક રીતે એવા ભક્તિ તથા જ્ઞાનમાં ભેદ નથી.
પ્રેમલક્ષણાભક્તિનો અર્થ આરાધ્યતત્ત્વનો અધ્યવસાય છે.
પ્રેમ ચોવીસે કલાક ઉપરાંત એ સંસ્કારો જ લેવા ઘટે:
સત્ય, પ્રેમ, કરુણા, નિર્ભયતાપૂર્ણ, નિરહંકારપણું.

'आराध्यत्वेन ज्ञानं भक्तिः ।'

ભક્તિ એક પ્રકારનું જ્ઞાન જ છે,
જેમાં આરાધ્ય તત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે.

°

Bhakti = To be one with the ideal, identification and complete absorption in the source and substance.

ભક્તની પાસે જો પ્રેમસ્વરૂપા ભક્તિ વિદ્યમાન છે, તો ભક્તના હૃદયમાં ભક્તિચન્દ્રિકાના સહજ ઉદયથી દયાસિન્ધુમાં ભરતીઓનું ઊઠવું, એ સ્વાભાવિક છે.

<u>ભક્તિમાં 'વિરહ' શબ્દ તીવ્ર સંવેગના અર્થમાં વપરાય છે.</u>

સૌએ રંક થઈ, ભિખારી જેવી પ્રાર્થનાઓ કરવી અને

તેના ચરણની રજ થઈ પ્રેમભક્તિ માગવી.

પછીનો રસ્તો તે જ સરળ કરશે.

ભક્તનું યોગ અને ક્ષેમ ભગવાન કરે જ છે,

માટે સાધકોએ ભક્તિમાં આગળ વધવું.

જ્યાં સુધી અકિંચન મહાપુરૂષોની ચરણરજનું સેવન માન મૂકીને ન થાય, ત્યાં સુધી પ્રભુની અહૈતુકી કૃપા ન ઊતરે.

<u>વીતરાગની ભક્તિ ફળે શી રીતે?</u>

ભક્તિ ફળે તો વીતરાગની જ - સરાગીની ભક્તિ ન જ ફળે.

સેવા = આપણા અંતરને કોઈના ચરણોમાં સમર્પિત કરવું અને જેમના આલંબને આપણા મન - વચન - કાયા અખંડ અહીં સાર્થક થયા, તેમનું દાસત્વ સ્વીકારવું તે.

## હું કરતો નથી - મારા વડે કરાય છે.

'अहं करोमि ।' भाव છોડીને 'मया क्रियते ।' भाव ભક્તિનો સૂચક છે. દ્રવ્યરૂપી કાર્ય, ક્રિયારૂપી કર્મ અને કર્તારૂપી કારક જ્યારે પ્રભુઆશ્રિત થઈ જાય છે, ત્યારે પ્રભુની કૃપા અને પ્રભુના પ્રસાદરૂપી બંને ભુજાઓ વડે ઉંચકાઈને જીવ ભીમભવોદધિને તરી જાય છે. પરબ્રહ્મ અને તેના સ્વભાવબ્રહ્મ એ જ બધું કરે અને કરાવે છે. પરવશ એવો જીવ તો ફક્ત ભક્તિ વડે કૃપા અને પ્રસાદ મેળવીને જ પરાશાંતિને પ્રાપ્ત કરવાનો રહે છે.

સમર્પણતાનું આ ગુહ્ય જ્ઞાન ગુહ્યથી ય ગુહ્ય છે, રાજવિદ્યા - રાજગુહ્ય છે. ભક્તિમાર્ગ નિરોધાત્મક છે.

નિરોધ અથવા નિવૃત્તિ એટલે...

ભક્તિ દ્વારા બહિર્મુખ પ્રવૃત્તિમાંથી અંતર્મુખ થવું તે.

ભક્તિ તે છે કે જેનાથી ભગવાનમાં આનંદ ભાવ જાગે અને તેમાં વિઘ્ન નાંખનારાં તત્ત્વો ઉપર અણગમો થાય.

ભક્તિપ્રાપ્તિના માર્ગો રુચિની વિચિત્રતાથી અનેક છે.

જ્ઞાન દીપ છે, તો ભક્તિ એ મશાલ છે.

જ્ઞાન પ્રકૃતિનું જ ફળ છે, પુરુષનું નહીં.

પુરુષનું તો ભાન જ હોય છે અને તે ભક્તિથી જ થાય છે. જ્ઞાનમાર્ગમાં મોટામાં મોટું વિઘ્ન એ છે કે જ્ઞાન વધારવાના પ્રયત્નમાંને પ્રયત્નમાં મન સહિત સ્થૂલ અને સૂક્ષ્મ ઈંદ્રિયો સતેજ થતી જતી હોવાથી પ્રમાદી બની જાય છે, તેથી અંતર્મુખતાને બદલે બહિર્મુખતા જ વિશેષ ફળ છે અને પછી વિષયો સાથે ભટકાતાં ભટકાતાં દુરાચાર વધે છે. આ ભય ભક્તિમાર્ગમાં નથી, કેમકે તેમાં જ્ઞાનાદિથી બહું ઉત્તેજિત થવાને બદલે સોપાધિકથી બહું દીન-સંપન્ન બને છે, તેથી નમ્રતાપૂર્વક ભક્તિ એક શિરોમણિ સાધન છે, Finishing touch - કોઈપણ યોગમાં અનિવાર્ય સાધન છે, પરન્તુ જ્ઞાન એકલું અનિવાર્ય સાધન નથી જ. ભક્તને પ્રભુ પોતે જ કૃપા કરીને બુદ્ધિયોગ આપે છે.

જ્ઞાનીને મન દૂધનું દહીં થવું, એ ઘૃણાસ્પદ વિકાર - ભક્તને મન તે વિકાર જ નવનીત કાઢનારું સામર્થ્ય છે.

જ્ઞાન અને વૈરાગ્ય વિનાની ભક્તિ દૃઢ થતી નથી.
જ્ઞાન અને વૈરાગ્યની સાથે ભક્તિ આવવી જોઈએ.
જ્ઞાન-વૈરાગ્ય સાથે ભક્તિ આવશે, તો તે સ્થિર રહેશે.

ભક્તિ - સમર્પણ અને વૈરાગ્ય - અનાસક્તિ સાધન છે.
ઈશ્વરને સર્વસ્વ સમર્પણ કરો અને અનાસક્તિ ભોગવો.

ભગવાનના નામનું સ્મરણ - કીર્તન કરનાર દરેકની
જાતિ બદલાઈ જાય છે અને દેવ બની જાય છે.

જેમ જેમ પરિપૂર્ણ જ્ઞાન તરફ જતાં જઈએ,
તેમ તેમ સૃષ્ટિ લાગે જ નહીં,
સૃષ્ટિના દરેક સંબંધો સાવ ફીક્કા લાગે અને
જ્ઞાનીના જીવનમાંથી કામ ચાલ્યો જાય છે.

જે વિચારમાં રહે = જ્ઞાન, અનુભૂતિમાં આવે = વિજ્ઞાન.
જ્ઞાતા અને કર્તાના મિશ્રણને 'વિજ્ઞાતા' કહે છે.

કામાસક્તિનું સ્થાન ભાવાસક્તિ લે, ત્યારે જ ભક્તિ જાગે.

માનવ જ્યારે પ્રભુપ્રેમ ભૂલી જાય તથા
ઈશપ્રેમને ન ઓળખી શકે, ત્યારે તેનું પતન થાય છે.

મૈત્રી અને વૈરાગ્યનો અહંકાર ન થાય,
તે ખાતર પણ પ્રભુની ભક્તિ આવશ્યક છે.

ભક્તિ એ ક્રિયા + જ્ઞાનના અજીર્ણને રોકે છે અને મૈત્રી + વૈરાગ્યના અહંકારને તોડે છે, કેમકે જ્ઞાન, મૈત્રી, ક્રિયા અને વૈરાગ્ય જેમાં પ્રકર્ષને પામેલા છે, તે પ્રભુ અહંકારરહિત છે. તેમના પ્રત્યેની ભક્તિ જ નિરહંકારિતા તથા નિરભિમાનિતાને લાવે છે. મન - વચન - કાયાથી પ્રભુના વિચાર- વર્તન - વાણીને અનુસરવું, તે જ ભક્તિ.

સુખનો હેતુ ધર્મ અને દુઃખનું મૂળ પાપ છે.
એ પાપથી બચવા માટે હૃદયમાં સૌ પ્રથમ ભક્તિ જોઈશે.

જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ

કાશી એ જ્ઞાનભૂમિ છે, અયોધ્યા એ વૈરાગ્યભૂમિ છે, વ્રજ એ પ્રેમભૂમિ છે, નર્મદાકિનારો એ તપોભૂમિ છે. તપોભૂમિમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ - ત્રણે સિદ્ધ થાય.

'ચાહ મિલે ચોસઠ ઘડી, ચાર રહે કર જોડ,
હરિ જન સેં હરિ જન મિલે, હરખે સાત કરોડ.'

જેના જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય -
એ ત્રણે ય વસ્તુઓ પરિપૂર્ણ હોય,
એને ભક્તની વાણીમાંથી રસાસ્વાદ પ્રાપ્ત થાય છે.
જે પ્રભુની સેવા કરે છે, તે જગતની સેવા કરે છે.
સતત ભક્તિ કરે, તેનો દેહ પણ સચ્ચિદાનંદ બને.
ભક્તિ અતિશય વધે છે, ત્યારે દેહ પણ દિવ્ય બને છે.
સજ્જનમાં પરમાત્માનાં દર્શન કરે, તે ધર્મ છે,
પરન્તુ દુર્જનમાં પરમાત્માને જુએ, તે મહાધર્માત્મા છે.
ભક્તિ વધે, ત્યારે અભિમાન મરે તથા દીનતા આવે,
કિન્તુ અભિમાન વધે તો માનવું કે ભક્તિમાં ભૂલ છે.
કામથી કર્મ - ક્રોધથી જ્ઞાન અને લોભથી ભક્તિ ઉદ્ભવ છે.

<u>પ્રભુ સંપત્તિ નહીં પણ સમય માંગે છે.</u>

જગતને રાજી કરવા કરતાં જગદીશને રાજી કરે,
તો જગત આપોઆપ જ રાજી થશે. જગત સાથેનો
સંબંધ કાચો છે, જગદીશ સાથેનો સંબંધ સાચો છે.
ભક્તિમાર્ગમાં તર્કને સ્થાન નથી પણ શ્રદ્ધાને સ્થાન છે.

આજે ભક્તિના બે પ્રકાર છે: (૧) વેપારી (૨) ભિખારી.

આ ભક્તિમાં અંદર તમાકુ અને બહાર કેસરનું ભેળસેળ છે,
જ્યારે પ્રેમમાં આવા ખરીદી અને વેચાણ નહિ.
લોકોમાં 'સામેવાળો મારાં માટે છે' એવી ભાવના છે,
ભક્તિમાં 'હું સામેવાળા માટે છું' એવી ભલી ભાવના છે.

## અભેદ ભક્તિ

પ્રભુ છે, તે મહાન છે, એ વાત સાચી પણ 'પ્રભુ મારાં છે'
એ સમજણ જ્ઞાનને જુદો જ રંગ આપે છે.
'ભગવાન મારાં છે અને હું ભગવાનનો છું'
આ સમજણ જ્ઞાન - ભક્તિમાં આનંદની મીઠાશ લાવે છે.
ભેદ રાખવો, તે ભક્તિ - અભેદ ભાળવો, તે જ્ઞાન છે.

અભેદની ભાવનામાં જીવ અને શિવ-
બંને મળી જઈ વિશુદ્ધ ચૈતન્ય થઈ જાય છે.
પ્રભુનું સર્વજ્ઞત્વ અને જીવનું અલ્પજ્ઞત્વ,
તે બંનેને દૂર કરી જીવ અને શિવનો અભેદ ભાળવો,
તે જ અદ્વૈતની ઉપાસના છે અને તે જ પ્રેમ છે.

## ભક્તિથી ભય નાશ પામે છે.

કરુણા-પ્રમોદ ભાવનાની સ્થૂલ દશાને ભયો નડવાના જ.
દેશ-કાલાતીત પરમાત્મતત્ત્વની સાધના વિના ભયાતીત
અવસ્થા અશક્ય છે. જ્યાં નમ્રતા, ત્યાં નિર્ભયતા છે.
ભયનો વા અડે, ત્યાં શુદ્ધ ભક્તિ કાચી છે.
દિલમાં રહેલ દિલબર સાથે દેહનો ભવે ય જોડેલો છે.
આ દિલબર વડે જ દેહભાવનો પ્રકાશ કરી શકાય છે.
દિલમાં ભક્તિ જાગે એટલે જીવમાત્ર પ્રત્યે સદ્ભાવ વધે,
જીવહિતથી ન્યારા એવા હિતની આકાંક્ષા દિલમાંથી દૂર થઈ
ભક્તિજન્ય મૈત્રીભાવને પ્રભાવે ભય પમાડવામાં
નિમિત્તભૂત બનવાની વૃત્તિ મનમાંથી ઊખડી જાય છે.
પંચ નમસ્કાર દ્વારા મનસાતીત ભૂમિમાં પ્રવેશીને
આસાનીથી ભયમુક્ત બની શકાય છે.
આંખોને મન સાથે, મનને દિલ સાથે દિલને દેવાધિદેવ
સાથે જોડી એટલે ભયમુક્ત અવસ્થા આવીને ઊભી રહે
અને ત્યારે નિર્ભયતાનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

'ભક્તિ' એટલે ભગવાનમાં પરમ પ્રેમ પ્રગટ થવો.

ભક્તિ પરમજ્ઞાન અને પરમયોગથી પણ ચઢી જાય છે.

કર્મનું ફળ સંપત્તિ છે, જ્ઞાનનું ફળ મોક્ષ છે,

યોગનું ફળ સમાધિ છે પણ ભક્તિનું ફળ ભક્તિ જ છે.

ભક્તિમાં જ માત્ર ભગવાનમાં સમાઈ જવાનો લાભ છે.

નામસ્મરણથી એક જ સાથે ત્રણે વસ્તુ સિદ્ધ થાય છે:

ભક્તિ, વિરક્તિ અને આત્માનુભૂતિ.

ભક્તિ = તુષ્ટિ, આત્માનુભૂતિ = પુષ્ટિ, વિરક્તિ = શાંતિ.

ભક્તિના સાક્ષાત્ બે ફળ:

આત્માનું ધ્યાન તથા વિષયોની વિસ્મૃતિ.

જેમ ભોજનથી એકસાથે ક્ષુધાનું નિવારણ અને

સાથે સાથે શરીરને તુષ્ટિ - પુષ્ટિ થાય છે,

તેમ ઈશ્વરભજનથી પ એકસાથે વિષયતૃષ્ણાની શાંતિ

અને સાથેસાથે આત્મધ્યાનરૂપી તુષ્ટિ-પુષ્ટિ થાય છે.

એ રીતે ભજન અને ભોજન

આત્મા તથા શરીરને સમાન રીતે ગુણકારક થાય છે.

## ગીતાજી શેના પ્રતીક છે?

સાચા જ્ઞાનના, નિષ્કામ કર્મના, સાચી ભક્તિના પ્રતીક છે.
જ્ઞાનપૂર્વક ભક્તિપ્રધાન નિષ્કામ કર્મયોગ પુષ્ટિજ્ઞાન છે,
સંક્ષેપમાં હિતોપદેશ છે; સર્વ શાસ્ત્રોનો સાર છે.
ભક્તિ એટલે ભગવાનને પ્રેમસ્વરૂપે જોવા.
જ્ઞાન એટલે સર્વમાં આત્મસ્વરૂપના દર્શન કરવા.
દેહ-ગેહ અને તેમના નામાદિ ચાલ એ વસ્તુતંત્ર છે
નહિ, ભક્ત અને તેની શુભ ચેષ્ટાઓ કર્તૃતંત્ર છે.

ભક્તિનો સિદ્ધાંત દીનતાનો છે.

દીનતા એ ભવનિર્વેદનું બીજું નામ છે.
ભવનિર્વેદ એ ભગવદ્‌બહુમાનનું ભાન છે.
ઈચ્છા એ આફતનું પડીકું છે, શેતાનની સાહેલી છે,
મહાભારત બોજમ છે, તોય તેને સાથે લઈને ફરવું,
તેના કરતાં ઈચ્છા રૂપી તે બોજમને ભક્તિપૂર્વક
શિરેથી ઉતારીને ભગવાનને સોંપી દેવું,
એ સહીસલામત અને સૌ માટે સાવ સહેલો માર્ગ છે.

## ભક્તિની શ્રેષ્ઠ નવ વ્યાખ્યા

'ઈશ્વરને જે ગમે, તે મને ગમે અને તેને જે ન ગમે,
તે મને ન ગમે' આ જાતની માનસિક તાલીમ તે 'ભક્તિ'.

ભક્ત અને ભગવાન વચ્ચેનો તે સંવાદ છે.

ભક્તિ એ આરાધિયાર દર્શનદાન છે.

મનની એકાગ્રતા થવા ભક્તિ અને શ્રદ્ધા આવશ્યક છે.

શ્રદ્ધા એ ભક્તિરસનો સ્થાયી ભાવ છે.

ભક્તિનાં ભિન્ન ભિન્ન પ્રકારો
શ્રદ્ધાના પ્રેરણાસ્રોતમાંથી જ સંચાલિત થતાં રહે છે.

ભક્તિ એ કૃતિ કે કર્મ નહિ પણ જીવનનો દૃષ્ટિકોણ છે.

'જગત મારાથી નહીં પણ પ્રભુથી ચાલે છે'
એ દૃષ્ટિકોણનું નામ 'ભક્તિ' છે.

વિશ્વની કોઈપણ વસ્તુમાં જેને આસક્તિ, પરિગ્રહ કે
સંગ્રહની ઈચ્છા રહેતી નહિ, તે આખું વિશ્વ જીતી લે છે.

ભક્તિનું સાચું સ્વરૂપ એ
વિભાગનો ત્યાગ અને અવિભાગનો સ્વીકાર છે.

## ભક્તિના ચાર પ્રકાર

(૧) સારૂપ્ય = પુરઃસ્ફૂરણ (૨) સાલોક્ય = હૃદયાનુપ્રવેશ
(3) સામીપ્ય = મધુરાલાપ (૪) સાયુજ્ય = અંગાંગી ભાવ.

જે અન્ય વિકસિત ભવાત્માઓને પોતાના આદર્શોને પુસ્તકો વળગીને રહેવા માટે અન્ય આદર્શોના પૂજકો માટે ઘૃણાની ભાવનાની આવશ્યકતા જણાય છે, તેઓમાં સહિષ્ણુતા અને તુલનાત્મક શક્તિની ઉણપ રહેલ છે.

ભક્તિની આ પ્રાથમિક ભૂમિકા છે.

મુગ્ધા અને પરાભક્તિમાં આ દોષનું અસ્તિત્વ રહેતું નથી. ભગવાનને વિષે પરમ પ્રેમ એ ભક્તિનું નિષ્કર્ષ લક્ષણ છે. એ પામી મનુષ્ય કૃતકૃત્ય થઈને શાશ્વત તૃપ્તિ મેળવે.

જેના વિના કાર્ય થતું નથી અને
જેનાથી અવશ્ય કાર્ય થાય છે, તે વસ્તુ
પરમ કારણરૂપ ત્રિકાળશુદ્ધ સ્વાત્મારૂપ જિનવર છે.
જિનવરની ભક્તિ જ કાર્યની સિદ્ધિનું પરમ કારણ છે.
આવી ભક્તિને 'અમૃતભક્તિ' પણ કહેવાય છે.

રસમય ભક્તિ શૃંગારપરક નહીં, નિર્મળતાપરક જોઈએ.

ભક્તિનો આત્મા ગુણી પ્રત્યે અરૂચિનો સૂચક તથા જગતમાં રહેલા સર્વ જીવોના સુકૃત અને તેના ફળની અનુમોદનાનો તથા સદ્ભાવનો આત્મા સૂચવનારો છે.

નિર્મળ રતિ, નિર્મળ આનંદ, નિર્મળ ધર્મ, નિર્મળ ભક્તિ, નિર્મળ ધ્યાન – એ રીતે દરેક સ્થળ ઉપર નિર્મળતાનું જોર જોઈએ. શરદઋતુના જળની જેમ પ્રભુનામ ચિત્તમાં પ્રવેશી તેને નિર્મળ બનાવે છે. ભક્તિનું વિધાન ચિત્તની નિર્મળતા માટે જ છે. ભક્તિના નામે ચિત્ત વિષયાસક્ત બને, તો ભક્તિ નિષ્ફળ થાય.

ભક્તિ સ્વતંત્ર અને સ્વયં પૂર્ણ સાધન છે.

ભક્તિથી જે ચિત્તશુદ્ધિ થાય, તેનાથી સહજપણે વૈરાગ્ય અને બોધિનો લાભ અને પરમપદની પ્રાપ્તિ થાય છે. એ બોધિ ફક્ત ભગવત્પ્રસાદથી મળે છે, તેથી જ તે ટકાઉ હોય છે. એ બોધિ અનુભવજ્ઞાન સ્વરૂપ હોય છે.

તાર્કિક જ્ઞાનથી ખાસ કોઈ લાભ નહિ.

ભક્તિ દ્વારા સચરાચરવ્યાપી શુભ વિષે સભાન બનો.

એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો કે:

'ઈશ્વરની હાજરી મારામાં - સર્વમાં છે.
મારામાં રહેલો ઈશ્વર વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં
વધારે મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો બન્ને
એકરૂપ જ છીએ. ઈશ્વર સદા મારી સાથે જ છે.'

ખરી ભક્તિ તે છે કે જે પોતાના હૃદયની
દરેક ધડકન, પોતાના રક્તનું પ્રત્યેક બિંદુ, પોતાના
દેહના રોમેરોમ તે પોતાના ભગવાનને સમર્પી દે છે.
આત્મસમર્પણની આ ક્રિયા દારૂણ યંત્રણાઓમાં જ નહીં,
પરંતુ ભક્તના જીવનમાં કાયમ-મૃત્યુપર્યંત ટકી રહે છે.
જીવનના સર્વ કર્મોમાં જ્યારે જ્ઞાન અને ભક્તિ ભળે,
ત્યારે તે પુરુષોત્તમ યોગ બને છે.

ભક્તિ છે, ત્યાં ભય નહિ. વિચાર છે, ત્યાં વિષાદ નહિ.

'ભગવત્કૃપાની પ્રાપ્તિ પોતાના પ્રયત્નથી નહિ'
એ ધારણા - એ શ્રદ્ધા પ્રગાઢ ભક્તિને ઉત્પન્ન કરે છે.

'तस्मिन् प्रीतिः ।' એ ભક્તિ છે અને
'तस्य प्रियकार्यसाधनं ।' એ ભજન છે.
એમ ઋણ કે જેમાં પ્રભુનું સાચું સ્મરણ રહે,
તે ભક્તિ સોનામહોરોથી પણ અધિક મૂલ્યવાન છે.
પ્રભુ પ્રત્યે ભક્તિ હોય પણ જીવો પ્રત્યે અનુકંપા ન હોય,
તો તે ભક્તિ સ્નેહપરિણામજન્ય નથી.
અનુકંપા તથા ભક્તિ પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બનીને મન,
બુદ્ધિ, ઇંદ્રિયોથી અગ્રાહ્ય, અતર્ક્ય, અકથ્ય બનાવોને સર્જે,
તેને જ 'ચમત્કાર' કહેવાય છે.
ભક્તિ = સાધ્યની નિષ્ઠા. નિષ્ઠા = સાધના તરફની ભક્તિ.
'નિષ્ઠા' શબ્દ ભક્તિવાચક છે.
એમ નિષ્ઠા કર્મ કરતાં કરતાં પ્રાપ્ત થાય છે અને
બાહ્ય નિષ્ઠા ચિન્તનથી પ્રાપ્ત થાય છે.
નિષ્ઠાની પ્રાપ્તિના બે પ્રકાર છે પણ વસ્તુ એમ જ છે:
'ઉપાસના' એટલે માનસિક કર્મ, કિન્તુ
'ભક્તિ'નો અર્થ ક્રિયારૂપે કરવામાં આવતું હોય, તે કર્મ.

# ભક્તિ છે ભાગીરથી.

સેવાથી શુદ્ધિ, વિચારથી બુદ્ધિ પરંતુ સિદ્ધિ ભક્તિથી છે.

પરમાત્મચેતનાનો અનુભવ ફક્ત ભક્તિથી જ સાધ્ય છે.
સ્વપ્ન, જાગ્રત કે સુષુપ્તિમાં જે નિજ ચેતન છે, તેમાં
જ્યારે પરમાત્મચેતનાના આવિર્ભાવનો અનુભવ થાય,
ત્યારે મનુષ્યને પોતાના જીવનની પૂર્ણતાનું ભાન થાય.
કર્મ કે સેવાથી ચિત્તને સમાધાન તો છે, કિન્તુ ચિત્તમાં
પૂર્ણતા કે સિદ્ધિ તો માત્ર ભક્તિથી જ અનુભવાય છે.
જીવનમાં જેમ નૈતિકતા અને કરુણાની ભૂમિકા છે,
તેમ વૈજ્ઞાનિક અને બૌદ્ધિક ભૂમિકા પણ છે.
ભક્તિની ભૂમિકા એથી પણ ભિન્ન છે,
તેમાં આંતરવિશ્વની સાથે સંબંધ છે.
વૈજ્ઞાનિક વિશ્વનું ક્ષિતિજ, વિશાળ માનવતાનું ક્ષિતિજ,
નીતિ ક્ષિતિજ તથા સેવાનું ક્ષિતિજ જેટલા ઉદાર દેખાય છે,
તેથી પણ અધિક ક્ષિતિજનું એક વિશાળ વિશ્વ અંદર છે.
તેના પણ અનન્ત - સ્વતંત્ર અનુભવો છે.

ભક્તિ એ ક્રિયા કે કર્મ નહિ - જીવનની એક દૃષ્ટિ છે.

'મારું જે કાંઈ છે, તે કોઈને માટે છે' આ ભાવ આવશે, તો જ ભક્તિ આવશે અને આત્મીયતા વધશે.

ભક્તિથી અંતઃકરણમાં ભાવ તથા આત્મીયપણું વધે છે.

'જગત મારાથી નહીં પણ પ્રભુથી ચાલે છે' આ દૃષ્ટિકોણનું નામ જ 'ભક્તિ' છે.

દેવ એ કંચનના સ્થાને તથા ગુરુ કામિનીના સ્થાને છે. કંચન ઉપર જેને ભારોભાર પ્રેમ છે, તે કામિની છે. દેવ ઉપર પરિપૂર્ણ ભક્તિ ઘનિષ્ઠ કરનાર ગુરુતત્ત્વ છે, તેથી ગુરુની આજ્ઞા દેવની ભક્તિને ઉત્તેજે છે.

'ભક્તિ' એટલે એકતાનો અનુભવ. ઇષ્ટદેવને જોડીને માથું નમાવવાથી - 'નમઃ' પદના અર્થનું ભાવનાસહિત ઉચ્ચારણ કરવાથી જીવો સાથે એકતાનો અનુભવ થાય છે. એકતાના અનુભવ બાદ પ્રીતિ રહે - આસક્તિ ન રહે, તૃપ્તિ રહે પણ કીર્તિની અભિલાષા ન રહે અને ક્ષુધા જીવે પણ સ્વાદવૃત્તિ મરી જાય.

ભક્તિના બે ભેદ: સિદ્ધ ભક્તિ અને સાધક ભક્તિ.

સિદ્ધોના પરોક્ષ સ્વરૂપને બતાવનાર અરિહંત છે,

તેથી વ્યવહાર દૃષ્ટિએ તેઓ પ્રથમ છે.

સિદ્ધત્વ = જગદનુગ્રહપ્રવણ = સ્વયં સાકર બનવું.

સાધકત્વ = સ્વહિતકરણપ્રવણ = સ્વયં સાકર ખાવી.

'ભક્તિ' એટલે સાકર ખાવી અને

'શાસન' એટલે સ્વયમેવ સાકર બનવું.

સાકર ખાવામાં પોતાને આનંદ, બનવામાં બધાને આનંદ.

સાકર બનવાની અભિલાષા = મોક્ષ મેળવવાની આકાંક્ષા.

સાકર ખાવાની ઇચ્છા = સાધકપદ ટકાવવાની ભાવના.

ભક્તને સ્વહિતની આકાંક્ષા, ભગવાનને પરહિત અભિષ્ટ.

પરહિતની અભિલાષા પ્રગટ થઈ, તેની સાથે જ

તે જીવ સાધક મટીને સિદ્ધ થવાની પ્રક્રિયામાં જોડાય છે.

પરહિત પ્રત્યે ઉદાસીનતા સિદ્ધત્વપ્રાપ્તિમાં પ્રતિબંધક છે.

એ ઉદાસીનતા ટળતાં જ સાધક સિદ્ધ બનવા લાગે છે.

નિઃસ્વાર્થ ભાવે પ્રેમ કરવો, એનું નામ સમર્પણ છે.

## ભક્તિનું માહાત્મ્ય છે અકથનીય.

ભક્તિ એ સત્સંગનું જ બીજું નામ છે.

ભક્તિથી પરમ પુરુષોનો નિકટવર્તી સંગ સાધી શકાય છે.

કર્મયોગમાં આસક્તિનો - જ્ઞાનયોગમાં અહંકારનો ભય,

પરન્તુ ભક્તિયોગમાં નહિ આસક્તિ કે નહિ અહંકાર.

ઈશ્વરનું સ્મરણ નશ્વરના સ્મરણને છોડાવે છે અને

વળી તે ઉપરાંત અવિનશ્વરની સાથે સંબંધ કરાવે છે.

આત્મામાં ભક્તિ જગાવા માટે

પુણ્યના સંસ્કાર અને ભગવદ્ પ્રેરણા આવશ્યક છે.

આધ્યાત્મિક સાધનાનું ફળ તૃપ્તિ અને સહાયક છે.

## ભક્તિ એ રાગ-દ્વેષ ઉત્પન્ન વિરોધિની સૌથી પરમ વિરક્તિરૂપ છે.

ભક્તિમાં પરગુણનો પક્ષપાત તથા સ્વદોષનો સ્વીકાર છે.

ભક્તિ સ્વ-પર સમભાવ રૂપ છે.

તે સમભાવ અહં-મમ પ્રત્યે વિરક્તિ રૂપ છે.

પ્રભુ અને મનનું અધિષ્ઠાન હૃદય સ્થિત ભક્તિ છે.

## ભક્તિનું વિજ્ઞાન અને અધ્યાત્મ

અધર્મ = જેનો કેવળ દુરુપયોગ છે તે.

ભક્તિ = જેનો કેવળ સદુપયોગ જ છે તે.

શક્તિ = જેનો સદુપયોગ અને દુરુપયોગ બંને થઈ શકે તે.

જ્ઞાન, ધ્યાન, કર્મ કે વિજ્ઞાન કેવળ શક્તિરૂપ હોવાથી તે સર્વનો દુરુપયોગ અને સદુપયોગ બન્ને થઈ શકે છે.

સદુપયોગ - દુરુપયોગ બન્ને થાય, તે વિજ્ઞાન છે.

કેવળ સદુપયોગ જ થાય, તે અધ્યાત્મ છે.

શક્તિ કેવળ પરમાત્માની છે,

મનુષ્ય તો માત્ર ભક્તિ જ કરી શકે છે.

'ભક્તિ' એટલે પ્રભુકૃપાની ઉપબૃંહણા કે પ્રશંસા.

બાળ દ્વારા પોતાના સારાં કર્મ માટે થતી પ્રશંસા જેમ પોતાને પ્રેરણા આપે, તેમ બાળના સત્કર્મની પોતાના દ્વારા પ્રશંસા થાય, તો બાળને પ્રોત્સાહન મળી શકે. સમાજમાં પોતાની પ્રતિષ્ઠાર્થે પ્રશંસા જેટલી ત્યાજ્ય છે, તેટલી જ સત્કર્મના પ્રોત્સાહન માટે તે આવશ્યક છે.

'तत्सुखे सुखित्वम्।' એ પરમ પ્રેમનું લક્ષણ છે.
અન્ય - આશ્રયનો ત્યાગ હોય, તો જ તે સંભવે છે,
તેથી ભક્તિમાં અનન્યતા અનિવાર્ય છે.

ભક્તને મન ભગવાન સિવાય સઘળું અસારભૂત
- અશરણભૂત લાગે છે, તેથી તેને અભિમાન રહેતું નથી
અને ભગવાન સિવાય બીજે કંઈ પણ ખપતું નથી.
ભક્તિના બે અંગ છે: નિરાભિમાનિતા અને નમ્રતા.
ભગવાન પ્રત્યે નમ્ર બન્યાં વિના ભક્તિ પ્રકટતી નથી
અને અભિમાન છોડ્યા વિના નમ્રતા આવતી નથી.
ભક્ત થવા માટે જ્ઞાનીને અધિકાર પ્રાપ્ત થાય છે.

ભક્તિથી હૃદયની ચંચળતા દૂર થાય છે અને
જ્ઞાનથી બુદ્ધિમાં સ્થિરતા ઉત્પન્ન થાય છે.

અજ્ઞાની અને મૂર્ખના હૃદયમાં ભક્તિ વાસ ન કરી શકે.
ભક્તિમાં જ્ઞાન ઉપકારી છે. જ્ઞાનથી ભક્તિમાં વધારો
પણ થાય છે, પરન્તુ માત્ર જ્ઞાન શુષ્ક પડી જાય છે
અને ભક્તિમાં અંતરાય કરનાર પણ થઈ પડે છે.

ભગવાનમાં જે પરમ પ્રેમ પ્રકટ થાય, તે ભક્તિ છે.
ભગવાનનું સ્વરૂપ પણ પરમ પ્રેમમય છે,
પ્રેમનું - અનુરાગનું સ્વરૂપ કેવળ અનુભવાય છે.
'ભક્ત હૃદયમાં ભક્તિ પ્રગટી' એનો અર્થ
ભક્તના હૃદયમાં ભગવાન પ્રકટ્યા, કેમકે
ભક્તિ અને ભગવાન ઉભયનું સ્વરૂપ પ્રેમમય છે.
તે પ્રેમ ત્રિગુણાતીત છે.
સંસારીઓને મન ભગવાન કલ્પિત છે,
ભક્તને મન સંસારના પદાર્થ અને તેનું સુખ કલ્પિત છે.
ભક્તિ સ્વયં પ્રમાણરૂપ છે,
તેથી તે દાન જેવા અન્ય સાધનો કરતાં સુલભ છે.
ભક્તિ શાંતિસ્વરૂપ અને પરમાનંદરૂપ છે.
વિષયનો સંગ ભક્તિમાં મોટું વિઘ્ન છે.
ભક્તિ વિષયોની ચિંતારહિત હોવાથી અને તે ઉપરાંત
શાંત તથા આત્માની અનુભૂતિરૂપ હોવાથી
તે પોતાના ભક્તને સૌથી ચઢિયાતો આનંદ આપે છે.

## પ્રેમ વિનાની ભક્તિ એ

જળની ચીકાશ સમાન હોવાથી ટકી શકતી નથી.
જેમ જળની ચીકાશ પવનથી સુકાઈ જાય, તેમ પ્રેમશૂન્ય
ભક્તિ સંસારના સુખ રૂપી પવનથી સુકાઈ જાય છે.

ત્યાગથી સંતોષ અને ભક્તિથી શાંતિ થાય છે.

ભક્તિ એ ક્રિયારૂપ નથી પણ ભાવરૂપ છે.

ભાવનું ફળ અનંત છે, કેમકે અનંત ભગવદ્વિષયક છે,
ક્રિયાનું ફળ પરિમિત છે, કેમકે તે સ્વપ્રયત્નને આધિન છે.

ક્રિયા કરતાં ભાવનું ક્ષેત્ર વિશાળ છે,
માટે તેનું ફળ વિશાળ અને અમોઘ છે.

ક્રિયાનું ફળ સંદિગ્ધ છે, તેથી વ્યભિચારી છે.
ભાવનું ફળ અસંદિગ્ધ છે, માટે અવ્યભિચારી છે.

ભક્તિ અનુરાગરૂપ - સ્નેહરૂપ છે, તેથી ત્યાજ્ય નથી.
સત્સંગની પેઠે સદાશ્રયરૂપ હોવાથી સદા ઉપાદેય છે.

ઈશ્વરવિષયક રાગને 'ભક્તિ' કહે છે, તેથી તે ઉપાદેય છે.
વિષયરાગ ત્યાજ્ય છે, કેમકે તે નિંદ્ય વસ્તુ પર હોય છે.

સાધ્યભક્તિ એ પરમ પ્રેમ અથવા પરાનુરક્તિ છે.

રાગ, અનુરાગ, સ્નેહ, પ્રીતિ = પરા યા ઉત્કૃષ્ટ ભક્તિ.
તે કેવળ સ્વપ્રયત્નરૂપ ક્રિયાદિ સાધ્ય નહિ.
જ્ઞાન વેદને આધીન - ભક્તિ ભગવાનને આધીન છે.
પ્રભુપ્રાપ્તિ સિવાય અન્ય સઘળી ઇચ્છાઓ શમે નહીં,
ત્યાં સુધી પરાનુરક્તિ અશક્ય છે.
સઘળાં પાપોનું પ્રાયશ્ચિત ભગવદ્ભક્તિ છે,
કેમકે બધાં પાપો ભગવાનને ભૂલવાથી થાય છે.
જ્ઞાનનો અભાવ એ બંધનો હેતુ નહિ,
કિન્તુ ભક્તિનો અભાવ એ જ બંધનો હેતુ છે,
તેવી રીતે મોક્ષનો હેતુ પણ
જ્ઞાન નહીં પણ કેવળ અને કેવળ પ્રભુભક્તિ જ છે.
'ધ્યાન જ્ઞેય ધ્યેયને આધીન છે, તેમ
ભક્તિ ભગવાનના માહાત્મ્યને, ઐશ્વર્યને આધીન છે'
એમ માનવામાં આવે, તો જ સાચું દૈન્ય અને
હૃદયમાં નિરાભિમાનતા ઉત્પન્ન થઈ શકે છે.

સ્વાર્થ વિનાની ભક્તિને 'આત્મનિવેદન ભક્તિ' કહે છે.

ભક્તિ પાસે જ્ઞાનનો ઉપક્રમ - ગૌણતા થાય છે અર્થાત્

ભક્તિયુક્ત જ્ઞાન જ મોક્ષનું સાધન છે.

'અમોઘા ભગવદ્ભક્તિઃ ।' અર્થાત્

પ્રભુની ભક્તિ અમોઘ છે, તે કદી નિષ્ફળ જતી નથી.

અમોઘ ભગવદ્ભક્તિ અવશ્ય ફળનારી છે.

જ્ઞાનીને પણ અંતે પ્રભુશરણે જવાથી મુક્તિ મળે છે.

'જ્ઞાનવિજ્ઞાનસંપન્નો ભજ માં ભક્તિભાવતઃ ।'

જ્ઞાન - વિજ્ઞાનનો અર્થ અહીં 'અનુભવપૂર્વકનું જ્ઞાન'

એવો કરવાનો છે અર્થાત્ ભક્તિ.

ઈશ્વરરહિત સર્વ ભાવોને કોરું કર્મ, જ્ઞાન કે યોગ -

અહંકારપોષક અને વર્ધક બની જાય છે, તેથી

ભક્તિયુક્ત કર્મ - જ્ઞાન - યોગ જ મોક્ષનું સાધન છે.

યોગ એ જ્ઞાન અને ભક્તિ - ઉભયનું સાધન છે,

તેથી ભક્તિનું તે અંગ છે.

ભજનનું ફળ દર્શન અને ભક્તિનું ફળ પ્રતીતિ છે.

ભગવાન વાક્કલહ કે તર્કશાસ્ત્રમાં વસતાં નથી,

પરન્તુ ભક્તની હૃદયગુફામાં વસે છે.

પવિત્રતા અને ધ્યાનથી જ તે લભ્ય છે.

ભક્ત ભગવાનમાં પ્રેમના દર્શન કરે છે.

સાચી ભક્તિમાં ત્રિરૂપતા નથી, કિન્તુ અનન્યતા હોય છે.
સ્વામી જુદા, સેવક જુદો, સેવા નોખી, તેનું ફળ જુદું
- એ ત્રિરૂપ ભાવ કહેવાય છે, તે ભક્તમાં હોતો નથી.

તેવા ભક્તથી કુળ અને પૃથ્વી પાવન થાય છે.

કંઠાવરોધ, રોમાંચ, સજળ નેત્ર આદિ
આંતરિક ભક્તિભાવનાં બાહ્ય લક્ષણો કહ્યાં છે.

તેનાં કારણો આલંબન વિભાવ (પ્રભુની મૂર્તિ) અને
ઉદ્દીપન વિભાવ (પ્રભુની શૃંગારરચનાદિ) છે. કંઠાવરોધાદિ
સાત્ત્વિક ભાવો, ધૃતિ - મતિ - પ્રમોદાદિ અનુભાવો છે.
વાણી તે આલંબન અને અર્થચિન્તન તે ઉદ્દીપન છે.
પોતાના આત્મસ્વરૂપનું નિત્ય સ્મરણ તે સ્મૃતિ નથી,
પોતાના આત્મસ્વરૂપમાં નિષ્ઠા તે ભક્તિ છે.

## ભક્તોનું અસ્તિત્વ જ દુઃખ અને અજ્ઞાનને દૂર કરવા માટે પર્યાપ્ત છે.

ઉત્તમ ભક્તો તીર્થોને સુતીર્થ, કૃત્યોને સુકૃત્ય ઉપરાંત શાસ્ત્રોને સત્શાસ્ત્ર બનાવે છે, કેમકે તેઓ ભગવાનની સાથે તન્મય રહે છે અને સતત નિત્ય ભગવત્-સ્વરૂપનો અનુભવ કરતાં રહે છે.

વિષયોના ત્યાગી, શાંતસ્વરૂપ, બ્રહ્મનિષ્ઠ એવા પુરુષોના સંગથી પણ પાપ ધોવાઈ જાય છે, કેમકે તેમના હૃદયમાં સમસ્ત પાપોને નાશ કરનાર એવા સાક્ષાત હરિ નિવાસ કરે છે.

ભક્તોનો આવિર્ભાવ ભગવાનના અવતારનો પૂર્વગામી છે.

બાહ્ય વિવિધતામાં પણ હૃદયની એકતા, પવિત્રતા તથા અનન્યતા બધા ભક્તોમાં એકસરખી રહે છે.

ભક્તો ગુણાતીત રહે છે.

ભક્તિ એ અહિંસા, વૈરાગ્ય અને સંયમનું સાધન છે, જ્યારે સદ્જ્ઞાન એ તપનું સાધન છે.

જેનામાં ભક્તિ પ્રકર્ષ પામી છે, તે ગુરુદેવ ભગવાન છે.
બીજા નહિ, તે ગુરુદેવ શુદ્ધ-સમસ્ત ઈશ્વર-સ્વરૂપ છે.

'લોકવત્તુ લીલા કૈવલ્યમ્।' ઉક્તિઃ

રાજા, ભિખારી, સંત, ડાકુ, જ્ઞાની, અજ્ઞાની,
ચોર, વેશ્યા, આચાર્ય, શિષ્ય વગેરેનાં પાત્રો ભગવાન
પોતે જ ભજવે છે, અને સાચો ભક્ત અનુભવે છે,
તેથી તેની મનઃશાંતિ અખંડ રહે છે.

દરેકને નારાયણ-સ્વરૂપ જોવાથી મોટું પરિવર્તન આવે.
પ્રેમ સમદૃષ્ટિ કેળવે. ભક્તનો દૃષ્ટિકોણ પ્રભુમાં સ્થિત
હોવાથી તેના આધાર ઉપર જ તે સઘળાં કાર્ય કરે છે.
તેની ઇચ્છા ઈશ્વરેચ્છા - અવાજ ઈશ્વરનો અવાજ.
ઈશ્વર જ તેના દ્વારા બોલે છે અને કાર્ય કરે છે.
તેનું વર્તન રહસ્યમય - ન સમજી શકાય તેવું બને છે.

પ્રભુની ભક્તિ એ ભક્તની શક્તિ છે.

જ્યારે સમય પરિપક્વ થાય છે, ત્યારે
ભગવાન પોતે જ ભક્તના સર્વ સંશયોને દૂર કરે છે.

ભક્તિનાં ત્રણ રૂપ : ક્રિયા, ભાવ અને સ્વભાવભક્તિ.

ક્રિયાભક્તિ સ્થૂલ શરીર સાથે,
ભાવભક્તિ સૂક્ષ્મ શરીર સાથે તથા મહાભાવ અથવા
સ્વભાવભક્તિ કારણ શરીર સાથે સંબંધ ધરાવે છે.
મહાભાવને 'અસંગાનુષ્ઠાન' શબ્દથી ઓળખાવી શકાય.
ક્રિયાભક્તિમાં ગુરૂ અને શરણની અપેક્ષા છે,
ભાવભક્તિમાં પોતે જ ગુરૂ અને શરણ બને છે
તથા સ્વભાવભક્તિ એ બેનું અંતિમ પરિણામ છે.

પ્રભુભક્તિ ગુણદર્શનજન્ય છે.

ભગવાન્નામ સુલભ છે તથા જીહ્વા સ્વાધીન છે,
છતાં જીવો નરકમાં જાય છે, એ આશ્ચર્ય છે.
ભક્તિહીન બુદ્ધિજીવો નરકમાં જાય છે અને
મંત્રહીન જીવો તિર્યંચમાં જાય છે.
રોજ રોજ જીવો યમરાજનાં મંદિરમાં જઈ રહ્યાં છે,
તો ય બાકી લોકો દુનિયામાં સ્થિર રહેવા ઈચ્છે છે,
એથી મોટું આશ્ચર્ય બીજું શું હોઈ શકે?

જ્ઞાની પ્રત્યે ભક્તિ, અજ્ઞાની પ્રત્યે કરુણા,
જીવો પ્રત્યે મૈત્રી તથા પાપી પ્રત્યે ઉદાસીનતા જોઈએ.

આત્મૌપમ્યની દૃષ્ટિ બધાનું મૂળ છે, તેમાંથી
કરુણા, ભક્તિ, ઔદાર્ય વગેરે શુભ ભાવો જન્મે છે.

વલ્લભ સંપ્રદાય કે પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્ય
કહે છે કે: 'કૃષ્ણની કૃપા થકી ગોલોકમાં જવાય.
ભક્તિ વિના જ્ઞાન થઈ શકતું નથી અને
મોક્ષ માટે જરૂરી જ્ઞાન ઈશ્વરાનુગ્રહ વિના ન થઈ શકે.'

શક્તિ કરતાં પણ ભક્તિ શ્રેષ્ઠ છે,
કેમકે શક્તિનો પ્રવાહ વહેતો રાખનાર ભક્તિ છે.
ભક્તિ વિના નર પશુસમાન છે.
ભક્તિ જ માનવદેહના કલ્યાણનું ભાથું બને છે.
ભક્તિથી જ્ઞાનાદિ સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે.
ભક્તિથી પ્રાપ્ત થતો આનંદ ક્લેશરહિત,
અનાયાસલભ્ય અને ઉત્તરોત્તર વૃદ્ધિને કરનારો છે.
ભક્તિથી જીવને તરવાની શક્તિ આવે છે.

## ભક્તિના બે પ્રકાર : સાધનરૂપ અને સાધ્યરૂપ.

શ્રવણ - કીર્તનાદિ સાધનરૂપ છે અને
પ્રેમમયી - મધુર ફલરૂપ ભક્તિ એ સાધ્યરૂપ છે.

ભક્તિને પરિણામે અહિંસા, કરુણા, સત્યપ્રિયતા વિગેરે તથા દાન - શીલ - તપ - ભાવ પ્રત્યે અભિરૂચિ અને એ સૌ ગુણ જીવનમાં વણી લેવાની તાલાવેલી પ્રકટે.

ભક્તિ સાથે વિદ્યાઓ અને દાનાદિ સત્ક્રિયાઓ ન વિકસે, તો તે હસ્તિસ્નાન જેવી નિષ્ફળ ગયેલી ગણાય.

મન, વાણી, કાયામાં ગુણ - સંપત્તિઓ વિકાસને ન પામે, તો તે ભક્તિ ભરેલું જીવન ખાલી ભરેલું ગણાવવું.

ભક્તિના ફલરૂપે તો જીવનમાં સદ્‌ગુણનો વિસ્તાર અને સદાચાર નિષ્ઠિત થવાં જ જોઈએ.

ભક્તિથી જ રામની ચિંતા અને ભોગ આપ્યા વિના રામ કા પ્રેમ કા રાગ પૂર્ણ ઉપાદેય ન જાગે.

ભક્તિનું બળવંતપણું વિચાર અને બુદ્ધિને લીધે છે તથા તેની શુદ્ધિ નિઃસ્વાર્થતાને લીધે છે.

## ભક્તિના ત્રણ બાધ

(૧) મોહનની બંસરી (૨) સરસ્વતીની વાણી નદી (૩) શંકરનું ડમરૂ - એ ત્રણે એક જ અર્થને કહે છે.

'આત્મનિવેદન ભક્તિ' એટલે એકમાત્ર આત્માનું આરાધન એ જ જીવનનું કર્તવ્ય માનવું તે.

માહાત્મ્ય (મોટાંપણાનું) જ્ઞાન વિનાની ભક્તિ એ કુલટા સ્ત્રીની પતિ પ્રત્યેની અનુમાનવિહીન ભક્તિ છે, જે કેવળ અને કેવળ સ્વાર્થ ખાતર છે.

સ્વાર્થમાં રમનારને પરમ આનંદનો અનુભવ ન થાય.

ભક્તિ એ સ્નેહ અને શૌર્યનું પ્રતીક છે.

ભક્તિમાં દીનતા અને ઉત્સાહહીનતાનો નિરાસ છે.

ભક્તિમાર્ગનો સિદ્ધાંત એ છે કે...

'ભગવાન કર્તા છે અને ભગવાન જ ફળના ભોક્તા છે.'

આ દ્વારા નિર્દ્વન્દ્વ સમતારસનો અનુભવ થઈ શકે છે.

'ભક્તિ'નો અર્થ દાસતા કે પરાધીનતા નહીં પણ એકતા અને અભેદતાની અનુભૂતિ છે.

ભાવ નહિ, ત્યાં ભક્તિ નહિ.

ભક્તિ નહિ, ત્યાં શક્તિ નહિ. શક્તિ નહિ, ત્યાં સિદ્ધિ નહિ.

લૌકિક વિદ્યા પણ ભક્તિવાનને જ સિદ્ધ થાય છે
અને ફળ પણ તે ભક્તિવાનને જ આપે છે,
તો લોકોત્તર મોક્ષને ખેંચી લાવનારી વિદ્યા
ભક્તિ વિનાનાને કેવી રીતે સિદ્ધ થાય?

સર્વ આરાધકોના પરમ નાયક એવા
શ્રી વીતરાગ ભગવંતો ઉપર જેને ભક્તિ નહિ,
તેનો આરાધના માટેનો ગમે તેટલો ય પરિશ્રમ
ઉખર ભૂમિમાં શાલિ વાવવા જેવો જ છે.

આરાધ્યની ભક્તિ કર્યા વિના જ
આરાધનાને ઈચ્છતો મનુષ્ય બીજ વાવ્યા વિના જ
ધાન્યને ઈચ્છે છે તથા વાદળા વિના જ વૃષ્ટિને ઈચ્છે છે.

શ્રી જિનભક્તિ એ ઉત્તમ ફળની પ્રાપ્તિ અને
સર્વ દુઃખની નિવૃત્તિ કરાવનારી છે.

ધર્મ અરતિ રોગ તથા ભક્તિ અરતિ રોગાભાવ.

ભક્તિથી આવતી આત્મીયતા સૌથી દિવ્ય - ભવ્ય હોય.

જે ક્ષણે ભક્તિ આવે, પરમાત્માની લગની લાગી છે
અને તે જ ક્ષણે આખું વિશ્વ સૌંદર્યમય લાગે છે.
ભક્તિની દૃષ્ટિથી તમામ વસ્તુ સુંદર છે,
ભવ્ય, દિવ્ય, ઉદાત્ત અને પૂજનીય છે.
ઇંદ્રિયોથી જોયેલું સૌંદર્ય માદક અને મલિન છે, જ્યારે
હૃદયથી જોયેલું સૌંદર્ય ઉદાત્ત અને પૂજનીય હોય છે.
સગુણ યા નિર્ગુણ તત્ત્વ પણ સર્વ માર્ગથી
પામવાનું તત્ત્વ એક જ છે અને તે છે પરમાત્મા...
પછી તે માર્ગ ભક્તિનો હો કે નિષ્કામ કર્મનો,
યોગાભ્યાસનો હો કે મન - ઇંદ્રિયોના વિલયનો,
શાસ્ત્ર સ્વાધ્યાયનો હો કે વેદાભ્યાસનો,
દયા, દાન-તપનો હો કે તપસાધનનો યા દૃઢ વૈરાગ્યનો,
પ્રવૃત્તિનો યા નિવૃત્તિનો, પરોપકારનો હો કે સ્વોપકારનો-
બધાનું અંતિમ તાત્પર્ય આત્મતત્ત્વને પામવાનું જ છે.
દૃઢ શ્રદ્ધા, ભક્તિ કે પ્રેમથી જડ પણ ચેતન બને છે.

# જીવનસિદ્ધિ મેળવવાના ઉપાય

ભક્તિની નમ્રતા, જ્ઞાનની અનાસક્તિ, કર્મની કુશળતા -
આ ત્રણ ગુણો વડે જીવનસિદ્ધિ મેળવી શકાય છે.
ભક્તિના અભાવમાં સુખ અને
તેના કારણભૂત સુકૃતોની અનુમોદનાના સ્થાને ગર્વ છે.
ભક્તિ એ પરમ વિરક્તિ છે,
કેમકે તે અહં પ્રત્યેના રાગની વિરોધી છે.
ભક્તિ એ વિભક્તિથી વિપરીત છે.
'વિભક્તિ' એટલે વિભાગ, તેનો અભાવ તે જ ભક્તિ.
વિભાગનો અભાવ અને અવિભાગનો સદ્ભાવ.
ભક્તિનો તાત્પર્યાર્થ એ થયો કે જેમાં
ભેદભાવનો અભાવ અને અભેદભાવનો સદ્ભાવ છે.
પ્રભુ સાથે અભેદભાવે મળવું, તેનું જ નામ 'ભક્તિ'.
આજના કાળમાં વાસના અને ભોગો વધ્યાં છે,
માટે સંસાર ખારા ઝેર જેવો લાગે છે, પરન્તુ જો
ભક્તિ વધે, તો સંસાર અમૃત જેવો બની જાય.

# ત્રિ મતે ભક્તિ

નૈગમસંગ્રહના મતે ભક્તિ એ ભગવાનની સેવા છે,
ઋજુસૂત્રના મતે ભક્તિ, ધ્યાન, શબ્દોચ્ચાર આદિ
ભજનની શક્તિ છે તથા
શબ્દાદિના મતે આત્મજ્ઞાન એ જ નૈષ્કર્મિક ભક્તિ છે.
એક ભક્તિ ભગવાન પ્રત્યે ઝૂકે, બીજી ચિત્તવિશુદ્ધિને
પ્રધાન માને તથા ત્રીજી ભક્તિ આત્મજ્ઞાન સ્વરૂપ છે.
ત્રિ ભક્તિ પરસ્પર ગૌણ-મુખ્ય ભાવે સંકળાયેલી છે.
પ્રથમ દાસ્ય, બીજી સખ્ય, ત્રીજી આત્મનિવેદન રૂપ છે.
'ભક્તિ' એટલે... કોઈક અંશ નહીં પણ પૂર્ણ.
ભેદ - મિલન - દિવ્યતા સાથે સંબંધ - જોડાણ - એકતા.
'આરાધ્યત્વેન જ્ઞાનં ભક્તિઃ ।'
બીજી જગ્યાએ કરેલો પ્રેમ મોહ છે પણ પ્રેમ નહિ
અને પરિણામે એવો પ્રેમ દુઃખમાં પરિણત થાય છે.
ભક્ત ભગવાનમાં બધું જુએ છે અને
ભગવાન પણ ભક્તમાં બધું જ જુએ છે.

'माहात्म्यश्रवणात् सर्वाधिकसुदृढस्नेहो भक्तिः।'

ભક્તિ: માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સર્વથી અધિક
જે સુદૃઢ સ્નેહ જાગે છે, તેનું નામ 'ભક્તિ' છે.
બધેથી રાગ ખેંચી લઈ, કોઈપણ સ્થળે, કાળે, પ્રાણી, પદાર્થ
કે ક્રિયામાં આસક્તિ વિના પ્રભુમાં જ સર્વભાવપૂર્વક
સૌથી સર્વથી અધિક સ્નેહ બાંધવો, એ 'ભક્તિ' છે.

ભક્તિ બાકી બધાં સાધનોથી સુલભ છે, કેમકે
ભક્તિનું મૂળ પ્રેમ છે, તે તો સૌમાં સહજપણે રહેલ છે.
એટલી શક્તિ શક્તિમાન - એટલી ભક્તિ ભગવાન અને
શક્તિ, ભક્તિ અને જ્ઞાન મળે, તો ભગવાન થવાય.
ઉત્કૃષ્ટ ભક્તિ = પ્રભુની યાદ નિરંતર બની રહે, એ યાચના.

બોધ વગર ભાવના કે ભક્તિ નહિ અને
ભક્તિ વિના શાંતિ કે સુખ નહિ, તેથી
ભક્તિ આત્માને તૃપ્ત કરે છે.

મનમંદિરમાં પ્રેમ અને વિવેકરૂપી દીવો પ્રગટાવીને
હૃદયરૂપી સિંહાસન ઉપર ભક્તિનું બીજ આરોપવાનું છે.

મમતાનું આવરણ હોય, તો ભગવાન પ્રેમમય ન લાગે.
તે આવરણ તોડવાનો ઉપાય ભગવાનની શરણાગતિ છે.

ભગવાનની પ્રેમમય શક્તિ માનવાથી જ
ભગવાન પ્રત્યે ભક્તિ પેદા થઈ શકે છે. સર્વ જીવો
પ્રત્યે સમાન ભાવનું પૂર્ણ જ્ઞાન જ પ્રેમને વિકસાવે.

'ભગવાનની દયા સર્વની રક્ષા કરે છે'
એવો જ્ઞાનપ્રકાશ જે અંતરમાં જાગે છે, તે અંતર
પણ ભગવાનની કૃપાથી ભાવિત થયેલું છે, એમ માનવું.

'ભગવાન મહાવીર પંચભૌતિક દેહરૂપ અને
પોતાના પ્રત્યે જ સ્નેહવાળા છે' એવી માન્યતાનો
અંશ રહ્યો, ત્યાં સુધી ગૌતમને પણ વિલાપ થયો.

'વસ્તુતઃ ભગવાન સર્વવ્યાપી આત્મસ્વરૂપ છે,
એમને નિર્વાણ હોતું નથી અને ભગવાન તો
સર્વ - સમસ્ત જીવો માટે સમસ્નેહવાળા છે'
એવી સમજણ થતાંની સાથે જ
ગણધર ગૌતમને પૂર્ણ - કૈવલ્ય જ્ઞાન પ્રગટ થયું.

ઇચ્છા - અનુરાગાદિ વસ્તુતંત્ર છે, પુરૂષતંત્ર નથી.

જે વસ્તુ દેખાય, તે દેખવાથી અને

તે વસ્તુમાં રહેલા ગુણોના રાગથી જ પ્રેમ થાય છે.

ભક્તિ પુરૂષતંત્ર છે, શરણાગતિ વસ્તુતંત્ર છે,

ઇચ્છા વસ્તુતંત્ર છે તથા પ્રેમ પુરૂષતંત્ર છે.

ભક્તિ નિમિત્તોપાદનો ભેદ કારણતાવાળી છે, પ્રપત્તિ નિમિત્ત કારણવાળી - રાગ ઉપાદાન કારણતાવાળી છે.

પુરૂષતંત્ર = ઉપાદાનપ્રધાનતા, વસ્તુતંત્ર = નિમિત્તપ્રધાનતા.

ભક્તિ એ રાગ - ક્રિયા ઉભયાત્મક છે અને

શરણાગતિ એ કર્મત્યાગાત્મક છે.

'કર્મ કરવાથી ફળ છે' એમ ભક્તો કહે છે.

યોગ કર્તૃતંત્ર છે, ભક્તિ વસ્તુતંત્ર છે. યોગક્રિયામાં સ્વાવલંબન મુખ્ય છે, ભક્તિ કથંચિત પરાવલંબી છે.

સ્વાવલંબન ઉપાદાનપ્રધાન - પરાવલંબન નિમિત્તપ્રધાન છે.

ભક્તિ - ભજન - યોગાભ્યાસ અનિવાર્ય છે.

'નાયમાત્મા બલહીનેન લભ્યઃ ।'

## <u>મોક્ષનું શ્રેષ્ઠ મોટું સાધન એટલે ભક્તિ.</u>

'मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥'

<u>અર્થાત્</u>: મોક્ષનાં સાધનોની સામગ્રીમાં ભક્તિ જ મોટી છે. સ્વસ્વરૂપનું અનુસંધાન કરવું, તેનું નામ 'ભક્તિ' છે.

## <u>ભક્તિ એટલે સેવા.</u>

હઠયોગાદિ સાધનાઓ દ્વારા સમાધિની સ્થિતિએ પહોંચી શકાય, પરન્તુ ગુરુકૃપા અને ભક્તિની તન્મયતાથી સહજ ક્ષણમાં જ માનવને સહજ સ્થિતિ પ્રાપ્ત થતી હોય છે.

<u>સહજ સમાધિ સ્થિતિ એટલે</u>... (૧) ચાલવું એ પરિક્રમા. (૨) કામકાજ કરવું એ ભક્તિ. (૩) શયન એ પ્રણામ. (૪) બોલવું એ જપ. (૫) ખાવું - પીવું એ ક્રિયાકાંડ.

ભક્તિ વડે સંસર્ગારોપ - જ્ઞાન વડે અભેદારોપ સધાય.

નમ્ર - લઘુ - નિરહંકારી થાય, તેને ભવભ્રમણ મટી જાય.

જે ગુરુ - મહેર - અભિમાની જાણે છે,
તેને માટે આ સંસારનું પરિભ્રમણ વધી જાય છે.

# <u>ભક્તિ એ જ્ઞાનનો હેતુ છે.</u>

ભક્તિનો વિષય નિત્યરસાનન્દ છે, જ્યારે
જ્ઞાનનો વિષય ઉદ્‌ધર્તારસાનન્દ છે.

ભક્તિનો ન્યૂનતમ અર્થ છે 'અહંતામુક્તિ'
અહંપણું ટળી જાય, તો બંધનથી મુક્તિ અવશ્ય જ છે.
અહંકાર જ બંધન છે, ભક્તિથી જ તે નાશ પામે છે.

હૃદય પૂર્ણ પ્રેમથી ભરેલું હોય, તેનું નામ 'ભક્તિ' છે.

'સુખ કે દુઃખ બંને ઈશ્વર આપેલું શુભ જ થવાનું છે'
એવો દૃઢ વિશ્વાસ, તેનું નામ 'ભક્તિ' છે.

ભક્તિ કેવળ દીનવૃત્તિમાં નહિ પરંતુ
અનિર્વચનીય સમાનતા અને તીવ્ર વૈરાગ્યમાં રહેલી છે.

ભોગકર્મ પ્રારબ્ધાધીન છે, જ્યારે
ભક્તિ અને યોગ પ્રયત્નાધીન છે.

મળ = વાસના, તે નિષ્કામ કર્મથી જાય છે.
વિક્ષેપ = ચંચળતા, તે ભક્તિથી જાય છે.
આવરણ = અહંકાર, તે જ્ઞાનથી જાય છે.

## ભક્તિ વિકસાવવાનાં પ્રકરો

વિવેક - Discrimination.

વિમોક = Longing for Him alone.

અભ્યાસ = Continuous thinking.

ક્રિયા = Doing good to others.

કલ્યાણ = Willing well to all.

સત્ય = Truthfulness.

આર્જવ = Integrity. દયા = Compassion.

અહિંસા = non-violence.

દાન = charity.

તપ - જપ, વ્રત - નિયમ, સેવા, દાન, ધ્યાન, સમાધિ વગેરે પણ પ્રભુની ભક્તિ વિકસાવવાનાં સાધનો જ છે. ભગવદ્ કૃપા પણ પ્રભુમિલન ન થાય, તો મહાત્માનિ માને એની ચોરીથી દુષિત અંતની ભેદ પીડા પામે.

ભગવાનની પાસે લાભ એને ભક્તિ સિવાય અન્ય વસ્તુની ઇચ્છા એ માયાના પ્રભાવનો નાશ કરે છે.

## ભક્તિ કઈ રીતે જાગે ?

સ્નેહ અને વિવેક ભેગા થાય, ત્યારે ભક્તિ જાગે છે.

સ્ત્રીમાં સ્નેહ છે પણ વિવેક ઓછો પડે છે,

પુરુષમાં વિવેક છે પણ સ્નેહ ઓછો પડે છે,

એટલે સ્ત્રી - પુરુષને પરસ્પરની જરૂર પડે છે.

અદ્વૈત હોય, ત્યાં જ આનંદ છે.

શબ્દકોશમાં આનંદનો પ્રતિપક્ષી કોઈ શબ્દ છે નહીં.

ગંગા એ જ્ઞાન અને યમુના એ ભક્તિ -

બંનેના સંગમથી આનંદ મળે, તે [illegible] ઉત્કૃષ્ટ છે.

મૂર્તિ અને મંત્રમાં ચૈતન્યનો અનુભવ કરવો, તે ભક્તિ.

મન મૂર્તિ અને મંત્રમાં રાખશો, તો તે કદી બગાડશે નહીં.

જ્યાં શુદ્ધ દેહદશાનું ભાન છે,

ત્યાં શુદ્ધ જ્ઞાની જે ભક્તિ છોડે, તો પતન પામે છે.

ભક્તિને જ્ઞાનનો સાથ નહીં હોય,

તો ભક્ત સંકુચિત બનશે અને જ્ઞાનીને જો

ભક્તિનો સાથ નહીં હોય, તો જ્ઞાન અભિમાની બનશે.

## ભક્તિની કુંજી છે 'નામજપ'

ઈશ્વર, પ્રભુ યા ભગવાનનું નામ નિરંજન છે.
જે કોઈ એનું મનમાં મનન કરશે, તે એને જાણી શકશે.
નામજપ પણ ભક્તિ છે, કેમકે જ્યાં નામ - ત્યાં રામ.
નામનો જાપ કરવાથી તે દેવ - તમારી સાથે જ રહે છે
અને તમારા આત્માના કલ્યાણાર્થે રક્ષણ પણ કરે છે.

પ્રભુનું નામ લેતાં જેઓ આત્મત્યાગ કરે,
તેઓનો શોક કરવાનો રહેતો નથી. શોક કોનો કરવો?
વૃત્તિ - મનનો લય આત્મામાં થતાં દિવ્ય પ્રકાશ દેખાય,
તે જ પરમાત્મા છે. સર્વમાં રહેલા પરમાત્માની જ્યોત
સર્વ કાળે અને સર્વ ઠેકાણે થઈ શકે છે.

નામસ્મરણ એ આધ્યાત્મિક જન્મ છે.

નામસ્મરણથી પ્રેમ ઉદ્ભવે છે, પ્રેમમાંથી ભક્તિ,
ભક્તિમાંથી ભાવ અને ભાવ સમાધિમાં પરિણમે છે.
નામજપ વડે મનનું બહિર્મુખ વલણ રોકીને
મનને અંતર્મુખ કરવાનું ભક્તિકાર્ય થાય છે.

ભક્તિનું મૂળ પ્રભુનું નામસ્મરણ અથવા સત્સંગ છે.

જેનાથી સદ્વિચાર ઉત્પન્ન થાય, તે સત્સંગ છે.

નામસ્મરણથી ઈશ્વરનો વિચાર જાગે, તે ભક્તિ જ છે.

નામસ્મરણથી નવા જોમથી ભરશો.

નામરસ જેણે જેણે પીધો છે,

તે પ્રત્યેક માનવી મહામાનવની પદવીને પામે છે.

નામરસ એકવાર પીધા પછી એનો અમલ જતો નથી.

માનવીને તે સદા ય આનંદરસમાં મગ્ન રાખે છે.

ભાવને અનર્ગળ ધારે પાવો, તો પણ

તે ખૂટે તેમ નથી, એ એની અદ્ભુત વિશિષ્ટતા છે.

કૃતજ્ઞતા આવવાથી જ ભક્તિ વાસ્તવિક બને છે, વળી

પરમાત્માના અનુગ્રહના વાસ્તવિક ભાજન થવાય છે.

મોક્ષની પ્રાપ્તિ પરમાત્મા યા શુદ્ધ આત્મદ્રવ્યની સાથે

અભેદાનુભૂતિ થવા દ્વારા પ્રાપ્ત થાય, તે ભક્તિ જ છે.

ભક્તિનું મુખ્ય સાધન ભગવત્કૃપા અને સત્સંગ છે.

સત્સંગ દુર્લભ છે અને અગાધ છે.

## ઇંદ્રિયોને પોષણ કરીએ, તે આસક્તિ અને જીવનને પોષણ કરીએ, તે ભક્તિ.

બુદ્ધિથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી, પરન્તુ ભક્તિને વશ બુદ્ધિ હોવાથી બુદ્ધિ દાસી અને ભક્તિ સ્વામિની છે.

જો કે ભક્તિ બુદ્ધિને આધીન છે, તો પણ ભક્તિ વિના બુદ્ધિ અસંતુલિત હોવાથી વિશ્વમાં પ્રભુત્વ બુદ્ધિનું નથી, પરન્તુ ભક્તિનું છે.

અંતઃકરણપ્રવૃત્તિ ભગવદાકાર થઈ જવી, તે ખરું પૂજન છે.

સર્વેશ્વરનું કોઈપણ સ્વરૂપ, રૂપમાત્રને જીવન આપનાર ભગવાનની ઝાંખી કરવા માટે હોવું જોઈએ.

## ભક્તિ - એક સમર્થ સાધન

વાસનાઓનો સંબંધ ચિત્ત સાથે છે,
તેનો મેલ ધોવા માટે ભક્તિ જ એક સમર્થ સાધન છે.

ભક્તિથી સદાચારથી જીવનનું આપોઆપ નિર્માણ થાય.

પ્રભુભક્તિનો માર્ગ તે પ્રકાર છે,
પરન્તુ તે જીવનને શુદ્ધ કરનારી પ્રક્રિયા જ છે.

## ભક્તિના ચાર પ્રકાર

(૧) વન્દનમ્ = અભિવાદનમ્, પ્રશસ્તકાયવાઙ્મનઃ પ્રવૃત્તિરિત્યર્થઃ । અર્થાત્ : વંદન = અભિવાદન કરવું, મન - વચન - કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ કરવી.

(૨) પૂજનમ્ = ગન્ધમાલ્યાદિભિઃ સમભ્યર્ચનમ્ । અર્થાત્ : પૂજન = સુગંધી દ્રવ્ય - માળા વગેરે વડે પૂજા કરવી.

(૩) સત્કારઃ = પ્રવરવસ્ત્રાભરણાદિભિઃ । અર્થાત્ : સત્કાર = શ્રેષ્ઠ વસ્ત્ર, અલંકાર આદિ વડે સત્કાર કરવો.

(૪) સન્માનં = મણપીઈઇ વિણયપડિવત્તી । અર્થાત્ : માનસિક પ્રીતિપૂર્વકનો વિનય સ્વીકાર અથવા સ્તુતિ વગેરેથી ગુણોત્કીર્તન કરવું.

(૧) પહેલું ભગવાનનું છે - હું પ્રભુનો છું.
(૨) બધામાં ભગવાનનો વાસ છે - પ્રભુ મારાં છે.
(૩) બધું ભગવાન છે - હું અને પ્રભુ એક છીએ.

ભક્તિના આ 3 પગથિયાં છે. ભક્તિ કરતાં ભગવાન અધિક લાગે, ત્યારે ભક્ત પ્રભુમાં વિલીન થઈ જાય છે.

ભક્તિમાં પ્રેમની જરૂર છે.

પરમાત્મભક્તિ એક માત્ર પ્રેમ માંગે છે.

ભક્તિ વધે, તો ભેદનો વિનાશ થાય છે.

અંદર રહેલો આનંદ એ ભગવાનનું જ સ્વરૂપ છે.

પરમાત્માનો જેને અનુભવ થયો છે,
તે તેનાથી એક ક્ષણ પણ અલગ રહી શકતો નથી.

'ભક્તિ લાવવાની છે' એમ માનવા કરતાં
'સ્વતઃ આવનારી છે' એમ માનવું વધુ ઉચિત છે.

જો ધર્મના સિદ્ધાંતો પ્રત્યે શ્રદ્ધા હોય,
તો ધર્મસ્થાપક દેવ ઉપરાંત ધર્મના ઉપદેશક-
પ્રેરક તથા પ્રભાવક ગુરુ આદિ તત્ત્વો પ્રત્યે
પરમ ભક્તિ આવ્યા વિના ન જ રહે.

એક માતા બાળક માટે કેટલો ત્યાગ કરે - કેટલું સહે,
છતાં એને બદલે એના મનમાં રાજીપો જ હોય છે.

ભાગવતમાં કહ્યું છે કે: નદી, પહાડ, પાણી -
જે કાંઈ દેખાય, તે બધાને હરિશરીર માનો.

કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સંગમ થાય, ત્યારે
સંસારમાં સ્થિત ત્રિગુણાત્મક માયા દૂર થાય છે.

ફળની અપેક્ષા વગર કરાતું કર્મ એ ભક્તિ છે.
ભક્તિ વડે મનને પરમાત્મામાં એકાગ્ર કરાય છે અને
જ્ઞાન વડે પરમાત્માનો અનુભવ લેવાય છે.
પરમાત્માનું નામ અને કર્મ નિત્યનવીન છે,
પરમાત્માના સતત ચિન્તન અને
કીર્તનથી પરમાત્માનો યોગ થાય છે તથા
સંયમથી ભક્તિમાં સ્થિરતા આવે છે.
ભક્તિ કરો અને ભક્તિમાં જો આનંદ ન મળે,
તો તમારી ભક્તિમાં જ ઉણપ માનજો, કારણકે
અત્તરની દુકાનમાં જઈએ અને સુગંધ ન આવે,
તો નાકમાં જ કાંઈ ઉણપ હોવી જોઈએ.
ભક્તિ અવ્યભિચારિણી છે.
ભક્તિમાં તન અને ધન ગૌણ છે, મન જ મુખ્ય છે.
ભક્તિ એ વૈરાગ્ય વિના પૂર્ણ થઈ શકતી જ નથી.

# ભક્તિનો અપૂર્વ મહિમા

ભક્તિ ભોગ માટે નથી, કિન્તુ સ્વરૂપની પ્રાપ્તિ માટે છે.

ભક્તિનું ફળ ભગવાન છે. જેને પરમાત્મપ્રીતિ છે, તેણે પરમાત્મા પાસે આત્માની જ માગણી કરવાની.

પરમાત્માના ઉપકારનું સતત ચિંતન એજ ખરી ભક્તિ.

ભલે કોઈ જીવની આશા રાખવામાં દુઃખ છે, પરન્તુ પરમાત્માની આશા રાખવામાં પરમ સુખ છે.

આત્મસંતોષીને પરમાત્મા આત્મસ્વરૂપે ઘણું દાન કરે છે.

ભોગમાં સંતોષ રાખો અને ભક્તિમાં ભૂખ રાખો.

માહાત્મ્યજ્ઞાન અને ગુણકીર્તનથી ભક્તિ પેદા થાય છે.

સત્સંગ વિના પરમ તત્વની ઓળખાણ થતી નથી.

સત્સંગથી ભગવાનમાં અવિચ્છિન્ન અનુરાગ ઉત્પન્ન થાય છે.

સંતને સંતસ્વભાવ જ ઓળખી શકે છે. સંતની કૃપાથી ભગવદ્દર્શન અને ભગવત્કૃપાથી સંતની ઓળખાણ થાય છે.

સંતની ભાવના સર્વ કોઈ પ્રભુદર્શન કરે, એવી હોય છે. સંતની એ ભાવના ભગવાન જ પૂરી કરે છે.

ઈશ્વરથી વિભક્ત ન થવા દે, તેનું નામ 'ભક્તિ'.

માનવને મળવાની ઈચ્છા, તે વાસના અને

પ્રભુને મળવાની ઈચ્છા, તે ભક્તિ.

જેમ યંત્રના સંગાથે પાણી ઉપર ચડે છે, તેમ

મંત્રના સંગાથે મન પરમાત્મા સુધી પહોંચી શકે છે.

ભક્તની ભક્તિ કરતાં

ભગવાનની શક્તિ અચિન્ત્ય છે, માટે ભક્તિ ફળે છે.

અરિહંતના દર્શન, પૂજન, સ્મરણ, ધ્યાન, આજ્ઞાપાલનાદિ

ફળે છે, તેમાં તેમનો અચિન્ત્ય પ્રભાવ કાર્ય કરે છે.

જ્ઞાનમાર્ગમાં દૈષ્ટાપણું છે, જ્યારે

ભક્તિમાર્ગમાં દૈષ્ટા અને દૈશ્ય ઉભય છે.

ભક્તિનો અર્થ કેવળ દાસતા નહિ, કિન્તુ આરાધ્ય દેવ

સાથે કંઈંચિત્ એકતા યા અભેદતાની અનુભૂતિ છે.

જીવનમાં ક્રોધ, વિહ્વલતા કે વિષાદ પેદા ન થાય.

દૂષણોથી દૂર રહેવામાં ઉર પ્રભુભક્તિથી ભરપૂર બની જાય,

એ જરૂરી છે... દિલ દ્વેષે પ્યારથી, ન કે નફરતથી.

'मूकं करोति वाचालम्, पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे, परमानंद माधवम् ॥'

## ચિત્ત વિલીન કરવા શોધ શું ?

સત્સંગ, મમતાનો ત્યાગ અને પરમાત્માની
પરમ પ્રેમલક્ષણા ભક્તિ. ભક્તિ પ્રભુની પ્રભુતા અને
ભગવાનની શક્તિના ભાનપૂર્વક કરવાની છે.
આથી ભક્તિ ભગવાનના ભરોસે
જીવનનું બલિદાન કરવાનું કામ છે અને
એમાં જ ભક્તિની પરિપૂર્ણ સિદ્ધિ છે.
જેની ભક્તિ કરીએ છીએ, તે ભગવાનની શક્તિએ
આગિયામાં શીતળ પ્રકાશ મૂક્યો છે, અસંખ્ય છીપો અને
શંખલાઓમાં વિવિધ રંગો અને આકૃતિઓ રચેલ છે,
અદ્ભુત કારીગરીવાળા પુષ્પોમાં વિવિધ રંગ, સુગંધ અને
સુંદર આકૃતિ તથા વિધવિધ ઋતુઓના વિવિધ સ્વાદ
રચેલ છે અને વિશાળ અવકાશમાં આકાશગંગા - દીપ
જેવા પદાર્થો જ વિશ્વ અંતર્ગત આરોહણ કરાવે છે.

## ભક્તિના બે પ્રકાર: (૧) મુક્ત્યર્થ (૨) પ્રીત્યર્થ.

એક ભક્તિ મોક્ષપ્રાપ્તિ કાજે, બીજી સ્વરૂપદર્શન કાજે.

એક ભક્તિ વાનરી, બીજી ભક્તિ માર્જારી.

આદર અને પ્રેમ વચ્ચે ઘણો તફાવત છે.

કદાચ આદર ન હોય, તો પણ પ્રેમ હોવો જોઈએ.

'પ્રીતિ' એટલે સમાન ઉપર સ્નેહ અને

'ભક્તિ' એટલે અધિક ઉપર સ્નેહ.

'પ્રીતિ' એટલે 'હું તમારો છું - તમે મારાં છો' તથા

'ભક્તિ' એટલે 'તું અને હું - બે એક છીએ.'

તે ભક્તિ જ પછીથી વચનાનુષ્ઠાનરૂપે પરિણામે

અસંગ - અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવે છે.

ભક્તિમાં 'હું પ્રભુનો છું' - પ્રીતિમાં 'પ્રભુ મારાં છે.'

### અહૈતુકી ભક્તિ આખરે શું ચાહે છે ?

અહૈતુકી ભક્તિ ધર્મ - અર્થ અથવા કામને ચાહતી નથી,

મુક્તિ કે ભક્તિને પણ નહીં, તે માત્ર ભક્તિ કરે છે.

જ્ઞાની મુક્તિને ચાહે છે, જ્યારે ભક્ત ભક્તિને ચાહે છે.

પ્રભુ-આત્માને સાથે જોડતું સાધન પ્રીતિ નથી, ભક્તિ છે.

આત્માને પ્રભુ સાથે જોડતું સાધન છે.

પ્રભુને પ્રેમ અને ભક્તિ વડે પામો શબ્દ, અન્ય સર્વ ઉપાયો પ્રભુ પ્રત્યે હૃદયના ભાવને વિકસાવવા માટે છે.

આપણે જગતને સદા જ પ્રેમ કરીએ,
એથી પ્રેમ પ્રભુ આપણને કરે છે.

ઈશ્કના ફકીર મટી ઈશ્વરના ફકીર બનવું,

અને છેલ્લું ભવભ્રમણનું ચક્ર છે અને તેથી જ તે છેલ્લું પુદ્ગલ પરાવર્તન છે, ધર્મનો યૌવનકાળ ગણાય છે.

'તાત્ત્વિક ભક્તિ' એટલે...

તમારી ઇચ્છા પ્રમાણે થાઓ, મારી ઇચ્છા પ્રમાણે નહીં.

Not mine, but Thine will be done.

શ્રદ્ધા રાખો અને એ લઈ જશે પાર.

ભક્તિ પોતે જ પોતાનું ફળ છે.

ભક્તિ જીવનને જીવન આપે છે.

'ભક્તિ' એટલે ભગવાનનું શરણું ગ્રહણ કરવું.

ભક્તિને કશા ભેદ નથી, ઈશ્વરને અભેદ જ ગમે છે.

ભક્તિ એટલે જીવન પ્રભુના ચરણે સમર્પિત કરવું,
તમામ પ્રશ્નો સર્વ શક્તિમાનને સોંપી જીવન જીવવું.
સ્વાભાવિક આત્મદૃષ્ટિ ભક્ત પોતે જ ભગવાન છે,
અહં પોતે જ અર્હં બને છે, નર પોતે જ નારાયણ છે,
જન પોતે જ જિન છે, ખુદ પોતે જ ખુદા છે, કંકર
પોતે જ શંકર અને અંશ પોતે જ અંશી બને છે.
નિરાકાર અને સાકાર - ઈશ્વરના રૂપનું ધ્યાન કરવાથી
જે એક જ પરમ વસ્તુ ઉપલબ્ધ થાય છે,
તે પરમેશ્વરને સર્વ પ્રકારથી શરણે જઈને ઈંદ્રિય તથા
શરીરથી સેવા, મનથી સ્મરણ, શ્વાસથી તેમના નામનું
ઉચ્ચારણ, કાનોથી તેમના પ્રભાવનું શ્રવણ અને શરીરથી
એમની આજ્ઞાનુસાર વર્તન કરવું, એ સાચી સેવા છે,
વાસ્તવિક ભક્તિ છે, જેનાથી આત્માનું શીઘ્ર કલ્યાણ છે.
લઘુતાગ્રંથિ દૂર કરવા ભક્તિની પગથી છે.
'હું પામર છું' એ ભાન નથી, 'હું પ્રભુનો છું' એ ભક્તિ.

શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગાદિ આત્માને જાણો.

મન દ્વારા જઈને ભગવદાકારતા રૂપ
સાત્ત્વિક વૃત્તિને ધારણ કરે, તેનું નામ 'ભક્તિ' છે.
તે ભક્તિ આત્મસાક્ષાત્કાર દ્વારા મોક્ષનો હેતુ બને છે.
વિષયવાસના (આંતર) અને વિષયભોગ (બાહ્ય)નો
ત્યાગ કર્યા પછી જ ભક્તિ જાગે છે.

જીવન કેવી રીતે જીવવું જોઈએ ?

ભીતર પ્રભુનું સ્મરણ, બહાર લોકોના સત્કાર્ય.
ભીતર અસંગતા અને બહાર સંસર્ગ.
ભીતર સ્થિરતા રહે, બહાર ગતિમયતા.
આવી સમતુલા પ્રાપ્ત કરવી, એ સાધનાનો પાયો છે.
આવી માનસિક સમતુલાથી મનુષ્ય સ્વચ્છ બને છે.
આપણા મનના સમત્વ ઉપર આધાર માંડી આપણા
જ આત્મભાવ ઉપર ભક્તિ દ્વારા નિશાન તાકવાનું છે.

God is Spirit. God is all and
in Him - we have divine freedom.

નારદ ભક્તિસૂત્ર - ૨૭માં કહ્યું છે કે:

'ईश्वरस्यापि अभिमान - द्वेषित्वात् दैन्यप्रियत्वाच्च।'

પ્રભુને અભિમાન સાથે વેર અને દીનતા સાથે વ્હાલ છે.

ભગવાન પોતે જ મહાન હોવા છતાં

અભિમાનરહિત અને નમ્રતાની અવધિ છે.

અભિમાન એ નિરાહારી ભગવાનનો આહાર છે.

ભગવાનને અભિમાન ગમતું નથી - દીનતા રુચે છે એટલે તે ભક્તનું અભિમાન લઈ અને તેની નમ્રતા વધારે છે.

કર્મ વગેરે અહંકારથી ભરેલાં છે, ભક્તિમાં નમ્રતા છે.

'પોતાની જાત તૃણ જેવી તુચ્છ અને ભગવાન મેરુ જેવા મહાન છે' એવી સમજણ લાગણીપૂર્વકની નમ્રતા છે.

'ભગવાનનું સ્વરૂપ સમુદ્રસમ અને પોતાનું બિન્દુરૂપ પણ નહીં' એ સમજણ આપણાં જીવનને કૃતકૃત્ય કરે છે.

નમ્રતામાંથી જ ચિત્તની પ્રસન્નતા વિસ્તરી જીવનરસ ઝરે છે.

આ દીનતા પ્રભુના કૃપાપાત્રને જ મળે છે.

ભક્તિ કરનારને તો ભગવાન જ સહાય કરે છે.

## નારદના ભક્તિસૂત્રોનો ઉપદેશ આ પ્રમાણે છે:

ઈશ્વર ઉપર પ્રેમ રાખવો, એનું નામ 'ભક્તિ'.
આ ભક્તિ અમૃતરૂપ છે અને તે મેળવવાથી
મનુષ્યને અમરતા અને તૃપ્તિ મળે છે.
ભક્તિના રસથી ભક્ત આત્મા સ્વયં રામ બને છે.

## ભગવાનની ભક્તિ કઈ રીતે સિદ્ધ થાય?

લોક અને વેદનો ત્યાગ કરવાથી - નિરોધથી સિદ્ધ થાય.
આ ભક્તિને અનન્ય ભાવથી કરવાની હોય છે, તેથી
પ્રભુ વિના અન્ય પદાર્થ - અન્યાશ્રયનો ત્યાગ જરૂરી છે.
લોક અને વેદમાં ભગવાનને અનુકૂળ પડે,
એવી રીતે જીવનના બધા જ કર્મ કરવાનાં હોય.
ભગવાનને જે જે વસ્તુઓ ન ગમતી હોય,
તે સઘળી વસ્તુઓ તરફ ઉદાસીનતા સેવવી.
ભગવાન ઉપર પ્રેમ થયાં પછી પણ
ભગવાનને અનુકૂળ એવાં સર્વ શાસ્ત્રોક્ત કર્મો કરીને
શાસ્ત્રનું રક્ષણ કરવું, નહીં તો પતિત થવાય છે.

વ્યાસનો મત છે:

ઈશ્વરપૂજામાં આસક્તિ રાખવી, એનું નામ ભક્તિ છે,
જ્યારે ગર્ગાચાર્ય કહે છે કે:
ભગવાનની કથા વિગેરેમાં આસક્તિ રાખવી, એ ભક્તિ.
શાંડિલ્ય ઋષિના મતે આત્મરતિના અવિરોધી પદાર્થમાં
આસક્તિ એ ભક્તિ પરંતુ નારદના અભિપ્રાયે આપણાં
સર્વ કર્મો ભગવાનને અર્પણ કરવાં અને ભગવાનનું
થોડું પણ વિસ્મરણ થતાં વ્યાકુળતા થવી, એ ભક્તિ.
દાખલા તરીકે વ્રજનાં ગોપીજનો.
આ ભક્તિમાં ભગવાનનું માહાત્મ્ય ભૂલી જવું ન જોઈએ.
શ્રી નારદ મુનિએ પોતાના 'નારદસૂત્ર' ગ્રન્થના સૂત્રોમાં
શિવજીનો ઉપદેશ (શિવાનુશાસન) અથવા
સૌનું કલ્યાણ કરનારો ઉપદેશ વર્ણવ્યો છે, તેમાં
જેને - જે ભક્તોને વિશ્વાસ હશે, તે પ્રિયતમ પ્રભુને
- ભગવાનને પ્રાપ્ત કરશે, એમ સ્પષ્ટ લખ્યું છે.
આ છે નારદનો ઉપદેશ.

કેટલાંક આચાર્યો જ્ઞાનને ભક્તિનું સાધન માને છે, જ્યારે
બીજા કેટલાંક આચાર્યો એમ માને છે કે
જ્ઞાન અને ભક્તિ - બંને પરસ્પર ઉપકારક છે.
સનત્કુમાર વિગેરે આચાર્યો અને નારદ પોતે પણ એમ
માને છે કે ભક્તિ ફલરૂપ છે. ભગવાનની આ ભક્તિ
વિષય અને દુઃસંગનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થાય છે
અને અખંડ ભજનથી સિદ્ધ થાય છે.
લોકમાં પણ ભગવાનના ગુણોનું શ્રવણ અને
કીર્તન કરવાથી ભક્તિ પ્રકટ થાય છે.
આ સૌ ભક્તિનાં સાધનોમાં મુખ્ય સાધન તો
મહાપુરુષો કે ભગવાનની થોડી પણ કૃપા જ છે,
પરંતુ આ મહાપુરુષોનો સમાગમ બહુ દુર્લભ છે.
ભગવત્કૃપાથી જ સત્પુરુષોનો સમાગમ થાય છે.
ભગવાન અને ભક્તમાં ભેદ નથી,
કારણકે સાધુપુરુષો એ ભગવાનનું હૃદય છે અને
ભગવાન એ સાધુઓનું હૃદય છે.

ભગવાન ઉપરના પ્રેમને કારણે તેનો ભક્ત એકલા ભગવાનનું જ સ્મરણ કરે છે, તેમની જ કથા કરે છે અને રાત - દિવસ તેમનું જ ચિન્તન કરે છે.

નારદનો આ ઉપદેશ છાન્દોગ્ય ઉપનિષદમાં સનત્કુમાર પાસેથી તેમને મળેલા ઉપદેશ સાથે સરખાવવા જેવો છે (છા.ઉ.૭૨૪૬). ભક્તિનું સાધન બીજાં બધાં સાધનોની સરખામણીમાં બહુ સરળ છે. ભક્તિ થકી શાંતિ અને પરમાનંદ મળે છે. જ્યાં સુધી ભક્તિ સિદ્ધ ન થાય, ત્યાં સુધી નિષ્કામ ભાવથી ભક્તિનાં સાધનો કરવાં.

સ્ત્રી, ધન, નાસ્તિક અને શત્રુ-

ભક્તે એ સહુનાં ચરિત્રો સ્મરણ કરવાં નહીં.

ભક્તે અભિમાન અને દંભનો ત્યાગ કરવો અને બધાં કર્મો પ્રભુને સમર્પ્યા પછી જો કામ, ક્રોધ, અભિમાન વગેરે થાય, તો તે બધું ભગવાનને વિષે જ કરવું. આની સાથે ભાગવતનો અભિપ્રાય સરખાવવા જેવો છે.

- છાન્દોગ્ય ઉપનિષદ ૧૦.૨૯.૧૫

## ખરાં પ્રેમી ભક્તોએ કઈ રીતે ભગવાનને પ્રેમ કરવો?

પ્રેમી ભક્તોએ હંમેશાં દાસ્યભાવથી અથવા
કાંતાના ભાવથી ભગવાન ઉપર પ્રેમ કર્યા જ કરવો.
બધા ભક્તો ગદ્‌ગદ્ થઈ, રોમાંચ અને
આંસુઓ સાથે પરસ્પર ભગવાનની વાતો કરે છે,
પોતાના કુળને અને પૃથ્વીને પવિત્ર કરે છે.
આવા ભક્તો તીર્થોને, કર્મોને અને શાસ્ત્રોને વધારે
પવિત્ર બનાવે છે, કારણકે તેઓ ભગવન્મય રહે છે.
આવા ભક્તો જોઈને પિતૃઓને આનંદ થાય છે,
દેવતાઓ નાચે છે અને પૃથ્વીને આધાર મળે છે.
ભક્તોમાં જાતિ, વિદ્યા, રૂપ, કુળ, ધન અને
ક્રિયા વગેરે કોઈપણ દૃષ્ટિથી ભેદ હોતો નથી.
વૈષ્ણવ શાસ્ત્રોમાં જે ૬૪ અપરાધ દર્શાવવામાં આવ્યા છે,
તેમાં જાતિભેદબુદ્ધિને એક અપરાધ ગણાવવામાં આવ્યો છે.
બધા ભક્તો ભગવાનના સંબંધવાળા - ભગવદીય છે,
તેથી તેઓમાં જાતિ વિગેરેનો ભેદ હોવો જોઈએ નહીં.

ગીતાનો ભક્તિયોગ એક વાક્યમાં છે: 'કર્મફળનો ત્યાગ'
અને નિષ્કામ કર્મ, અનાસક્તિ, ઈશ્વરાર્પણ બુદ્ધિ છે.

ભક્તિમાં ભેદબુદ્ધિ હોવાથી થોડો સંકોચ રહે છે,
જ્ઞાનમાં તે સંકોચ ન્યૂન થતો જાય છે.

આમ ભક્તોએ કોઈની સાથે વાદ કે વિવાદ ન કરતાં ભક્તિશાસ્ત્રોનું મનન કરી ભક્તિનો વધારો કરે, એવાં કર્મો કરવા. અનુકૂળ સમયની રાહ જોતાં અડધી ક્ષણ પણ ભગવાનના ભજન વિનાની નકામી ન ગાળવી. ભક્તે રોજે રોજ અહિંસા, સત્ય, શૌચ, દયા, આસ્તિક્ય વગેરેનું પાલન કરવું. સદા - સર્વદા, સર્વ ભાવથી, ચિંતા કર્યા વિના ભગવાનનું જ ભજન કર્યા કરવું. શ્રી વલ્લભાચાર્યએ પણ આવો જ ઉપદેશ કરેલો છે.

ભગવાનની પ્રેમપૂર્વક અનન્ય ભાવથી ભક્તિ અને
તેમના ગુણોનું કીર્તન કરવાથી ભગવાન
પોતે જ પ્રકટ થાય છે અને ભક્તોને પોતાના
સ્વરૂપનો અનુભવ કરાવે છે, તેથી ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

## દયાધર્મનું ત્રિકરણયોગે પાલન એટલે શું ?

મન - વચન - કાયાથી દયા પાળવી, પળાવવી, અનુમોદવી.

'કોઈ જીવ દુઃખી ન થાઓ અને સર્વ સુખી થાઓ' એવો મનથી વિચાર કરવો, બીજાઓ તે વિચાર કરતાં થાઓ અને એ વિચાર વડે જીવો દોષમુક્ત થાઓ, એવું અનુમોદન દયાધર્મનું ત્રિકરણયોગે પાલન છે.

માનસિક દયાધર્મના પાલન વિના કાયિક કે વાચિક દયાધર્મનું પાલન નિર્જીવ, નિષ્પ્રાણ, શુષ્કાડંબરરૂપ છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ ।' એ પાલન કરવા રૂપ છે, 'પરહિત-નિરતા ભવન્તુ ભૂતગણાઃ ।' પાલન કરાવવા તથા 'દોષાઃ પ્રયાન્તુ નાશં ।' એ માનસિક અનુમોદન રૂપ છે.

જેઓ દયાધર્મના પાલન વડે દોષમુક્ત થયાં, થાય છે તથા થશે, તે સૌના ધર્મનું અનુમોદન તેમાં રહેલું છે.

સાવદ્યનું સેવન કરવું, કરાવવું અને અનુમોદવું નહીં.

પોતાના મન - વચન અને કાયાથી
નિરવદ્યનું સેવન કરવું, કરાવવું, અનુમોદવું એ કર્તવ્ય છે.

# જીવની દયામાં જ સાચો ધર્મ છે.

દયા ભરપૂર છે માટે દેવ, દયામય છે માટે ગુરુ અને
દયાનું આચરણ છે માટે ધર્મ.

દેવ - ગુરુમાં દયા છે, માટે ભક્તિને પાત્ર છે.

દયાના આચરણમાં દેવ - ગુરુની ભક્તિ છે અને
દેવ - ગુરુની ભક્તિમાં દયાનું બહુમાન છે.

દેવની ભક્તિ કરે અને ગુરુની ન કરે, તો તે ભક્તિ નહિ.

દેવ કહે છે કે : જે મને માને, તે ગુરુને માને અને
જે ગુરુને માને, તે મને માને.

દેવ - ગુરુભક્તિના પ્રભાવે દેવભક્તિ મળે છે અને
ભક્તિના પ્રભાવે ઉત્તમ ગુરુનો સંયોગ મળે છે.

દેવ અને ગુરુને માને અને દયાને ન માને,
તેના ઉપર દેવ અને ગુરુ પ્રસન્ન થતાં નહિ.

દયાને વિકસાવવા માટે દેવ - ગુરુને પ્રસન્ન કરવાના છે.

ધર્મ, પરલોક કે મોક્ષનું કોઈ તત્ત્વ હોય, તો તે દયા છે.

જીવની દયામાં જ્ઞાન - દર્શન - ચારિત્ર છે.

'ન સા દીક્ષા ન સા ભિક્ષા ન તત્સ્નાનં ન તત્તપઃ।
ન તદ્દાનં ન તદ્ધ્યાનં દયા યત્ર ન વિદ્યતે ॥' અર્થાત્ઃ
<u>જેમાં દયા નથી, તે દીક્ષા - ભિક્ષા - સ્નાન - તપ - દાન
કે ધ્યાન કાંઈ નથી અર્થાત્ દયા વિના બધું નિષ્ફળ છે.</u>
દયાશીલ હોય, તે જ ઈર્યાસમિતિ, પ્રત્યુપેક્ષણાદિમાં
સુખપૂર્વક જોડી શકાય છે. માટી વિના જેમ ફૂલ નથી,
તેમ દયા અને જીવરક્ષણ વિના નિર્મળ ધર્મ નથી.

વીતરાગની પૂજા એ દયા છે, કેમકે તેનાં
દર્શન કરવામાં છ કાયની દયાના પરિણામ જાગે છે.
દયા - દાનને શુભ રાગ માની આસ્રવ તરીકે ગણાવવા,
એ મહામિથ્યાત્વ છે, કેમકે એ રાગ નથી, વૈરાગ્યભાવ છે.
વળી તે મોહનો ઉદય નથી પણ મોહનો ક્ષયોપશમ છે.

સામાયિકમાં સાવદ્યયોગનું પચ્ચક્ખાણ છે.
દયા, દાન, પરોપકાર, દુર્બળની રક્ષાદિ પાપાશ્રવ નથી,
ધર્માશ્રવ છે. સમ્યક્ત્વનું મુખ્ય લક્ષણ અનુકંપા છે.
દયાના દરેક કાર્યોથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે.

## દયાના ૮ પ્રકાર

## દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા, સ્વરૂપ, અનુબંધ, વ્યવહાર અને નિશ્ચય.

અંતરનાદ દયા શબ્દ જ લાગણી - પ્રેમથી પાકો શબ્દ છે.
જગત દયા કરનારના અભાવે જ દુઃખી છે.
આત્માની અનંત શક્તિ દબાયેલી પડી છે,
તે દયાળુ અને પ્રેમથી ભરેલાં મહાત્માઓના ઉત્તરોત્તર
ઉપદેશાદિની મદદથી જ ઘણી ઝડપથી બહાર આવે છે.
અધોગતિમાં પડતાં રોકે, તે ધર્મ બે પ્રકારનો છે:
વ્યવહાર ધર્મ તે દયા અને નિશ્ચયધર્મ એટલે
આત્માને આત્મભાવે ઓળખવો અને તેમાં રહેવું તે.
દયાવાન ભગવાન આપણામાં વસ્યા છે.
'એનામાં કશી ઉણપ નથી, અછત નથી, તે પરિપૂર્ણ છે.
એ સર્વ કાંઈ છે અને સર્વ કોઈનું મૂળ છે.
એનામાં જ આપણે રહીએ છીએ.' આ ભાન થયું અને
એ મુજબ વ્યવહારમાં વર્ત્યાં, તો તો બધું તમારું જ છે.

સ્વદયા = ભાવપ્રાણરક્ષા ને સ્વભાવ પ્રાણપ્રહાણત્યાગ.

જીવ અનાદિથી પોતાની શુદ્ધતાની હિંસા કરી રહ્યો છે.
તે ટાળવા, એ પોતાની અહિંસા અથવા સ્વદયા છે.
'આ આત્મા અનાદિકાળથી મિથ્યાત્વાદિ વડે ગ્રસાયો છે,
તેથી તત્ત્વ પામતો નથી, જિનાજ્ઞા પાળી શકતો નથી'
એમ ચિંતવી તેનાથી છૂટવા પ્રયાસ કરવો, તે સ્વદયા.

પરદયા = પરદ્રવ્યે પ્રાણપ્રહાણત્યાગ.

દ્રવ્યપ્રાણની રક્ષા કે પરજીવને મારી નહીં નાંખવાનો કે
દુઃખ નહીં દેવાનો પોતાનો શુભ ભાવ, તે પરદયા છે.
સૂક્ષ્મ વિવેકથી સ્વરૂપવિચારણા કરવી, તે સ્વરૂપ દયા
તથા શુદ્ધ સાધ્ય ઉપયોગ, તેમાં
એકતા ભાવ - અભેદ ઉપયોગ, તે નિશ્ચય દયા છે.

દ્રવ્યદયા = દ્રવ્યપ્રાણપ્રહાણ નિરોધ.

ભાવદયા = ભાવપ્રાણપ્રહાણ નિરોધ.

દયા એ ધર્મનો સાર છે. પરદયા એ પણ સ્વદયાના
લક્ષ્યે કરવાની છે, તેથી સ્વદયા એ દયાનો સાર છે.

જાતજીવની સાથે દયા - ક્ષમાની ભાવના ઝળહળ જોઈએ.
દયાથી દુઃખપ્રવાહ અને ક્ષમાથી પાપપ્રવાહ ઈચ્છિત અંત પામે.
એ જીવની સાથે પ્રભુનું નામ લેવામાં આવે, ત્યારે
સ્વદુઃખપ્રવાહ આપોઆપ થાય છે, તે જ મોટું મંગળ છે.
સ્વદુઃખપ્રવાહ રૂપી સાધ્યની સિદ્ધિ માટે પરદુઃખપ્રવાહ
અને સ્વપાપપ્રવાહ રૂપી સાધનની અક્રિયિ
દયા - ક્ષમાની લાગણી - ભાવના અવશ્ય હોવા જોઈએ.
ક્ષમા, દયા, પ્રેમગુણ આદિ પરમાત્માના દિવ્ય ગુણો છે.
તે નામ ગ્રહણ કરવા પહેલાં અને પછી અવશ્ય ગ્રહણ
કરવા યોગ્ય છે, તો નામનું ગૌરવ વધે, મહિમા પ્રગટે છે.
દયામાં અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ,
ઈંદ્રિય કષાયયોગની સંલીનતારૂપી બાહ્યતપનું તત્ત્વ છે.
દયા વડે ઈચ્છાનિરોધ જેનું લક્ષણ છે, એવો બાહ્ય-
અભ્યંતર તપ આરાધાય છે, જે વડે નિર્જરા થાય છે.
આત્માને આત્મા વડે, આત્મા માટે, આત્માથી,
આત્માને વિષે જાણવો, તે કેવળ દયા વડે જ શક્ય છે.

'ભાવદયા' સહિત જીવોનો શુભ ભાવ અને તેની રક્ષા.

શુભ ભાવની રક્ષા સર્વના કલ્યાણની ભાવનાથી થાય.
બાહ્ય દ્રવ્યપ્રાણની રક્ષા કરતી વખતે પણ આત્મામાં
શુભ ભાવ રૂપી ભાવપ્રાણની રક્ષાના પરિણામ ન હોય,
તો તે દ્રવ્યપ્રાણની રક્ષા માત્ર અને માત્ર
સ્વરૂપદયા જ બને, હેતુ અને અનુબંધશૂન્ય બને.

જીવોનો શુભ ભાવ ટકાવવો, એ સ્વદયા છે.
જ્યાં શુભ ભાવ ટકાવવાનો પ્રયત્ન નહિ, ત્યાં
શુભ ક્રિયા હોય, તો ય હેતુશૂન્ય હોવાથી ફળશૂન્ય છે.

સ્વદયા વિનાની પરદયા નિષ્ફળ છે અને
ભાવદયા વિનાની દ્રવ્યદયા નિષ્ફળ છે.

સ્વદયા = આત્મદયા = ભાવદયા.

પરદયા = દ્રવ્યદયા = દ્રવ્યપ્રાણ - ૧૦, ભાવપ્રાણ - ૪.

જેની પાછળ ભાવદયાનો પરિણામ નહિ,
તે દ્રવ્યદયા પણ દ્રવ્યદયારૂપ નહિ, કિન્તુ
તે અહંકારરૂપ સંસારમાર્ગ જ છે.

## સ્વદયા – પરદયા : દ્રવ્યદયા પરની, સ્વદયા પોતાની કરવી.

દુઃખિત એવા પરની દ્રવ્યદયા ન કરવાથી
પોતાના અધ્યવસાય ક્લિષ્ટ થાય છે, તેથી
પોતાના ભાવપ્રાણની હિંસા થાય છે, તેની
રક્ષા માટે દુઃખી જીવોના દ્રવ્યદુઃખની ઉપેક્ષા અકર્તવ્ય છે.
એનું નામ 'પરદયા' છે અને એ દયા કરવાથી
પોતાના અધ્યવસાયોની રક્ષા થાય છે, એ 'સ્વદયા' છે.
તેના બદલે ભાવદયા બાજુની અને દ્રવ્યદયા પોતાની-
એમ ઊંધુ બનાવવાથી ઉભય દયાથી ભ્રષ્ટ થવાય છે.
પોતાના સંસારના સર્વ દ્રવ્યદુઃખો પ્રત્યે
દયાર્દ્ર થવાનો સ્વભાવ જીવમાત્રનો છે,
તેથી મોહની વૃદ્ધિ થાય છે.
મોહપુષ્ટિ થતી હોવાથી તેમાં ધર્મબુદ્ધિ એ મિથ્યાત્વ છે.
બાજુની દ્રવ્યદયાની ઉપેક્ષા કરીને એકલી ભાવદયા
ચિંતવવાથી નહિ તે જીવોના પરિણામ સુધરતાં કે નહિ
આપણા પરિણામ સુધરતાં, તેથી તે આડંબર બને છે.

અદૂભારંગીપણું એ ભવાભિનંદિપણાંના લક્ષણોમાંનું
એક લક્ષણ છે, તેથી તે ત્યાજ્ય છે. અદૂભારંગી જીવો
દ્રવ્યદયા પરની કરે છે અને સ્વદયા પોતાની કરે છે.
દયાળુની ભક્તિ વગર દયાના અંકુરા પ્રકટ થતાં નથી
અને દયાના પરિણામ વિના દયાળુની ભક્તિ પ્રકટતી નથી.

સાચો ધર્મ શ્રી જિનાજ્ઞાના પાલનમાં છે.

જે જિનનો ભક્ત નથી, તે સાચો દયાળુ બની શકતો નથી.

અનુકંપા દાન એ શાસનપ્રભાવનાનું અપૂર્વ અંગ છે.

'શાસન ષડ્જીવનિકાયનું છે' એવી શ્રદ્ધા
સ્વપર ઉભયમાં સ્થિર થવું, તે સાચી શાસનપ્રભાવના છે.

ધર્મ = આત્મા. તેને ભૂલીને ઉન્નતિની આશા વ્યર્થ છે.
ધર્મને છોડીને દેશની કે વિશ્વની સાચી ઉન્નતિ કદી
પણ થઈ શકતી નથી. માનવજીવન એ ધર્મની મોસમ છે.

દયા અને જિનભક્તિને ઘનિષ્ઠ સંબંધ છે.

શ્રી જિનમતમાં દ્રવ્ય વિના ભાવ માનેલો નથી.
દ્રવ્યદયા વિના ભાવદયાના પરિણામ ઉગાવા શક્ય નથી.

દયાવાન હોય, તે પરોપકારની બુદ્ધિવાળો હોય અને
પરોપકારની બુદ્ધિવાળો અવશ્ય દયાવાન હોય.

અરિહંત - સિદ્ધનું વીતરાગ સ્વરૂપ છે, સાધુનું નિર્ગ્રન્થ
તથા કેવલિકથિત ધર્મનું દયામય સ્વરૂપ છે.

ધર્મ એ ધ્રુવ છે, નિત્ય છે, અનંત અને સનાતન છે.
એનું પ્રધાન લક્ષણ દયા છે. દયામાં પોતાના દુઃખના દ્વેષ
જેટલો જ દ્વેષ બીજાનાં દુઃખો પ્રત્યે પણ જાગે છે.
દયામાં બીજાનાં દુઃખો પ્રત્યે પોતાના દુઃખ જેટલો જ
દ્વેષ છે, છતાં તે દ્વેષ, દ્વેષવૃત્તિને અંતે નિર્મૂલ કરે છે.
ધર્મવૃક્ષના મૂળમાં દયા છે, તેમ ધર્મવૃક્ષના ફૂલમાં પણ
દયા જ પ્રકટે છે. દયાલક્ષણ ધર્મ એ રીતે અપ્રશસ્ત
રાગ-દ્વેષનું શલ્ય દૂર કરવામાં સાધન રૂપ બને છે.
દયાપ્રધાન ધર્મ સર્વજ્ઞતા - સર્વદર્શિતા પમાડનાર થાય છે.
દયા છે પ્રધાન જેમાં એવો કેવલિકથિત ધર્મ જે કોઈ
ત્રિકરણ યોગે યાવજ્જીવિત પ્રતિજ્ઞાપૂર્વક સાધનારા છે,
તેઓ જ નિર્ગ્રન્થ સાધુ ગણાય છે.

વીતરાગતા = ક્ષાયિક ભાવની દયાનું પ્રકટીકરણ.
નિર્ગ્રન્થતા = ક્ષયોપશમ ભાવની દયાનું પરિપૂર્ણ પાલન.
દયાધર્મનું પ્રધાન ફળ નિર્ગ્રન્થતા - અંતિમ વીતરાગતા છે.
નિર્ગ્રન્થતા પ્રયત્નસાધ્ય અને વીતરાગતા એ સહજસાધ્ય
દયામયતાનું સ્વરૂપ છે. દયા સર્વમાં મુખ્ય છે, પછી તે
ધર્મ હો કે ધર્મને સાધનારા સાધુ હો કે સાધુપણાંના
ફળસ્વરૂપ અરિહંત કે સિદ્ધ પરમાત્મા હો!
ધર્મવૃક્ષના મૂળમાં દયા હોવાથી ફળમાં પણ દયા જ પ્રકટે.
સાધુ દયાના ભંડાર, તો અરિહંત - સિદ્ધ દયાનિધાન છે.
દયાવૃત્તિ - દયાની પ્રવૃત્તિમાં તારતમ્યતા ભલે હો, બધાનો
આધાર એક દયા જ છે, તે સિવાય બીજું કશું જ નહિ.
જીવનું રૂપાંતર કરનાર રસાયણના સ્થાને એક દયા છે,
તે કારણે તીર્થંકરોએ દયાને જ વખાણી છે.
ધર્મતત્ત્વનું પાલન, પોષણ, સંવર્ધન કરનાર દયા દુઃખ
અને પાપનો નાશ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિરૂપ છે
તથા ક્ષાયિકભાવમાં તે સહજ સ્વભાવરૂપ છે.

'દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ.'

અહીં અભિમાન છોડવાનું કહ્યું છે પરંતુ દયા છોડવાની કહી નહિ. ઊલટું દયા માટે તો અભિમાન કરવાનું કહ્યું છે કે પ્રાણ જાય તો ભલે જાય પરંતુ દયા ન જાય.

*દયા એટલે* બીજાના દુઃખો જોઈ ન શકવા, ભૂતમાત્રની યાતના જોવા નહીં અન્યના દુઃખ દૂર કરવાની ઇચ્છા થવી.

દયાનું સ્થાન દવાખાનું ન લઈ શકે.

*નિર્હેતુકી દયા* - સમષ્ટિ જગત ઉપર ભગવાનની દયા.

*સહેતુકી દયા* - વ્યષ્ટિ જગત ઉપર ભગવાનની દયા.

દયા એ જ જો ધર્મનું લક્ષણ હોય, તો સર્વ જીવોનું હિત ઇચ્છવું, એ જ પ્રભુની આસ્થા હોઈ શકે.

દયા, દાક્ષિણ્ય ગુણોનું પાલન ભદ્રક પરિણતિ માંગે છે.

*કુદરતમાં દયા નહિ, કિન્તુ ન્યાય તો છે જ.*

દયા એ શુભધ્યાન, સ્વાર્થનું વિસર્જન, પરમાર્થનું સેવન છે.

દયાળુ અંતઃકરણમાં જ સમ્યગ્દર્શનના અંકુરો પ્રગટે.

આખી દુનિયા દયા માટે તલસી રહી છે.

પરનાં દુઃખનો સમૂળ નાશ કરવાની તીવ્ર ઇચ્છા અને
તદનુરૂપ સહૃદય શક્ય પ્રયત્ન, તે દયા.

દુઃખ દૂર કરવાની ઇચ્છા અને ચેષ્ટા, તે દયા.

પ્રેમની જ સક્રિય અવસ્થા, તે દયા.

દુઃખના મૂળ રૂપ અજ્ઞાનની સાથે લડનાર સાચો દયાળુ છે.

આત્મવિદ્યા એ દયાની અમૃતવર્ષિણી દેવી છે.

જ્ઞાની - આત્મજ્ઞાની દયાની દિવ્ય મૂર્તિ છે.

સર્વાત્મા પ્રસન્ન કરવા સત્ય - પવિત્રતા - દયાદિ જે 30
વિશ્વધર્મો છે, તે સમસ્ત વિશ્વનું કલ્યાણ કરનારા છે.

સાચો અંતર્નાદ એક પ્રકારનો વિરહનો વિલાપ છે.

વિરહ કોની સાથે છે? પ્રભુજીની ભાવદયા સાથે છે.

કેટલા કાળથી? અનાદિ કાળથી.

વિરહ શાથી? કૃતઘ્નતાની નિષ્ઠુર, ક્રૂર અને અજ્ઞાન વૃત્તિથી.

તેને દૂર કરવાનો ઉપાય શો? વિલાપ કરવો.

તે વિલાપ ક્યારે થાય? એ ભાવદયાનો વિરહ સાલે ત્યારે.

એ વિરલ આત્મા ક્યારે? પ્રભુની ભવ્યદશાનો મિલાપ થતાં જ.
એ પછી સર્વ કારણો પરિપક્વ થઈ જાય છે.
'એ ભવ્યદશાના શિખરમાં લોહ, કાષ્ઠ અને પાષાણને પણ
કંચન કરવાની તાકાત છે' એવું સમજાય, ત્યારે
'સમગ્ર વિશ્વ ઉપર તે અમીવૃષ્ટિ થઈ રહી છે અને તેના
જ સુંદર વિશ્વ અનુભવી રહ્યું છે' એવો ખ્યાલ આવે છે.
એ ભવ્યદશામાં જ આપણામાં ભક્તિ પેદા કરવાની તાકાત છે.
જે ભક્તિ જાગે છે, તે આપણાથી નહીં, પ્રભુની ભવ્યદશાથી
જાગે છે. એ ભવ્યદશા ન હોત, તો કદી પણ આપણા
અંતરમાં સાચો ભક્તિભાવ ઉઠત જ નહીં! અને તો
તો આપણું વ્યક્તિત્વ પાકત નહીં, કાળ પાકત નહીં,
પૂર્વકૃત કર્મ સુધરત નહીં, પુરુષકાર પ્રબળ બનત નહીં અને
આપણી ભવિતવ્યતા અનુકૂળ બનત નહીં.
ભક્તિ તેના ઉપર જ જાગે કે જેનામાં શક્તિ હોય!
શક્તિ તેને જ કહેવાય કે જે વડે કાર્યની સિદ્ધિ થાય.
તેવી શક્તિ સર્વ જગતમાં ઉત્તમોત્તમ જીવોમાં જ સંભવે.

દયાની પાછળ પ્રમાદનો ત્યાગ એ હેતુ છે.

હેતુ - યતના - પ્રયત્ન - અપ્રમાદ - અજ્ઞાન - સંશય - વિપર્યય
રાગ - દ્વેષ - સ્મૃતિભ્રંશ - ધર્માનાદર - યોગ દુષ્પ્રણિધાન તથા
તેના સહકારીકારણભૂત મદ્ય, વિષય - કષાય, વિકથા, નિદ્રા -
આ બધા પ્રમાદનો ત્યાગ એ દયાની પાછળ હેતુ છે.
જે દયાની પાછળ અપ્રમાદનો હેતુ નથી, તે દયા નથી.

દયાને અનુબંધ બનાવનાર અપ્રમાદ છે.

'ભાવદયા' એટલે દયાભાવ. 'દ્રવ્યદયા' એટલે દયાની ક્રિયા.

ભાવ વિનાની ક્રિયા નિષ્ફળ છે અને
ક્રિયા વિનાનો ભાવ ટકતો નથી.

'ભાવ' એટલે અપ્રમાદભાવ અર્થાત્
સર્વ જીવોને આત્મતુલ્ય માનવા - જોવાનો ભાવ.

જો એ ભાવથી વિપરીત ભાવ હોય, તો 8 ના 23 પ્રકારના
પ્રમાદમાંથી કોઈને કોઈ પ્રમાદ છળ્યા વિના રહે નહીં.
શુભ ભાવ પ્રમાદને હટાવનાર હોવાથી અવસ્થિત રાખવો.
એનાં આધારે જ ધર્માનુષ્ઠાનની સફળતા અવલંબેલી છે.

# દયા વિના સુખ નહિ.

દયાની તરતમતા, એ જ સુખના પ્રકારો છે.

દયા એ સાર્વજનિક, સર્વદેશીય અને સર્વકાલીન ધર્મ છે.

બીજાને સુખ આપવાની વૃત્તિ એ પ્રેમ છે, કિન્તુ
બીજાના દુઃખે દુઃખી થવાની વૃત્તિ એ દયા છે.

પ્રેમ-દયાની વૃદ્ધિનો ઉપાય પોતાના આત્માનું જ્ઞાન છે.

જેનામાં દયા નહિ, તેને દેવ-ગુરુ ઉપર ભક્તિ કેમ જાગે?
જેનામાં દેવ-ગુરુ ઉપર ભક્તિ હોય,
તેનામાં દયા ન હોય, એમ કેમ બને?

જીવની નાની-મોટી સેવા એ બંનેનો ભક્તિ અને દયા છે.

દયા એ હિંસારૂપ પાપનું પ્રાયશ્ચિત છે.

V. Impt. દયા જીવ અને જિનેશ્વરનો વિનય છે.

દયા એ સર્વ પ્રકારની વૈયાવચ્ચ છે.

દયામાં જીવવિચાર, નવતત્ત્વ, દંડક, સંગ્રહણી, કર્મગ્રંથ,
ક્ષેત્રસમાસનો સ્વાધ્યાય, શ્રી જિનાગમનું બહુમાન અને
દ્વાદશાંગી પ્રવચનનું આરાધન છે.

જીવે જ્ઞાન જીવને જીવ તરીકે ન જાણ્યો, તે અજ્ઞાન,

જ્ઞાન જીવને જીવ તરીકે ન જોયો, તે મિથ્યાત્વ તથા

જીવને જીવ સાથે આત્મસમાન વર્તન થવું નહિ,

તે જ તેનું અસત્ ચારિત્ર છે.

તે ત્રણે દોષોને જીતવાનો ઉપાય એક દયાધર્મ જ છે.

દયાની વિરુદ્ધ યાદ અને યાદની વિરુદ્ધ દયા છે.

'ફરિયાદ' શબ્દ ફરી વાર દયા કરવા સૂચવે છે.

કોઈપણ વસ્તુની ફરિયાદ કરવાની ત્યાં સુધી જ રહે છે,

કે જ્યાં સુધી ફરી વાર દયા કરવામાં આવતી નથી.

ફરિયાદ કરવાની ટેવ પાડવા કરતાં જેના પ્રત્યે ફરિયાદ

હોય, તેના પ્રત્યે દયા કર્યે તે હંમેશ માટે મટી જાય છે.

જ્ઞાનની ભૂલ સુધારવાનો અકસીર ઉપાય ફરિયાદ નહિ,

પણ ફરી ફરી દયા કરવી, તે છે.

પોતાની ભૂલ પણ જેટલી ફરિયાદથી જતી નથી,

તેટલી દયાથી, માફીથી, ક્ષમાના ભાવથી જાય છે.

યાદના બદલે 'દયા' શબ્દ વધારે બળવાન છે.

તત્ત્વજ્ઞાનની જે 'અહં બ્રહ્માસ્મિ'ની ગર્જના છે,

તેમાં તત્ત્વજ્ઞાન તો કહે છે કે:

આ જગતમાં દયા કે પરોપકારને પાત્ર કોઈ છે જ નહીં.

કોઈને દીન ગણવાને મદદ કરવી, એ દયા જ નથી.

ભક્તિની ગર્જના દયા અને પરોપકારની ભાવના છે.

માર્ક્સવાદ પણ કહે છે કે:

જગતમાં કોઈ દયાપાત્ર રહેવું ન જોઈએ. આ એકાંતવાદ છે.

અનેકાંતવાદ જ્ઞાન અને ભક્તિ - બંનેને સ્થાન આપે છે.

આર્થિક સમાનતા કદી થવાની જ નથી.

માનવ કેવળ હાડ - ચામનું પૂતળું જ નથી,

તેને દયા માટે દિલ છે, દાન માટે હાથ છે,

દર્શન માટે દૃષ્ટિ છે અને પુણ્યપંથે સંચરવા માટે પગ છે.

માનવ ધારે તો આ દેહને મંદિર બનાવે, ધારે તો મસાણ.

દિલની દયાને દાનમાં વહેતી કરી દેહને દેવાલય બનાવાય છે.

પશુ - પ્રાણી, દુઃખી અને અપંગ વગેરે સૌ

તમારી દયા અને તમારા નિઃસ્વાર્થ દાનની રાહ જુએ છે.

## દયા અને પ્રેમમાં આટલો ફરક છે.

દયા પારકાને પોતાનો કરે, પ્રેમ પોતાને પરાયો કરે છે.

દયા નીચે જુએ છે, પ્રેમ ઊંચે જુએ છે.

દયા ગરીબાઈ જુએ છે, પ્રેમ સર્વદર્શી છે.

દયા વૈષમ્યનું દર્શન કરે છે, પ્રેમ સમદર્શન કરે છે.

દયા રૂપેરી છે, પ્રેમ સોનેરી છે.

બંને કર્મો છે - ત્યાગી, વૈરાગી, સંન્યાસી છે.

બંનેનું સ્વરૂપ ભલાઈ - બંને વિનયી, સહનશીલ, લજ્જાવાન છે.

બંને અહંકાર, આત્મલાઘિતા અને સ્વાર્થશૂન્ય હોઈ ધાર્મિક જીવનના મોટાં મદદગાર અને મુક્તિલાભનાં પરમ સોપાન છે.

## દયા અને માયામાં ઝાઝો ફરક છે.

દયા તારી છે, માયા બંધનકારક છે.

પ્રાણીમાત્ર ઉપર સમાન પ્રેમ હોવો, એ 'દયા' છે.

માત્ર સ્વસ્ત્રી, પુત્ર, ભાઈ - બહેન વગેરે સગાં સ્નેહી સંબંધીઓ ઉપર જ પ્રેમ રાખવો, એ 'માયા' ઈત્યાદિ.

દયા વિશ્વવ્યાપી છે, જ્યારે માયાનો પ્રદેશ સંકુચિત છે.

## દયા, પ્રેમ અને સક્રિય અહિંસા

પ્રેમની જેમ દયા પણ અહિંસાનું વિધાયક સ્વરૂપ છે.
બીજાના દુઃખે દુઃખી થવાની લાગણીનું નામ જ 'દયા' છે.
આત્મીયતામાંથી પ્રગટતી પ્રેમ અને દયાની લાગણીનું જ
નામ રચનાત્મક, સર્જનાત્મક તથા સક્રિય અહિંસા છે.
એ અહિંસાનો પૂર્ણ વિકાસ કરવાનું સાધન આત્મૌપમ્ય
વર્તન છે, જેની માટે આત્મૌપમ્યદર્શન અનિવાર્ય છે.
યથાર્થ આત્મદર્શનમાંથી જ દયા-પ્રેમની ગંગા-યમુના વહે છે.

આત્મૌપમ્ય દર્શન અને વર્તન વિના
દુઃખનો અંત અને સુખની પ્રાપ્તિ ભ્રાંતિમાત્ર જ.
યથાર્થ આત્મદર્શનમાં જ મોહનું મરણ,
શોકનો નાશ અને તૃષ્ણાનો ઘાત રહેલો છે.
દયાનો મૂળ આધાર જ પ્રેમતત્ત્વ છે.
પ્રેમ અને દયાની આરાધનામાં જ
અનંત સુખનો લાભ રહેલો છે અને
અનંત દુઃખનો અંત પણ એમાં જ રહેલો છે.

## દયા પદાર્થની સ્પષ્ટતા

દુઃખીના દુઃખ દૂર કરવાની સમ્યક્ બુદ્ધિ એ 'દયા' છે. એ દયા દેવ, ગુરુ અને ધર્મમાં પરિપૂર્ણપણે રહેલી છે, તેથી તેમનો આશ્રય લેવાથી, તેમને પ્રણામ કરવાથી તથા તેમના પ્રત્યે ભક્તિ કે બહુમાન કેળવવાથી આપણાં સર્વ દુઃખ અને તેનાં મૂળભૂત અશુભ કર્મો દૂર થાય છે. આપણાથી દીન પ્રત્યે દયાની સ્વાભાવિક લાગણી હોય છે, તેથી આપણી શક્તિ અનુસાર આપણે સહુ હરહંમેશ દુઃખીના દુઃખને દૂર કરવા પ્રયાસ કરીએ છીએ. વળી આપણાથી ગુણાધિકના હૃદયમાં આપણા આત્મા પ્રત્યે દયાદૃષ્ટિ હોય જ છે, તેથી તેમનો આશ્રય લેવો રહ્યો.

ધર્મની માતા દયા, ધર્મનો પિતા દાન છે.

પાપની માતા માયા, પાપનો બાપ માન છે.

દાન વડે માનનો નાશ અને દયા વડે માયાનો નાશ. દાનમાં સર્વશ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે. દયામાં સર્વના દુઃખ દૂર કરવાની બુદ્ધિપૂર્વકનો યથાશક્ય પ્રયત્ન છે.

ભગવાન દુઃખે દુઃખી થાય છે? તો તમે દયાળુ છો.

સર્વભૂતાત્મભૂતાત્મભાવમાંથી એક બાજુએ પ્રેમની ગંગા અને બીજી બાજુએ દયાની યમુના નિરંતર વહે છે.

અહિંસાનું તે ઉપકારાત્મક રૂપ છે.

જેને યથાર્થ કહી શકાય તેવા આત્મદર્શનમાં એક બાજુએ દયા-પ્રેમની ભાગીરથી અને બીજી બાજુએ અહિંસા આદિ યમ-નિયમોનું સુવિશુદ્ધ પાલન પ્રગટે છે.

પોતાની જાતની ઉપર જેને પ્રેમ છે,

તેને સૌના ઉપર પ્રેમ અને દયા હશે જ.

જેનામાં પ્રેમ અને દયા બે ન હોય, તો હજુ પોતાની સાચી જાત ઉપર જ પ્રેમ થયો નથી, એમ સમજવું.

દયા એ પ્રેમનું પ્રગટ સ્વરૂપ છે.

ઈશ્વરની દયા હોય, એને જ પોતાના સર્વ દોષ દેખાય.

ભગવાન સ્નેહપરિપ્લાવનની આર્દ્ર અપેક્ષા રાખે છે.

આર્દ્ર હૃદય પ્રભુ તરફ ઢળે, ત્યારે ભક્તિભીનું બને તથા તે જીવો તરફ ઢળે છે, ત્યારે દયાથી નીતરતું બને છે.

બાળનાં દુઃખને આપણા માનવા, એનું નામ જ 'દયા'.

દુનિયામાં ધર્મ અને પરલોક પરત્વે મતમતાંતર તો
રહેવાના, કિન્તુ દયાના સિદ્ધાંતમાં તો સર્વ એકમત છે.

હૃદયની નમ્રતા અને ઉદારતામાં દયા રહેલી છે.

તે જેનામાં છે, તે જીવ જ મુક્તિ મેળવી શકે. પ્રેમનો
અખૂટ ભંડાર પણ અનુકંપાના અણુની તોલે ન આવે.

ભક્તિથી દયા અને કરુણાથી કૃપા મળે છે.

પોતાની કૃતિને ઉપરથી દયા - નીચેથી કૃપા મળવી જોઈએ.

કરણ પોતાનું, કરાવણ પોતાનાથી હીનનું અને
અનુમોદન પોતાથી અધિકનું મળીને અનુષ્ઠાન પૂર્ણ બને છે.

દમથી દાનની શુદ્ધિ અને દાનથી દયાની વૃદ્ધિ થાય છે.

ઈંદ્રિયદમન આત્મબળને વિકસાવે છે.

સાધકનો આત્મસંયમ પવિત્ર અને ઉત્તમ છે.

ઈંદ્રિયો પ્રત્યે કઠોર બની શકનારો જ
બાળ પ્રત્યે ઉદાર બની શકે છે.

દયાહીન મનુષ્ય રાક્ષસ સમાન છે.

વીતરાગ દેવ = ઈચ્છારહિત, નિર્ગ્રન્થ ગુરૂ = મૂર્છારહિત,

મોક્ષદાતા ધર્મ = દયાસહિત છે.

દયામાં બીજાના સુખ નહીં, દુઃખ નિવારવાની ઈચ્છા છે,

તેના પ્રભાવે પ્રથમ મૂર્છારહિત થવાય છે અને

એ પછી જ ઈચ્છારહિત બનાય છે.

ઈચ્છા જીવને સ્વસુખની અને સ્વદુઃખનિવારણની છે,

તેથી દયામૂલક ધર્મમાં પ્રતિપક્ષ ભાવ છે.

માતા અને પિતા વિના જેમ પુત્રોત્પત્તિ નહિ,

તેમ દાન અને દયા વિના ધર્મોત્પત્તિ નહિ.

દાન અને દયાના મૂળમાં પરહિતચિંતા રૂપ મૈત્રી છે.

દયાના સિદ્ધાંતને સમજ્યા વિના જીવન ભયાનક છે.

દયારૂપી દ્વારથી ધર્મનગરમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે.

દયા, દાન, પરોપકારાદિ માટે ઉત્તમ પાત્રની જરૂરત છે.

જીવનનું મૂળ દયા છે, એટલે...

દયાળુ પ્રત્યે ભક્તિ, દયાવિહીન પ્રત્યે કરુણા જોઈએ.

એ જ મળીને મૈત્રી તથા માધ્યસ્થ્ય પ્રગટાવે છે.

આ સંસારમાં દયાવાનને વિરોધી તો હોઈ શકે, કિન્તુ
વિરોધી એ ભૂલ કરતો માલુમ પડે, તો ત્યાં
દયાવાનને રોષના બદલે દયાની લાગણી પ્રકટે.
દયામાં વિવેક ઉપરાંત વારતા રહેલી છે.
દયાળુ પુરુષ નમ્ર, નિર્મળ અને ઉદાર હોય છે.
જ્યાં મૈત્રી અને પ્રેમ છે, ત્યાં
દયા, કરુણા, સંતોષ અને ત્યાગ પણ હોય જ છે.
દયાવાન મનુષ્ય ઉદારચરિત, વિશુદ્ધ અને નમ્ર બને છે.
જૈન ધર્મના પાયામાં ભારોભારપણે મિચ્છામિ દુક્કડં રૂપ
ક્ષમા, અપરિગ્રહ, ત્યાગ, મૈત્રી તથા કરુણા ભરેલાં છે.
રોજ આવી પ્રાર્થના કરો કે : 'હે ભગવાન!
આ પાપકારી પ્રવૃત્તિઓ, જે મારાં આત્માનું અનિષ્ટ
કરનારી છે, તે કરવા માટેની મારી વૃત્તિ નાશ પામો.'
એ મનમાંથી જ અનિષ્ટ વૃત્તિનો નાશ થઈ જાય,
તો પછી અસત્કાર્ય સંભવ શકે જ નહીં અને
પરિણામે પોતાનો આત્મા મલિન થતો બચે.

સદ્‌ગુણ દ્વારા ચરમાવર્ત પ્રાપ્ત કરાવનાર 'દયા' છે.

ધર્મનાં બધાં જ નિમિત્તોને સાર્થક સાબિત કરનાર,

બધી જ અવસ્થાઓમાં માતાની જેમ પાલન કરનાર,

પત્નીની જેમ બધાં જ સુખોને આપનાર,

[illegible] જેમ સર્વત્ર સાથે રહેનાર,

રસાયણની જેમ પુષ્ટ કરનાર, મોક્ષનું અવંધ્ય કારણ અને

મોક્ષ પછી પણ જેના દ્વારા બધાને

મોક્ષ તરફ આકર્ષનાર કોઈ હોય, તો તે 'દયા' છે.

હૃદયમાં દયાને જગાડવા પંચપરમેષ્ઠિનો અનુગ્રહ જરૂરી.

તેઓ કૃતકૃત્ય હોવા છતાં આ સનાતન કૃત્ય કરે છે.

દયા એ બધા ગુણોનો અર્ક-નવનીત છે.

જેમ ભાષા અને મનના પુદ્ગલોની અસ્ખલિત ગતિ છે,

તેમ દયાભાવની પણ સર્વત્ર અસ્ખલિત ગતિ છે.

દયાભાવ = સર્વનો આત્મા. દયાનો ભાવ ત્રિભુવનમાં

સર્વ જીવોના અંતરાત્મામાં ભળી જાય છે.

દયા એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન તથા સમ્યગ્વર્તન છે.

'દયાનો ભાવ એ તાત્ત્વિક અને તાત્કાલિક મોક્ષ છે,
ઉપરાંત મોક્ષસુખનો આસ્વાદ કરાવનાર છે'
આ વિચાર સૂક્ષ્મ છે અને તે સમજાઈ જાય,
તો ધર્મનું હૃદય હસ્તગત થયું કહેવાય.

દયાથી મનુષ્યપણું, ધર્મશ્રદ્ધા, ધર્મબુદ્ધિ, ધર્મકાર્ય પ્રકટે.
દુઃખ તથા દયાને પરસ્પર સંબંધ છે. જગતમાં દુઃખ છે,
તેના ઔષધ રૂપે મહાત્માઓના હૃદયમાં દયા પ્રકટે છે.
જગતનું દુઃખ દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે.

'તરંગવતી તરંગલોલા' ચરિત્રમાં...

સૌ પ્રથમ પારધીને ચક્રવાક યુગલ ઉપર દયા આવી છે.
પારધીના બાણથી ચક્રવાક મરણ પામે, ત્યારે ચક્રવાકીનો
વિલાપ પારધીના મનમાં 'દયા'નો ભાવ ઉત્પન્ન કરે છે.
બાલ ભવમાં પારધીના મનમાં જે 'દયા' જાગી,
તે તેને મોક્ષપર્યંતના બધાં જ સુખોનું મૂળ બને છે.
આ દૃષ્ટાંત કથામાં સ્થૂલ દયા સાથે
સૂક્ષ્મ દયાનો મહિમા બહુ સારી રીતે સમજાય છે.

'પાક્ષિક સૂત્ર'માં દયાધર્મને 'અહિંસા લક્ખણો ।'
અર્થાત્: અહિંસારૂપી લક્ષણવાળો કહ્યો છે.

હિઉ, સુહે, નિસ્સેસિઉ, આણુગામિઉ, પારગામિઉ
ઇત્યાદિ જે વિશેષણો છે, તે આ દયાધર્મને ઘટે છે.
ગુણો દયાસ્વરૂપ છે, દયાના જ ભેદ તથા પ્રભેદો છે,
દયાભાવને ટકાવવા જ તેને ગુણો તરીકે ઓળખાવ્યા છે.
દયાધર્મ વડે બધા જ જીવોને દુર્ગતિમાં પડતાં બચાવવાને
સદ્ગતિમાં લઈ જવાનું કાર્ય શક્ય બને છે.
મોક્ષપર્યંત જીવને પહોંચાડવાનું સામર્થ્ય દયાધર્મમાં છે.

દયા એ આનુગામિક છે.

દ્રવ્યઅનુષ્ઠાન તે બિન્દુ - તેમાં રહેલો દયાભાવ સિંધુ.
કરવું તે બિન્દુ છે, કરાવવું તે સિંધુ છે અને
અનુમોદવું તે સાક્ષાત્ ફળરૂપ છે. દયારૂપી અનુષ્ઠાનની
પરિપૂર્ણતા કરવા, કરાવવા તથા અનુમોદવા વડે થાય છે.
દયાભાવ દ્રવ્યઅનુષ્ઠાનને ભાવઅનુષ્ઠાન બનાવે છે.
અનુકંપાવાન ઉપરની દયા પણ ભાવઅનુષ્ઠાન જ છે.

## દયા અનુગામિક ઉપરાંત પારગામિક છે.

સામાયિક આપણે કરીએ છીએ,
દયાભાવ વડે ભાવ પાસે કરાવીએ છીએ અને પંચ
પરમેષ્ઠિ ભગવંતોના સામાયિક ધર્મને મન-વચન-
કાયાથી અનુમોદીએ, ત્યારે તે પરિપૂર્ણ સામાયિક બને છે.
આ જ ધર્મ બધાને ધારણ કરે છે, કેમકે
તેનો સંબંધ સર્વની સાથે છે.
જેનો સંબંધ સર્વની સાથે નથી, તે ધર્મ પણ આંશિક છે,
પરિપૂર્ણ નથી કે તેમાં બધા કરણ, બધા યોગ ભળતાં નથી,
માટે તે કેવલિકથિત ધર્મ જ બનતો નથી.
જગતનું દુઃખ દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે.
દુઃખ વડે દયા અને દયા વડે દુઃખનાશ - એ ક્રમ છે,
તેથી દયાનું એક નામ 'ભાવદયા' પણ છે.
દ્રવ્યદયાથી બાહ્યરોગ નાશ પામે છે, જ્યારે દયારૂપી
ભાવદયાથી બાહ્ય-આંતર ઉભય રોગો નાશ પામે છે.
દયા એ હિતકર છે, શ્રેયસ્કર છે, નિઃશ્રેયસ્કર છે.

દયા જન્માંતરમાં સાથે આવી મોક્ષપર્યન્ત પહોંચાડે છે.

સર્વ સદ્ગુણો દયાભાવ ટકાવવા માટે ઉપયોગી હોય છે, માટે જ સદ્ગુણ ગણાય છે. ધર્મ અહિંસા લક્ષણ છે અને 'સવ્વે જીવા ન હંતવ્વા ।' એ તત્ત્વ છે.

દુર્ગતિમાં પડતાં જીવને બચાવી લેનાર અને સદ્ગતિમાં સ્થાપન કરનાર કોઈ હોય, તો તે દયાધર્મ છે.

## દયાગુણ એ શ્રેષ્ઠગુણ

'दुःखितेषु दयाऽत्यंतं, अद्वेषो गुणवत्सु च ।'

અર્થાત્: દુ:ખી જીવો પ્રત્યે અત્યંત દયાવાન અને ગુણવાન પ્રત્યે દ્વેષરહિત બનવું.

દેવમાં - ગુરુમાં - ધર્મમાં દયા છે. દયા સર્વનું મૂળ છે. ધર્મનું - ધર્મસાધક ગુરુનું - ધર્મસિદ્ધ દેવનું મૂળ દયા છે. જ્યાં જ્યાં દયા છે, ત્યાં ત્યાં દેવ, ગુરુ, ધર્મ, સંઘ, સાધર્મિક, તીર્થ અને તારક - એ સર્વ છે.

માનવતા એટલે સ્નેહ, સદ્ભાવ તથા બંધુત્વની ભાવના, પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ. માનવતાથી જ ધાર્મિકતા સધાય.

## દ્વા૦ દ્વા૦ ૭, શ્લો૦ ૨૭માં બતાવેલ દયાનું સ્વરૂપ

'दयाऽपि लौकिकी नेष्टा षट्कायाऽनवबोधतः ।
ऐकान्तिकी च नाऽस्यानाभिज्ञस्यव्यवहारयोः ॥ १॥'

### અર્થઃ લૌકિકી દયાના બે દોષ છેઃ

ષડ્જીવનિકાયનો અબોધ + નિશ્ચય - વ્યવહારનું અજ્ઞાન.

### લોકોત્તર દયામાં રહેલું જ્ઞાન

ષડ્જીવનિકાય તથા નિશ્ચય - વ્યવહારનું જ્ઞાન.

ઈશ્વર દયાળુ છે અને તેથી તેમનું નામજપ છે નૌકા. સંસાર રૂપી નદીના કાંઠે પહોંચવા માટે ધડીયા જેવા સ્થૂલ - સાંસારિક પદાર્થો ઉપર આધાર નહીં રાખતાં સૂક્ષ્મ દોરી જેવા ઈશ્વરના નામ ઉપર આધાર રાખશો, તો નિઃશંકપણે સંસારનદીને પાર ઉતરશો, તેમાં પ્રકાશ માટેની લાલજ્યોતિ તે અહિંસા સાથે દયા છે.

### અહિંસાનો અર્થ પ્રેમ અને દયા છે.

જીવ + દયા = પ્રત્યેક જીવને માટે પ્રેમ.

નિઃસ્વાર્થ પ્રેમ વગર દયા સંભવી જ ન શકે.

What is the secret of happiness?
The secret is in [illegible], is in letting go, releasing, giving up all resistences, because we know that God's Spirit within us is being expressed in and through each and everyone of us.
I raise my vision above any disturbing situation through [illegible] and see only what God wants for me.
I give thanks for this knowledge of my unity with God, fellowmen and the universe. As the awareness of oneness with all becomes a living thing within my mind & heart, I will be blessed with peace, happiness, success.

## Why is [illegible] necessary?

[illegible] is communion with Thirthankars.
[illegible] talks with the [illegible] within and
awakens spiritual consciousness.
It is the only way to cleanse and
perfect the mind and
thus permanently heal the body. Do
[illegible] with persistence & understanding.
It is good to be still.
Be instant in [illegible]. Never keep us
from having our daily quiet hour
of communion with God. We all are
God formulated. We have God's ears,
mouth & eyes. He is the source of all
creation. [illegible] dominates nature too.

## What is Spiritual healing?

It is the realisation of oneness of આત્મા with પરમાત્મા i.e. શક્તિ heals us. Do not go to bed any night feeling that you have an enemy in the world. God is love & His શક્તિ is manifested as life. God is the source of all good.

No settled condition can be changed permanently without a change of our consciousness. Every soul is destined for perfection, because God's patience with us will never be exhausted.

શક્તિ makes us understand that: The qualities excist in the mind of us individuals and not in the things.

You be transformed by the renewing of your mind through ਨਾਮ.

You are so important that God himself makes His residence inside you and dwelling there in order to be with you, to help you.

Even though you may have forgotten Him, be assured that God has not forgotten you.

To be gentle, frugal and humble is worth to be great, powerful and leader.

The transition from humanhood to spiritual sonship is made only by grace.

...And grace is received through ਨਾਮ.

ગિક of પરમાત્મા teaches that:

Do not disagree with your troubles and problems. Instead bless and surrender them to God. Know that problems are your teachers, showing your err and turning you in the right direction.

Bless them and let them go.

Eat the Soul-nourishing bread of God's living Word freely everyday and you will live more abundantly.

ગિક has inbuilt supreme power.

ગિક has power to worship & guide.

Think of that power as an invisible sea of substance and mentally melt yourself into it.

We are the perfect Soul and ભક્તિ is the spiritual foundation of our being. ભક્તિ is standing at the door of our consciousness - knocking. Why not open the door today and let it in?

Troubles are not material things. They are mistaken ideas about things. Troubles come to us when we are too close to things and too far from Thirthankars - ભક્તિરૂ સાગર = દુઃખનું સમાધાન.

When we draw close to blessings by counting them, they grow larger, but when we turn our attention towards our troubles, our blessings seem to grow less.

ਸਿਫਤ is the lifting power in our life that can carry us above the seamy problems of our earthly experiences. Praise your ਸਿਫਤ and you will find that it will become easier. Praise the organs of your body; faithful heart, our marvellous digestive system, the wonderful healing system that keeps it always at the same temperature & feel thankfulness for the same.

This is also ਸਿਫਤ.

God does not need our praise, but we need the spiritual lift that praising Him brings us.

Do not strive, Do not struggle. Do ਸਿਫਤ.

[illegible] or meekness is not weakness.

It is spiritual strength rightly directed making us receptive to our [illegible] [illegible]. To be meek or do [illegible] is to be free from all negative reactions. Meekness is a non-resistant attitude of mind, in which we feel free from fear of losing our so-called rights. [illegible] is knowing that God's will for us is good and then confirming to it. One kind of industry, we can all find time for is that of just being still and knowing that God's Spirit is within us, guiding & directing all. Inspiration or [illegible] is inner guidance.

Three conditions are necessary to Keep the channel of ગીત / inspiration open:

(1) A mind cleared of pettiness.
(2) Periods of silence each day.
(3) A willingness to listen to and also believe the inner voice.

Inspiration for ગીત requires a quiet, poised mind that is open and receptive to the unseen, but real forces of the universe.
Just let go outer problems and tentions and look within, 'the beyond' that is within, with which man comes in touch on the inner side of his nature.

ભક્તિ unfolds that : આત્મા એ પરમાત્મા ।

Emerson once said : man has an inborn capacity to be inspired.

man has potentially all that God is.

ભક્તિ helps to remove our ego.

It is this letting go process, that is really very hard due to our ego.

This knowledge of the power of man to change his environment by changing his thought, is one of man's greatest discoveries.

your feeling of security grows as you become aware of the Universal - power within yourself.

That power resides in true ભક્તિ.

Not any kind of authority, but applied knowledge of નિઠ will survive. It is true, because it works and it works, because it is true.

Faith in God silences anxiety, for where there is complete trust in God, there is no uneasiness of mind, no worry or fear.

Self is a part of God's own Spirit and need never carry the load of fear, doubt, anxiety and worry.

Behold the faith in Him. Visualize and feel conscious oneness with Him.

Without નિઠ or meekness, the God life cannot be attained.

God's wisdom is greater than man's knowledge. When you remember Him, He shows just how to do His [illegible]. There is no use to worry about anything that you have placed in His hands. Retain this attitude until you feel happy in the faith that all is well.

We all are but parts of one stupendous whole, the universe. By using our free will knowingly or unknowingly in opposition to the good will of universe, we suffer. The universe does not punish us. We miss the mark when we break the spiritual law of love & goodness.

## What is God's will for us?

I have also realised then that Health is more contagious than disease & abides in the homes & communities, where it is invited.

Just as dis-ease thrives best in confused and disorderly places, in the same way, health is also found in wholesome, clean and orderly minds and environments.

'God's will be done in me', knowing & fully realising that His will for me is that I should be a perfect man, physically, mentally and spiritually.

Affirm for another whatever
we desire for ourselves and
the affirmation will help us both.
We reap what we sow.

I learnt from ગીતા how to be calm:

Be pure, simple, clean and clear.
Try to become humble, meek.
Be sincere, noble, faithful, graceful,
sensitive, innocent and harmonious.
Cultivate firm faith and strong will.
Claim all from infinite substance.
Cultivate self control of the objective
(બાહ્ય) mind by the subjective (આંતર) mind
and of emotions by the higher mind &
think: I am a part of the divine self.

ਅਕਿ makes us realise that:
I am one with all jivs and
all jivs are one with me.
I am all-joy. I am happiness itself.
I am radiating happiness.
man is what he thinks, he is.
If we are one with omnipotence,
we know that we have all the power
of the universe on our side.
ਅਕਿ gives divine fearlessness.
when we know that there is but
one mind and that mind is
all powerful, we have nothing to
fear. we must establish ourselves
in the fearlessness of Spirit.

Early in spiritual progress through સિધ,
one should establish himself firmly
in the understanding of
the total unreality of evil.
We shall know the Truth and
the Truth shall make us free.
He shall keep us in perfect peace,
if our mind is stayed on Him.
If we turn towards the Divine,
all difficulties will disappear.
સિધ gifts unbounded faith in the
all - present spiritual substances.
Call it meditaion or prayer or silence,
start dropping the mind and
its noisy thoughts to do સિધ.

❊ મન તેં શું જિનભક્તિ વિસારી ?

સુમતિ સરૂપ પરમ પ્રભુ વાહલા; સુહા સુહા મોહે ગુમાવા ...(૧)
ભૂલ્યો ચાર ગતિ મેં ભટકે; ઘર ઘર ભીખ ભિખારી;
ઉપશમ રસરસું શું ન બુઝાવે; એ છીપી ચિનગારી ...(૨)
ઇન્દ્ર - ચન્દ્ર - નાગેન્દ્ર - વિદ્યાધર, તાકું સેવા પ્યારી;
રૂપવિબુધનો મોહન પલટ્યો; આપગાત કી ગત ન્યારી...(૩)

❊ પાઉડા જિનચરણની સેવા

પાઉડા જિનચરણની સેવા, મીઠી મોહે લાગી,
પ્યારી મોહે લાગી, સમકીત સૂરજ કિરણ રવિ ઉદયો,
જીવન શીં નવ જાગે. ...(૧)
વિષયા તરૂણા દૂર ઉલેચી, ભક્તિ પડી છે ઠાગે,
અંતર દીવડું ભોગ ઉઘાડી, ઘન ઘડીયાળાં વાગે. ...(૨)
સમકીત સોહાગણ સખી ચેતનને, સમજાવે મન રાગે,
તારી ભક્તિ મુક્તિને આપે, દુઃખ દોહગને કાપે....(૩)
રૂપવિબુધ કવિ ચરણ રસાલો, મોહન અનુભવ માગે,
પાઉડા જિનચરણની સેવા, મીઠી મોહે લાગી. ...(૪)

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં પાંચમું સ્વપ્ન પુષ્પમાળા.



મંદારનાં તાજાં ફૂલોથી ગુંથેલી તથા બધી ઋતુઓમાં વિકસ્વર એવા શ્વેત ફૂલો વચ્ચે અને કયાંક કયાંક બહુરંગી ફૂલો વડે ગુંફિત એવી પુષ્પમાળા આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળ પોતાના સુરભિત એવં બહુજનમોહક અપ્રતિમ ગુણો વડે જગતના પ્રત્યેક જીવો દ્વારા પ્રતિદિન પૂજનીય બનશે.



: ભક્તિ એ મુક્તિની દૂતી છે. :

જ્ઞાનનું મૂળ ભક્તિ છે - ભક્તિનું મૂળ ભગવાન છે.
ભક્તિ એ દૈવીતત્ત્વ છે, જેનું સાધન વિરક્તિ છે.
ભક્તિતત્ત્વ વર્ણનનો વિષય નથી, એ સમજવું જ ખરું જ્ઞાન છે અને
સર્વ જીવોનું ભલું ઈચ્છવું, એ શ્રેષ્ઠ ભક્તિ છે.
જીવની નાની-મોટી એવી બે બહેનો ભક્તિ અને દયા છે.
આખી દુનિયા દયા માટે તલસી રહી છે, તેને તૃપ્ત કરો!

www.fiestadesigns.in